
કલાપૂર્ણ સ્વાધ્યાય ૨૨

# યોગશાસ્ત્ર

પ્રકાશ-૪ અર્થસહિત



સંપાદક

પૂ. મુનિશ્રી અમિતયશવિજયજી મ.સા.

।। શ્રી મહાવીરાય નમઃ ।।

।। શ્રી પદ્મ-જીત-હીર-કનક-દેવેન્દ્ર-
કંચન-કલાપૂર્ણસૂરિ સદ્ગુરુભ્યો નમઃ ।।

## કલાપૂર્ણ સ્વાધ્યાય

# યોગશાસ્ત્ર

દિવ્યાશિષ દાતા
પૂ.આ.શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.

શુભાશિષ દાતા
પૂ.આ.શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ.સા.

સંપાદક
મુનિશ્રી અમિતયશવિજયજી મ.સા.

પુસ્તક : યોગશાસ્ત્ર

નકલ : ૫૦૦

કિંમત : રૂા. ૧૧/-

સહાયક : તપસ્વી સેવાભાવી પૂ.મુ.શ્રી આગમયશ વિ. મ.સા.

શુભ આલંબન : ચકાલા સંઘમાં થયેલ ૨૦૬૦ના ચાર્તુમાસ પ્રસંગે, અંધેરી (ઈસ્ટ)

મુદ્રક : હિતેન શાહ
ફોન : ૨૬૭૧ ૪૬૦૩

નોંધ : આ પુસ્તક શ્રી કોલડુંગરી જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘની શ્રાવિકા બહેનો તરફથી પ.પૂ.આ.ભ. શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તિની માતૃહૃદયા સા.શ્રી સુનંદાશ્રીના શિષ્યા વર્ધમાનતપની ૯૯ મી ઓળીના આરાધિકા સા.શ્રી સુશીલગુણાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી છપાયેલ છે. ગૃહસ્થે તેની કિંમત જ્ઞાનખાતામાં રાખીને ઉપયોગ કરવો.

# પ્રસ્તાવના

પરમાત્માનું શાસન પરમ પુણ્યોદયે પ્રાપ્ત થયું છે. જીવનમાં જ્ઞાનની સતત જરૂર છે. જે આત્મા જ્ઞાન ધ્યાનમાં મસ્ત રહે છે તે આત્મા કર્મોને ખપાવી શકે છે. આ પુસ્તકમાં યોગશાસ્ત્ર ચાર પ્રકાશ અર્થ સહિત આપવામાં આવ્યા છે. આ પુસ્તક શ્રી હર્ષ પુષ્પામૃત જૈન ગ્રન્થમાલાના આધારે છાપવામાં આવ્યું છે. તેમનો ઉપકાર પણ ભૂલાય તેમ નથી.

જિનાજ્ઞા વિરૂદ્ધ કંઈ છપાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડં. પ્રેસાદિ દોષો સુધારીને વાંચશો.

જૈન ઉપાશ્રય<br>
ચકાલા ચાર્તુમાસ<br>
આ.વ. ૮, ૨૦૬૦

મુનિ અમિતયશ વિ.

# અનુક્રમણિકા


| વિષય | શ્લોક | પૃષ્ઠ |
|---|---|---|
| **।।૧।। પ્રથમ પ્રકાશ** | | |
| મંગલાચરણ અને પ્રસ્તાવના | ૧–૫ | ૯ |
| યોગનું માહાત્મ્ય | ૬–૧૪ | ૧૧ |
| યોગનું સ્વરૂપ | ૧૫–૧૮ | ૧૪ |
| મહાવ્રતો | ૧૯–૨૪ | ૧૫ |
| મહાવ્રતની ભાવના | ૨૫–૩૩ | ૧૮ |
| સમિતિ અને ગુપ્તિનું સ્વરૂપ | ૩૪–૪૬ | ૨૧ |
| માર્ગાનુસારીના ૩૫ ગુણો | ૪૭–૫૬ | ૨૫ |
| **।।૨।। દ્વિતીય પ્રકાશ** | | |
| બાર વ્રતો | ૧ | ૨૯ |
| સમ્યક્ત્વ અને મિથ્યાત્વનું સ્વરૂપ | ૨–૩ | ૨૯ |
| દેવ કુદેવનું સ્વરૂપ | ૪–૭ | ૩૦ |
| ગુરૂ કુગુરૂનું સ્વરૂપ | ૮–૧૦ | ૩૧ |

| | | |
|---|---|---|
| ધર્મ અધર્મનું સ્વરૂપ | ૧૧–૧૩ | ૩૨ |
| કુદેવ કુગુરૂ અને કુધર્મની ચેષ્ટા | ૧૪ | ૩૩ |
| સમ્યક્ત્વના લક્ષણો તથા અતિચાર | ૧૫–૧૭ | ૩૪ |
| અહિંસા સ્વરૂપ–વ્રત ૧ લું | ૧૮–૫૨ | ૩૫ |
| મૃષાવાદનું ત્યાગ સ્વરૂપ–વ્રત ૨ જું | ૫૩–૬૪ | ૪૬ |
| અદત્તાદાન ત્યાગ સ્વરૂપ–વ્રત ૩ જું | ૬૫–૭૫ | ૫૧ |
| મૈથુન ત્યાગ સ્વરૂપ–વ્રત ૪ થું | ૭૬–૮૮ | ૫૪ |
| વેશ્યાથી થતા દોષો | ૮૯–૯૭ | ૫૯ |
| પરસ્ત્રી સેવનારનું તથા નહિ સેવનારનું સ્વરૂપ | ૯૮–૧૦૫ | ૬૨ |
| ઇચ્છા અને પરિગ્રહના નિયમનું સ્વરૂપ–વ્રત ૫ મું | ૧૦૬–૧૧૫ | ૬૪ |

## ।।૩।। તૃતીય ગુણાવ્રત પ્રકાશ

| | | |
|---|---|---|
| દિશાનો નિયમ–વ્રત ૬ | ૧–૩ | ૬૮ |
| ભોગોપભોગ પરીમાણાવ્રત ૭ મું ગુણાવ્રત | ૪–૭ | ૬૯ |
| મદિરાથી થતાં દોષો | ૮–૧૭ | ૭૧ |
| માંસ ખાવાથી દોષો | ૧૮–૩૩ | ૭૪ |

| | | |
|---|---|---|
| મધ ખાવાથી દોષો | ૩૪–૪૧ | ૮૦ |
| ઉદુમ્બર આદિ ખાવાથી દોષો | ૪૨–૪૮ | ૮૨ |
| રાત્રિ ભોજન કરવાથી દોષો | ૪૯–૭૦ | ૮૫ |
| દ્વિદળ ખાવાથી દોષ | ૭૧–૭૨ | ૯૨ |
| અનર્થદંડવિરતિ–વ્રત ૮ મું | ૭૪–૮૨ | ૯૩ |
| ૯ સામાયિક વ્રત | ૮૩–૮૪ | ૯૭ |
| ૧૦ દેશાવગાશિક | ૮૫ | ૯૭ |
| ૧૧ પૌષધવ્રત શિક્ષાવ્રત | ૮૬–૮૭ | ૯૮ |
| ૧૨ અતિથિસંવિભાગ | ૮૮–૮૯ | ૯૮ |
| પાંચ અણુવ્રતના અતિચાર | ૯૦–૯૬ | ૯૯ |
| ત્રણ ગુણાવ્રતના અતિચાર | ૯૭–૧૧૫ | ૧૦૨ |
| ચાર શિક્ષાવ્રતના અતિચાર | ૧૧૬–૧૧૯ | ૧૦૯ |
| મહાશ્રાવકપણું અને મહાશ્રાવકની દિનચર્યા | ૧૨૦–૧૩૧ | ૧૧૧ |
| શ્રાવકના મનોરથો | ૧૩૨–૧૪૮ | ૧૧૫ |
| શ્રાવકની છેવટની ક્રિયા | ૧૪૯–૧૫૬ | ૧૨૧ |

## ।।૪।। ચતુર્થ પ્રકાશ ।।


| | | |
|---|---|---|
| આત્મા ને જ્ઞાનદર્શન | | |
| ચારિત્રની અગત્ય | ૧–૪ | ૧૨૩ |
| સંસાર અને મોક્ષનું સ્વરૂપ | ૫ | ૧૨૫ |
| સંસારના કારણભૂત કષાયોનું સ્વરૂપ | ૬–૨૩ | ૧૨૫ |
| કષાયના કારણભૂત ઇંદ્રિયોનું સ્વરૂપ | ૨૪–૩૪ | ૧૩૧ |
| મન:શુદ્ધિની જરૂર | ૩૫–૪૬ | ૧૩૪ |
| રાગદ્વેષને જીતવાનો ઉપાય | ૪૭–૪૯ | ૧૩૮ |
| સમભાવનું સ્વરૂપ | ૫૦–૫૬ | ૧૩૯ |
| બારે ભાવનાનું સ્વરૂપ | ૫૭–૧૦૯ | ૧૪૨ |
| ધ્યાન અને તેનું સ્વરૂપ | ૧૧૦–૧૧૬ | ૧૫૯ |
| મૈત્રી આદિ ભાવના | ૧૧૭–૧૨૨ | ૧૬૨ |
| આસનોનું સ્વરૂપ | ૧૨૩–૧૩૬ | ૧૬૪ |

अर्हम्

कलिकालसर्वज्ञ पू.आ. श्री हेमचन्द्रसूरीश्वर रचितं

# श्री योगशास्त्रम्

(तस्य गूर्जरानुवादश्च)

## ।।१।। प्रथमः प्रकाशः ।।

नमो दुर्वाररागादिवैरिवारनिवारिणे।
अर्हते योगिनाथाय, महावीराय तायिने ।।१।।

દુ:ખે વારી શકાય એવા રાગ વગેરે શુત્રઓના સમૂહને દૂર કરનાર, તથા જગત્નું રક્ષણ કરનાર, યોગીઓના નાથ, અર્હત શ્રીમહાવીરપ્રભુને નમસ્કાર હો. ૧.

पन्नगे च सुरेंद्रे च, कौशिके पादसंस्पृशि।
निर्विशेषमनस्काय, श्रीवीरस्वामिने नम : ।।२।।

ડસવા માટે પગને સ્પર્શ કરનાર (ચંડ) કૌશિક સર્પ ઉપર અને કૌશિક એવા દેવેન્દ્ર ઉપર જેનું સમાન ચિત્ત છે એવા વીરસ્વામીને નમસ્કાર થાઓ. ૨.

कृतापराधेऽपि जने, कृपामन्थरतारयो:।
ईषद्बाष्पार्द्रयोर्भद्रं श्रीवीरजिननेत्रयो: ।।३।।

અપરાધ કરનારા પ્રાણી (સંગમાદિ) ઉપર પણ કરૂણાથી અતિનમ્ર અને આંસુથી કંઈક ભિંજાએલા એવા શ્રી વીર જિનેશ્વરના નેત્રોનું કલ્યાણ થાઓ.૩.

श्रुतांभोधेरधिगम्य, सम्प्रदायाच्च सद्गुरो:।
स्वसंवेदनतश्चापि, योगशास्त्रं विरच्यते ।।४।।

શ્રુત રૂપ સમુદ્રમાંથી અને સદ્ગુરૂના સંપ્રદાયથી તથા પોતાના અનુભવથી પણ જાણીને, આ યોગશાસ્ત્ર રચાય છે. ૪.

## (प्रस्तावना)

योगः सर्वविपद्वल्लीविताने परशुः शितः।
अमूलमंत्रतंत्रं च, कार्मणं निर्वृतिश्रियः ।।५।।

**સર્વ વિપત્તિ રૂપી વેલોના વિસ્તારમાં તીક્ષ્ણ કુહાડા સમાન યોગ છે, અને મોક્ષ લક્ષ્મીનું મૂળ મંત્ર અને તત્રં વિનાનું કામણ છે. ૫.**

भूयांसोऽपि हि पाप्मानः, प्रलयं यान्ति योगतः।
चंडवाताद् घनघना, घनाघनघटा इव ।।६।।

**જેમ ગાઢ મેઘની ઘટા પ્રચંડ વાયુથી વિખરાઈ જાય છે, તેમ યોગથી ઘણાં પાપો પણ નાશ પામે છે. ૬.**

क्षिणोति योगः पापानि, चिरकालार्जितान्यपि।
प्रचितानि यथैधांसि, क्षणादेवाशुशुक्षणिः ।।७।।

**એકઠાં કરેલા લાકડા જેમ પ્રબળ અગ્નિ ક્ષણવારમાં બાળી નાખે છે, તેમ લાંબા કાળથી ઉપાર્જેલા પાપો પણ યોગ ક્ષય કરે છે. ૭.**

कफविप्रुण्मलामर्शसर्वौषधिमहर्द्धय:।
संभिन्नस्रोतोलब्धिश्च, योगतांडवडंबरं ।।८।।

**કફ, ઝાડો, મેલ અને હસ્ત સ્પર્શ તે એકેક તથા બધાં ઔષધિ રૂપ થાય જેનાથી તેવી લબ્ધિઓ અને સંભિન્ન શ્રોતલબ્ધિ (બધી ઇંદ્રિયના વિષય જણાય) એ યોગનો જ મહિમા છે. ૮.**

चारणाशीविषावधिमन: पर्यायसंपद:।
योगकल्पद्रुमस्यैता, विकाशिकुसुमाश्रिय: ।।९।।

**ચારણ લબ્ધિ, આશીવિષલબ્ધિ, અવધિજ્ઞાન અને મન :પર્યવ જ્ઞાનની સંપત્તિઓએ યોગરૂપી કલ્પવૃક્ષના વિકસીત પુષ્પોની શોભા છે. ૯.**

अहो योगस्य माहात्म्यं, प्राज्यं साम्राज्यमुद्वहन्।
अवाप केवलज्ञानं भरतो भरताधिप: ।।१०।।

**અહો (શું?) યોગનું માહાત્મ્ય! (કે જથી) વિસ્તૃત સામ્રાજ્યને ધારણ કરતા ભરતક્ષેત્રના સ્વામી ભરતચક્રી કેવળજ્ઞાન પામ્યા. ૧૦.**

पूर्वमप्राप्तधर्माऽपि, परमानन्दनन्दिता।
योगप्रभावतः प्राय, मरूदेवा परं पदम् ।।११।।

પૂર્વે ધર્મ નહિ પામેલા મરૂદેવી માતા પણ યોગના પ્રભાવથી પરમાનંદથી આનંદીત થઈ મોક્ષપદ પામ્યા. ૧૧.

ब्रह्मस्त्रीभ्रूणगोघातपातकान्नरकातिथेः।
दृढप्रहारिप्रभृतेर्योगो हस्तावलम्बनम् ।।१२।।

બ્રાહ્મણ, સ્ત્રી, બાળક અને ગાયનો ઘાત કરવાના પાપથી નરકના અતિથિ દઢપ્રહારી વિગેરેને સદ્ગતિ જવામાં યોગ જ હસ્તાવલમ્બનભૂત થયો. ૧૨.

तत्कालकृतदुष्कर्मकर्मठस्य दुरात्मनः।
गोप्त्रे चिलातिपुत्रस्य, योगाय स्पृहयेन्न कः ।।१३।।

તત્કાળ દુષ્કર્મ કરવામાં તત્પર દુરાત્મા ચિલાતી પુત્રનું રક્ષણ કરનાર યોગની કોણ સ્પૃહા ન કરે ? ૧૩.

तस्याजननिरेवास्तु, नृपशोर्मोघजन्मनः।
अविद्धकर्णो यो योग, इत्यक्षरशलाकया ॥१४॥

**"યોગ" એવા અક્ષર રૂપ શલાકાથી જેના કાન વીંધાયા નથી એવા નિષ્ફળ જન્મવાળા તે નરપશુનો જન્મ જ ન થવો જોઈએ. ૧૪.**

## (योगमहिमा)

चतुर्वर्गेऽग्रणीर्मोक्षो, योगस्तस्य च कारणं।
ज्ञानश्रद्धानचारित्ररूपं रत्नत्रयं च सः ॥१५॥

**ચાર વર્ગોમાં મોક્ષ મુખ્ય છે, અને તેનું કારણ યોગ છે; તથા તે યોગ જ્ઞાન, શ્રદ્ધા ને ચારિત્ર રૂપ રત્નત્રય છે. ૧૫.**

## (योगस्वरूपं)

यथावस्थिततत्त्वानां, संक्षेपाद्विस्तरेण वा।
योऽवबोधस्तमत्राहुः, सम्यग्ज्ञानं मनीषिणः ॥१६॥

સંક્ષેપથી કે વિસ્તારથી યથાર્થ તત્ત્વોનો જે બોધ તેને પંડિતો સમ્યગ્ જ્ઞાન કહે છે. ૧૬

रूचिर्जिनोक्ततत्त्वेषु, सम्यक्श्रद्धानमुच्यते।
जायते तन्निसर्गेण, गुरोरधिगमेन वा ॥१७॥

જિનેશ્વરે કહેલા તત્ત્વોમાં રૂચિ તે સમ્યક્ શ્રદ્ધાન કહેવાય છે. તે શ્રદ્ધાન સ્વભાવથી અથવા ગુરૂના ઉપદેશાથી થાય છે. ૧૭.

सर्वसावद्ययोगानां, त्यागश्चारित्रमिष्यते।
कीर्तितं तदहिंसादिव्रतभेदेन पञ्चधा ॥१८॥

સર્વ સાવદ્યયોગોનો ત્યાગ તે ચારિત્ર કહેવાય છે, તે ચારિત્ર અહિંસાવ્રતાદિના ભેદથી પાંચ પ્રકારે કહ્યું છે. ૧૮.

अहिंसासूनृतास्तेयब्रह्मचर्यापरिग्रहाः।
पञ्चभिः पञ्चभिर्युक्ता, भावनाभिर्विमुक्तये ॥१९॥

અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય ને અપરિગ્રહ (એ પાંચ મહાવ્રતો) પાંચ પાંચ ભાવનાએ યુક્ત મુક્તિને અર્થે થાય છે. ૧૯.

न यत्प्रमादयोगेन, जीवितव्यपरोपणं।
त्रसानां स्थावराणां च, तदहिंसाव्रत मतं ।।२०।।

જે પ્રમાદના યોગથી ત્રસ અને સ્થાવર જીવોના જીવિતનો નાશ ન કરવો તેને (વિદ્વાનોએ) અહિંસા વ્રત માનેલું છે. ૨૦.

प्रियं पथ्यं वचस्तथ्यं, सूनृतव्रतमुच्यते।
तत्तथ्यमपि नो तथ्यमप्रियं चाहिंत च यत् ।।२१।।

પ્રિય, હિતકારી અને સત્ય બોલેલું તે સત્ય વ્રત કહેવાય છે. પરન્તુ અપ્રિય અહિતકારી એવું જો સત્ય હોય તો પણ તે સત્ય નથી. ૨૧.

अनादानमदत्तस्यास्तेयव्रतमुदीरितम्।
बाह्या: प्राणा नृणमर्थो, हरता तं हता हि ते ।।२२।।

આપ્યા વિના ન લેવું તે અસ્તેય વ્રત કહેલું છે. દ્રવ્ય એ મનુષ્યોના બાહ્ય પ્રાણો છે. તેથી ધન હરણ કરતાં પ્રાણો હર્યા જ સમજવા. ૨૨.

दिव्यौदारिककामानां, कृतानुमतिकारितैः।
मनोवाक्कायतस्त्यागो, ब्रह्माष्टादशधा मतम् ।।२३।।

દૈવ સંબંધી અને ઔદારિક (મનુષ્યતિર્યંચ) સંબંધી વિષયોનો મન વચન અને કાયાથી કરવા કરાવવા ને અનુમોદવા સંબંધી ત્યાગ તે બ્રહ્મચર્ય વ્રત અઢાર પ્રકારે માનેલું છે. ૨૩.

सर्वभावेषु मूर्छायास्त्यागः स्यादपरिग्रहः।
यदसत्स्वपि जायेत, मूर्च्छया चित्तविप्लवः ।।२४।।

સર્વ પદાર્થો ઉપર મૂર્છાનો ત્યાગ તે અપરિગ્રહ વ્રત કહેવાય કારણકે અછતા પદાર્થો ઉપર પણ મૂર્છાથી ચિત્ત વિકારો થાય. ૨૪

## (महाव्रतानि)

भावनाभिर्भावितानि, पञ्चभिः क्रमात्।
महाव्रतानि नो कस्य ?, साधयन्त्यव्ययं पदम् ॥२५॥

**અનુક્રમે પાંચ પાંચ ભાવનાઓથી ભાવીત મહાવ્રતો કોને મોક્ષપદ ન સાધી આપે ? ૨૫.**

मनोगुप्त्येषणादानैर्याभिः समितिभिः सदा।
दृष्टान्नपानग्रहणेनाहिंसां भावयेत्सुधीः ॥२६॥

**મનોગુપ્તિ એષણાસમિતિ, આદાનનિક્ષેપણાસમિતિ ઈર્યાસમિતિ અને અન્નપાન જોઈને લેવાથી (પંડિતજન) અહિંસાવ્રતને ભાવે. (પાળે) ૨૬.**

हास्यलोभभयक्रोधप्रत्याख्यानैर्निरन्तरम्।
आलोच्य भाषणेनापि, भावयेत्सूनृतं व्रतम् ॥२७॥

**હાસ્ય, લોભ, ભય અને ક્રોધનો ત્યાગ કરવાથી તથા હમ્મેશાં વિચારીને બોલવાથી સત્યવ્રતની ભાવના (પાલન) કરે. ૨૭.**

आलोच्यावग्रहयाञ्चाभीक्ष्णावग्रहयाचनम्।
एतावन्मात्रमेवैतदित्यवग्रहधारणं ।।२८।।

વિચારીને અવગ્રહની યાચના, વારંવાર અવગ્રહ માગવો, આટલોજ અવગ્રહ એવો અવગ્રહનો નિશ્ચય કરવો. ૨૮.

समानधार्मिकेभ्यश्च, तथावग्रहयाचनम्।
अनुज्ञापितपानान्नाशनमस्तेयभावना: ।।२९।।

પહેલાં રહેલા સાધુ પાસેથી અવગ્રહ માગવો તથા (ગુરૂએ) આજ્ઞા આપેલા અન્ન પાન વાપરવા (આ પાંચ) અસ્તેય વ્રતની ભાવના. ૨૯.

स्त्रीषंढपशुमद्वेश्मासनकुड्यान्तरोज्झनात्।
सरागस्त्रीकथात्यागात्, प्राग्रतस्मृतिवर्जनात् ।।३०।।

સ્ત્રી, નપુંસક અને પશુવાળા ઘર તથા આસનનો ત્યાગ કરવાથી, ભીંતના આંતરે પણ રાગયુક્ત સ્ત્રી કથાનો ત્યાગ કરવાથી, અને પૂર્વે અનુભવેલ વિષયોને યાદ ન કરવાથી. ૩૦.

स्त्रीरम्योंगेक्षणस्वांगसंस्कारपरिवर्जनात् ।
प्रणीतात्यशनत्यागाद्, ब्रह्मचर्यं च भावयेत् ।।३१।।

**સ્ત્રીના મનોહર અંગ જોવાનો ત્યાગ, પોતાના શરીરે સંસ્કારનો ત્યાગ કરવાથી, ને પ્રમાણથી વધારે તેમજ પુષ્ટ આહારનો ત્યાગ કરવાથી બ્રહ્મચર્યની ભાવના કરે. ૩૧.**

स्पर्शे रसे च गन्धे च, रूपे शब्दे च हारिणि।
पञ्चस्वितीन्द्रियार्थेषु, गाढं गार्ध्यस्य वर्जनम् ।।३२।।

**સ્પર્શ, રસ, ગન્ધ, રૂપ અને શબ્દ એ મનોહર ઇન્દ્રિયોના વિષયોમાં અત્યન્ત ગૃદ્ધિનો ત્યાગ. ૩૨.**

एतेष्वेवामनोज्ञेषु, सर्वथा द्वेषवर्जनम्।
आकिञ्चन्यव्रतस्यैवं, भावनाः पञ्च कीर्तिताः ।।३३।।

**તેમજ એ પાંચે અનિષ્ટ વિષયોમાં દ્વેષનો સર્વથા ત્યાગ. એ પ્રમાણે અપરિગ્રહ વ્રતની પાંચ ભાવનાઓ કહેલી છે. ૩૩.**

## (व्रतभावना:)

अथवा पञ्चसमितिगुप्तित्रयपवित्रितम्।
चरित्रं सम्यक्चारित्रमित्याहुर्मुनिपुंगवा: ॥३४॥

**પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી પવિત્ર જે આચરણ તેને શ્રેષ્ઠમુનિઓ સમ્યક્ચારિત્ર કહે છે. ૩૪.**

ईर्याभाषैषणादाननिक्षेपोत्सर्गसंज्ञिका: ।
पञ्चाहु: समीतिस्तिस्रो, गुप्तीस्त्रियोगनिग्रहात् ॥३५॥

**ઈર્યા સમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનનિક્ષેપણાસમિતિ, ને પારિઠાવણીઆ સમિતિ એ પાંચ સમિતિ, તથા ત્રણ યોગનો નિગ્રહ કરવાથી ત્રણ ગુપ્તિ થાય. ૩૫.**

लोकातिवाहिते मार्गे, चुम्बिते भास्वदंशुभि:।
जन्तुरक्षार्थमालोक्य, गतिरीर्या मता सताम् ॥३६॥

**સૂર્યના કિરણોથી સ્પર્શાએલા અને લોકો જ્યાંથી**

ચાલેલા હોય એવા માર્ગે જીવોની રક્ષા માટે જોઈને ચાલવું તે સત્પુરૂષોએ ઈર્યા સમિતિ માનેલી છે. ૩૬

अवद्यत्यागत: सार्वजनीनं मितभाषणं।
प्रिया वाचंयमानां सा, भाषासमितिरूच्यते ।।३७।।

પાપરહિત સર્વ જીવોને હિતકારી અને પ્રમાણોપેત બોલવું તે મુનિઓને પ્રિય ભાષાસમિતિ કહેવાય છે. ૩૭.

द्विचत्वारिंशता भिक्षादोषैर्नित्यमदूषितम्।
मुनिर्यदन्नमादत्ते, सैषणासमितिर्मता ।।३८।।

નિત્ય ભિક્ષાના બેંતાળીસદોષથી રહિત જે અન્ન મુનિ ગ્રહણ કરે તે એષણાસમિતિ માનેલી છે. ૩૮.

आसनादीनि संवीक्ष्य, प्रतिलिख्य च यत्नत:।
गृह्णीयान्निक्षिपेद्वा यत्सादानसमितिर्मता ।।३९।।

આસન વિગેરે જોઈને તથા યત્નથી પુંજીને ગ્રહણ કરે અથવા મૂકે તે આદાનસમિતિ કહી છે. ૩૯.

कफमूत्रमलप्रायं, निर्जन्तुजगतीतले।
यत्नाद्यदुत्सृजेत्साधु:, सोत्सर्गसमितिर्भवेत् ।।४०।।

**કફ મૂત્ર મળ અને તેના જેવી બીજી વસ્તુ નિર્જીવ ભૂમિ ઉપર સાધુ તજે તે ઉત્સર્ગસમિતિ કહેવાય. ૪૦.**

विमुक्तकल्पनाजालं, समत्वे सुप्रतिष्ठितम्।
आत्मारामं मनस्तज्ज्ञैर्मनोगुप्तिरूदाहृता ।।४१।।

**કલ્પના જાળથી રહિત, સમભાવમાં સારી રીતે સ્થિર આત્મારામને પામેલું મન તે તેના જાણનારાઓએ (જ્ઞાનીઓએ) મનોગુપ્તિ કહી છે. ૪૧.**

संज्ञादिपरिहारेण, यन्मौनस्यावलम्बनम्।
वाग्वृत्ते: संवृतिर्वा या, सा वाग्गुप्तिरिहोच्यते ।।४२।।

**દઢસંજ્ઞાદિનો ત્યાગ કરવાથી જે મૌન ગ્રહણ કરવું, અથવા વાણીની વૃત્તિને નિયમમાં રાખવી તે અહીં વચન ગુપ્તિ કહેવાય છે. ૪૨.**

उपसर्गप्रसंगेऽपि, कायोत्सर्गजुषो मुनेः।
स्थिरीभावः शरीरस्य, कायगुप्तिर्निगद्यते ।।४३।।

**કાર્યોત્સર્ગયુક્તમુનિને ઉપસર્ગના પ્રસંગે પણ શરીરનો ભાવ (નિશ્ચલતા) તે કાયગુપ્તિ કહેવાય છે. ૪૩.**

शयनासननिक्षेपादानचंक्रमणेषु च।
स्थानेषु चेष्टानियमः, कायगुप्तिस्तु सापरा ।।४४।।

**શયન, આસન, મૂકવું, લેવું અને જવું તથા રહેવામાં જે ચેષ્ટાનો નિયમ તે બીજી (રીતે) કાયગુપ્તિ છે.૪૪.**

## (समितिगुप्तयः)

एताश्चारित्रगात्रस्य, जननात्परिपालनात्।
संशोधनाच्च साधूनां, मातरोऽष्टौ प्रकीर्तिताः ।।४५।।

**ચારિત્રના શરીરને ઉત્પન્ન કરવાથી, પાલન કરવાથી અને શોધન કરવાથી એ આઠને સાધુઓની માતાઓ કહેલી છે. ૪૫.**

सर्वात्मना यतीन्द्राणामेतच्चारित्रमीरितम्।
यतिधर्मानुरक्तानां, देशतः स्यादगारिणाम् ।।४६।।

**એ (ઉપરોક્ત) સર્વાત્મપણે ચારિત્ર મુનિઓને કહ્યું છે, અને મુનિધર્મમાં અનુરક્ત એવા ગૃહસ્થોને તે દેશથી હોય. ૪૬.**

न्यायसंपन्नविभवः, शिष्टाचारप्रशंसकः।
कुलशीलसमैः सार्धं कृतोद्वाहोऽन्यगोत्रजैः ।।४७।।

**ન્યાયથી દ્રવ્ય મેળવનાર. ૧ શિષ્ટ આચારની પ્રશંસા કરનાર. ૨ સમાન કુળશીળવાળા અન્ય ગોત્રવાળાની સાથે વિવાહ કરનાર. ૩. ૪૭.**

पापभीरूः प्रसिद्धं च, देशाचरं समाचरन्।
अवर्णवादी न क्वाऽपि, राजादिषु विशेषतः ।।४८।।

**પાપથી ડરનાર. ૪ દેશના પ્રસિદ્ધ આચારને પાળનાર. ૫ કદીપણ નિન્દા ન કરનાર, રાજા વિગેરેની વિશેષ કરી નિન્દા ન કરનાર. ૬. ૪૮.**

अनतिव्यक्तगुप्ते च, स्थाने सुप्रातिवेश्मिके।
अनेकनिर्गमद्वारविवर्जितनिकेतनः ॥४९॥

અતિ પ્રગટ નહિ અને અતિ ગુપ્ત નહિ, તથા સારા પાડોશીવાળા સ્થાનમાં, ઘણા નીકળવાના દ્વાર રહિત એવા ઘરમાં રહેનારા. ૭. ૪૯

कृतसंगः सदाचारैर्मातापित्रोश्च पूजकः।
त्यजन्नुपप्लुतं स्थानमप्रवृत्तश्च गर्हिते ॥५०॥

સદાચારવાળાઓની સોબત કરનાર. ૮ માતા પિતાની પૂજા કરનાર. ૯ ઉપદ્રવવાળા સ્થાનકનો ત્યાગ કરનાર. ૧૦ અને નિન્દિત કાર્યમાં નહિ પ્રવર્તનાર. ૧૧. ૫૦

व्ययमायोचितं कुर्वन्, वेषं वित्तानुसारतः।
अष्टभिर्धीगुणैर्युक्तः, शृण्वानो धर्ममन्वहम् ॥५१॥

આવક પ્રમાણે ખર્ચ કરનાર. ૧૨ દ્રવ્યને અનુસારે વેષ રાખનાર. ૧૩ બુદ્ધિના આઠ ગુણોએ યુક્ત. ૧૪ અને નિરન્તર ધર્મ સાંભળનાર. ૧૫. ૫૧.

अजीर्णे भोजनत्यागी, काले भोक्ता च सात्म्यत:।
अन्योऽन्याप्रतिबन्धेन, त्रिवर्गमपि साधयन् ।।५२।।

અજીર્ણમાં ભોજન નહિ કરનાર. ૧૬ યોગ્યકાળે શાન્તિથી જમનાર. ૧૭. એક બીજાને હરકત ન આવે તેમ ત્રણે વર્ગને સાધનાર. ૧૮. ૫૨.

यथावदतिथौ साधौ, दीने च प्रतिपत्तिकृत्।
सदानभिनिविष्टश्च, पक्षपाती गुणेषु च ।।५३।।

અતિથિ, સાધુ અને દીન જનની યથાયોગ્ય ભક્તિ કરનાર. ૧૯. હંમેશાં અભિનિવેશ રહિત. ૨૦. અને ગુણોમાં પક્ષપાતી ૨૧. ૫૩.

अदेशाकालयोश्चर्यां, त्यजन् जानन् बलाबलम्।
वृत्तस्थज्ञानवृद्धानां, पूजक: पोष्यपोषक: ।।५४।।

અયોગ્ય દેશકાળના આચારને ત્યાગનાર. ૨૨ બળાબળને જાણનાર. ૨૩ વ્રતમાં સ્થિત જ્ઞાનવૃધ્ધોને પૂજનાર. ૨૪ તથા પોષણ કરવા યોગ્ય (માતા પિતા પુત્રાદિ) નું પોષણ કરનાર. ૨૫. ૫૪.

दीर्घदर्शी विशेषज्ञः, कृतज्ञो लोकवल्लभः।
सलज्जः सदयः सौम्यः, परोपकृतिकर्मठः ॥५५॥

**દીર્ઘદર્શી. ૨૬ વિશેષને જાણનાર. ૨૭ કરેલા ગુણને જાણનાર. ૨૮ લોકોને પ્રિય. ૨૯ લજ્જાવાન્. ૩૦ દયાળુ શાન્ત. ૩૧, પરોપકાર કરનાર. ૩૨. ૫૫.**

अन्तरंगारिषड्वर्गपरिहारपरायणः।
वशीकृतेन्द्रियग्रामो, गृही धर्माय कल्पते ॥५६॥

**અન્તરંગ। છ (કામ, ક્રોધ લોભ, મદ, માન, હર્ષ) શત્રુના સમૂહને ત્યાગવામાં તત્પર, ૩૩ અને ઈન્દ્રિયોના સમુદાયને વશ કરનારા ૩૪ (જન) ગૃહસ્થ ધર્મને માટે (લાયક) મનાય છે. ૫૬.**

(इति मार्गानुसारिगुणाः)

इति श्रीयोगशास्त्रे प्रथमप्रकाशः सानुवादः ॥१॥

## ।।२।। अथ द्वितीयः प्रकाशः ।।

सम्यक्त्वमूलानि पञ्चाणुव्रतानि गुणास्त्रयः।
शिक्षापदानि चत्वारि, व्रतानि गृहमेधिनाम् ।।१।।

**સમ્યક્ત્વ મૂળ પાંચ અણુવ્રત, ત્રણ ગુણાવ્રત, ચાર શિક્ષાવ્રત, ગૃહસ્થોના એ બાર વ્રત છે. ૧.**

या देवे देवताबुद्धिर्गुरौ च गुरूतामतिः।
धर्मे च धर्मधीः शुद्धा, सम्यक्त्वमिदमुच्यते ।।२।।

**દેવમાં જે સાચી દેવત્વની બુદ્ધિ, ગુરૂને વિષે જે સાચી ગુરૂપણાની બુદ્ધિ અને ધર્મમાં શુદ્ધ ધર્મની બુદ્ધિ સમ્યકત્વ કહેવાય છે. ૨.**

अदेवे देवबुद्धिर्या, गुरूधीरगुरौ च या।
अधर्मे धर्मबुद्धिश्च, मिथ्यात्वं तद्विपर्ययात् ।।३।।

**દેવ ન હોય તેમાં દેવ બુદ્ધિ, ગુરૂ ન હોય તેમાં જે ગુરૂબુદ્ધિ તથા અધર્મમાં ધર્મબુદ્ધિ, તે વિપરીત હોવાથી મિથ્યાત્વ છે. ૩**

सर्वज्ञो जितरागादिदोषस्त्रैलोक्यपूजितः ।
यथास्थितार्थवादी च, देवोऽर्हन् परमेश्वरः ॥४॥

**સર્વજ્ઞ, દોષને જીતનાર, ત્રણેલોકથી પૂજીત, સત્ય અર્થને કહેનાર એવા અર્હન્ત પરમેશ્વર તે દેવ છે. ૪**

ध्यातव्योऽयमुपास्योऽयमयं शरणमिष्यताम् ।
अस्यैव प्रतिपत्तव्यं, शासनं चेतनाऽस्ति चेत् ॥५॥

**જો ચેતના હોય તો આ દેવજ ધ્યાન કરવા યોગ્ય છે. આ દેવનું જ શરણ ઈચ્છો અને આ દેવનીજ આજ્ઞા અંગીકાર કરો. ૫.**

ये स्त्रीशस्त्राक्षसूत्रादिरागाद्यंककलंकिताः ।
निग्रहानुग्रहपरास्ते देवाः स्युर्न मुक्तये ॥६॥

**જે દેવો સ્ત્રી શસ્ત્ર અક્ષસૂત્ર વિગેરે રાગના ચિન્હોથી કલંકિત છે અને લોકોને નુકશાન કરવામાં તત્પર છે. તે દેવો મુક્તિને માટે થાય નહિ. ૬.**

नाटयाट्टहाससंगीताद्युपप्लवविसंस्थुला: ।
लंभयेयु: पदं शान्तं, प्रपन्नान् प्राणिन: कथम्? ।।७।।

નાટ્ય, અટ્ટહાસ્ય અને સંગીત વિગેરે ઉપદ્રવોથી શિથિલ થએલા (દેવો) પોતાને આશ્રિત જીવોને કેવી રીતે શાન્ત પદ પમાડે ? ૭.

(इति देवकुदेवस्वरूपं)

महाव्रतधरा धीरा, भैक्षमात्रोपजीविन: ।
सामायिकस्था धर्मोपदेशका गुरवो मता: ।।८।।

મહાવ્રત ધારણ કરનાર, ધીર, ભિક્ષા માત્રથીજ નિર્વાહ કરનાર, સામાયિકમાં સ્થિર, અને ધર્મોપદેશ આપનારા જ ગુરૂ માનેલા છે. ૮.

सर्वाभिलाषिण: सर्वभोजिन: सपरिग्रहा: ।
अब्रह्मचारिणो मिथ्योपदेशा गुरवो न तु ।।९।।

સર્વ (વસ્તુ) ના અભિલાષી, સર્વ ભક્ષણ કરનાર,

પરિગ્રહ યુક્ત, બ્રહ્મચર્ય રહિત અને મિથ્યા ઉપદેશ આપનાર ગુરૂ ન જ કહેવાય. ૯.

परिग्रहारम्भमग्रास्तारयेयुः कथं परान्?।
स्वयं दरिद्रो न परमीश्वरीकर्तुमीश्वरः ।।१०।।

પરિગ્રહ અને આરંભમાં ડુબેલા (ગુરૂઓ) બીજાને કેવી રીતે તારી શકે? કેમકે પોતે દરિદ્રી બીજાને ધનવાન કરવાને શક્તિવાન ન થાય. ૧૦

(इति गुरुकुगुरुस्वरूपं)

दुर्गतिप्रपतत्प्राणिधारणाद्धर्म उच्यते।
संयमादिर्दशविधः, सर्वज्ञोक्तो विमुक्तये ।।११।।

દુર્ગતિમાં પડતા પ્રાણીનો બચાવ કરવાથી ધર્મ કહેવાય છે. તે સર્વજ્ઞે કહેલો સંયમાદિ દશ પ્રકારનો ધર્મ મુક્તિ અર્થે થાય છે. ૧૧

अपौरुषेयं वचनमसंभवि भवेद्यदि।
न प्रमाणं भवेद्वाचां, ह्याप्ताधीना प्रमाणता ।।१२।।

અપૌરૂષેય વચન હોયજ નહિ અને જો હોય તો તે પ્રમાણભૂત નહિ. કેમકે વાણીની પ્રમાણિકતા એ આપ્ત પુરૂષને આધીન છે. ૧૨

मिथ्यादृष्टिभिराम्नातो, हिंसाद्यैः कलुषीकृतः।
स धर्म इतिवित्तोऽपि, भवभ्रमणकारणम् ॥१३॥

મિથ્યાદષ્ટિઓએ પ્રવર્તાવેલો, ને હિંસાદિથી કલુષિત થએલો પણ 'ધર્મ' છે એમ વિચારાય તે પણ સંસાર ભમ્રણનું કારણ છે. ૧૩.

## (इति धर्मअधर्मस्वरूपं)

सरागोऽपि हि देवश्चेद्, गुरुरब्रह्मचार्यपि।
कृपाहीनोऽपि धर्मः स्यात्कष्ट नष्टं हहा जगत् ॥१४॥

સરાગી પણ જો દેવ મનાય, અને બ્રહ્મચર્ય વિનાના પણ ગુરૂ કહેવાય, તથા દયા રહિત પણ ધર્મ હોય તો અરેરે! આ જગત નાશ પામ્યું સમજવું. ૧૪.

शमसंवेगनिर्वेदानुकम्पास्तिक्यलक्षणैः।
लक्षणैः पञ्चभिः सम्यक्, सम्यक्त्वमुपलक्ष्यते ।।१५।।

**શમ, સંવેગ, નિર્વેદ, અનુકમ્પા અને આસ્તિકયરૂપ પાંચ લક્ષણોથી સમકિત સારી રીતે જાણી શકાય છે. ૧૫.**

स्थैर्यं प्रभावना भक्तिः, कौशलं जिनशासने।
तीर्थसेवा च पञ्चास्य, भूषणानि प्रचक्षते ।।१६।।

**સ્થિરતા, તીર્થની પ્રભાવના, ભક્તિ, જૈનશાસનમાં કુશળતા અને તીર્થની સેવા. એ પાંચ આ સમકિતના ભૂષણો કહેવાય છે. ૧૬.**

शंका कांक्षा विचिकित्सा, मिथ्यादृष्टिप्रशंसनम्।
तत्संस्तवश्च पंचापि, सम्यक्त्वं दूषयन्त्यमी ।।१७।।

**શંકા, કાંક્ષા, વિચિકિત્સા, મિથ્યાદષ્ટિની પ્રશંસા અને તેમનો અતિપરિચય આ પાંચે સમકિતને દૂષણ લગાડે છે. ૧૭.**

(इति सम्यक्त्वं)

विरतिः स्थूलहिंसादेर्द्विविधत्रिविधादिना।
अहिंसादीनि पञ्चाणुव्रतानि जगदुर्जिनाः ॥१८॥

સ્થૂલ હિંસાઆદિની દ્વિવિધે વિરતિ કરવી તેને જિનેશ્વરોએ અહિંસા વિગેરે પાંચ અણુવ્રતો કહ્યા છે. ૧૮.

पंगुकुष्ठिकुणित्वादि, दृष्ट्वा हिंसाफलं सुधीः।
निरागस्त्रसजन्तूनां-हिंसां संकल्पतस्त्यजेत् ॥१९॥

બુદ્ધિમાન પુરૂષે પાંગળાપણું, કોઢીયાપણું અને ઠુંઠાપણું એ હિંસા ફળનું જોઈને નિરપરાધી ત્રસજીવોની હિંસા સંકલ્પથી તજી દેવી. ૧૯.

आत्मवत्सर्वभूतेषु, सुखदुःखे प्रियाप्रिये।
चिन्तयन्नात्मनोऽनिष्टां, हिंसामन्यस्य नाचरेत् ॥२०॥

પોતાની પેઠે સર્વજીવોને સુખ પ્રિય ને દુઃખ અપ્રિય છે એમ વિચારતો પોતાને અનિષ્ઠ એવી હિંસા બીજાની કદિ પણ ન કરે. ૨૦.

निरर्थिकां न कुर्वीत, जीवेषु स्थावरेष्वपि।
हिंसामहिंसाधर्मज्ञः काङ्क्षन्मोक्षमुपासकः ।।२१।।

**મોક્ષને ઈચ્છનાર, અહિંસાધર્મને જાણનાર શ્રાવકે સ્થાવર જીવોની પણ નિરર્થક હિંસા ન કરવી. ૨૧.**

प्राणी प्राणितलोभेन, यो राज्यमपि मुञ्चति।
तद्वधोत्थमघं सर्वोर्वीदानेऽपि न शाम्यति ।।२२।।

**જે પ્રાણી જીવનના લોભથી રાજ્યને પણ મૂકી દે છે. તે પ્રાણીને મારવાથી ઉત્પન્ન થએલું પાપ આખી પૃથ્વીનું દાન આપવાથી પણ શાન્ત થતું નથી. ૨૨.**

वने निरपराधानां, वायुतोयतृणाशिनाम्।
निघ्नन् मृगाणां मांसार्थी, विशेष्येत कथं शुनः ।।२३।।

**વનમાં વાયુ, પાણી અને ઘાસ ખાનાર નિરપરાધી મૃગોને માનાર માંસાર્થી કુતરાથી વિશેષ કેમ કહી શકાય? ૨૩.**

दीर्यमाणः कुशेनापि, यः स्वांगे हन्त दूयते।
निर्मन्तून् स कथं जन्तूनंतयेन्निशितायुधैः ? ।।२४।।

ડાભના અગ્રભાગ વડે પણ જે પોતાના શરીરે દુખાય છે. અરે ! તે નિરપરાધી જીવોને તીક્ષ્ણ આયુધોથી કેમ નાશ કરતા હશે ? ૨૪.

निर्मातुं क्रूरकर्माणः, क्षणिकामात्मानो धृतिम्।
समापयन्ति सकलं, जन्मान्यस्य शरीरिणः ।।२५।।

ક્રૂર કર્મ કરનારાઓ પોતાને ક્ષણિક તૃપ્તિ કરવાને બીજા પ્રાણીઓના સમસ્ત જન્મનો નાશ કરે છે. ૨૫.

म्रियस्वेत्युच्यमानोऽपि, देही भवति दुःखितः।
मार्यमाणः प्रहरणैर्दारुणैः स कंथ भवेत् ? ।।२६।।

તું મરી જા એમ કહેવાથી પણ પ્રાણી દુઃખી થાય છે તો ભયંકર શસ્ત્રોથી મારતાં તે પ્રાણીને કેમ દુઃખ ન થાય ? ૨૬.

श्रूयते प्राणिघातेन, रौद्रध्यानपरायणौ।
सुभूमो ब्रह्मदत्तश्च, सप्तमं नरकं गतौ ।।२७।।

સંભળાય છે કે પ્રાણીના ઘાતથી રૌદ્રધ્યાનમાં તત્પર સુભૂમ અને બ્રહ્મદત્ત ચક્રવર્તિઓ સાતમી નરકે ગયા. ૨૭.

कुणिर्वरं वरं पंगुरशरीरी वरं पुमान्।
अपि संपूर्णसर्वांगो, न तु हिंसापरायणः ।।२८।।

પુરૂષ ઠુંઠો સારો, પાંગળો સારો અને ખરાબ શરીરવાળો પણ સારો; પરન્તુ સંપૂર્ણ સારા અંગવાળો હિંસા પરાયણ હોય તે સારો નહિ. ૨૮.

हिंसा विघ्नाय जायेत, विघ्नशान्त्यै कृतापि हि।
कुलाचारधियाप्येषा, कृता कुलविनाशिनी ।।२९।।

વિઘ્નની શાન્તિ માટે કરેલી હિંસા પણ વિઘ્નને માટે જ થાય છે; તથા કુળાચારની બુદ્ધિથી પણ કરેલી હિંસા કુળનો નાશ કરનારી થાય છે. ૨૯.

अपि वंशक्रमायातां, यस्तु हिंसां परित्यजेत्।
स श्रेष्ठः सुलस इव, कालसौकरिकात्मजः ।।३०।।

**વંશપરંપરાથી આવેલી હિંસાને પણ જે તજી દે છે તે કાળસૌકરિકના પુત્ર સુલસની પેઠે ઉત્તમ છે. ૩૦.**

दमो देवगुरुपास्तिर्दानमध्ययनं तपः।
सर्वमप्येतदफलं, हिंसां चेन्न परित्यजेत् ।।३१।।

**ઈન્દ્રિયદમન, દેવગુરૂની પૂજા, દાન, અધ્યયન અને તપ એ સર્વ જો હિંસાનો ત્યાગ ન કરે તો નિષ્ફળ છે. ૩૧.**

विश्वस्तो मुग्धधीर्लोकः, पात्यते नरकावनौ।
अहो नृशंसैर्लोभान्धैर्हिंसाशास्त्रोपदेशकैः ।।३२।।

**અરેરે! વિશ્વાસ પામેલા મુગ્ધબુદ્ધિવાળા જનોને નિર્દય અને લોભથી અન્ધ થએલા હિંસક શાસ્ત્રનો ઉપદેશ કરનારા નરક પૃથ્વીમાં પાડે છે. ૩૨.**

'यज्ञार्थं पशवः सृष्टा, स्वयमेव स्वयंभुवा।
यज्ञोऽस्य भूत्यै सर्वस्य, तस्माद्यज्ञे वधोवधः' ।।३३।।

બ્રહ્માએ પોતેજ પશુઓ યજ્ઞને માટે બનાવ્યાં છે. યજ્ઞ આ સર્વની આબાદી માટે છે, તેથી યજ્ઞમાં જે વધ છે તે વધ નથી. ૩૩.

'औषध्यः पशवो वृक्षास्तिर्यञ्चः पक्षिणस्तथा।
यज्ञार्थं निधनं प्राप्ताः, प्राप्नुवन्त्युच्छ्रितिं पुनः' ।।३४।।

ઔષધિઓ, પશુઓ, વૃક્ષો, તિર્યંચો અને પક્ષીઓ યજ્ઞને માટે નાશ પામ્યા હોય તો તે ફરીથી ઉચ્ચપણું પામે છે. ૩૪.

'मधुपर्के च यज्ञे च, पितृदैवतकर्माणि।
अत्रेव पशवो हिंस्या, नान्यत्रेत्यब्रवीन् मनुः' ।।३५।।

મધુપર્કમાં, યજ્ઞમાં, પિતૃ અને દેવ કાર્યમાં, આટલા સ્થાને જ પશુઓ મારવા બીજે નહિ એમ મનુએ કહ્યું છે. ૩૫.

'एष्वर्थेषु पशून् हिंसन्, वेदतत्त्वार्थविद् द्विजः।
आत्मानं च पशूंश्चैव, गमयत्युत्तमां गतिम्' ।।३६।।

એ ઉપર કહેલા કાર્યોમાં પશુઓને મારનાર વેદના તત્ત્વાર્થને જાણનાર બ્રાહ્મણ પોતાને તથા પશુઓને ઉત્તમ ગતિએ પહોંચાડે છે. ૩૬.

ये चक्रुः क्रूरकर्माणः, शास्त्रं हिंसोपदेशकम्।
क्व ते यास्यन्ति नरके ?,
नास्तिकेभ्योऽपि नास्तिकाः ।।३७।।

જે ક્રૂરકર્મ કરનારાઓ હિંસાના ઉપદેશવાળું શાસ્ત્ર રચે છે તે નાસ્તિકોથી પણ નાસ્તિક કઈ નરકમાં જશે ? ૩૭.

वरं वराकश्चार्वाको, योऽसौ प्रकटनास्तिकः।
वेदोक्तितापसच्छद्मच्छन्नं रक्षो न जैमिनिः ।।३८।।

બિચારો ચાર્વાક સારો છે કે જે પ્રગટ નાસ્તિક છે (પણ) વેદના વચનો બોલતો તાપસના દંભથી ગુપ્ત રાક્ષસ જેવો જૈમિની સારો નથી. ૩૮.

देवोपहारव्याजेन, यज्ञव्याजेन येऽथवा।
घ्नन्ति जंतून् गतघृणा, घोरां ते यान्ति दुर्गतिम्     ।।३९।।

**દેવોને બળિદાન આપવાના બહાનાથી અથવા યજ્ઞના બહાનાથી જેઓ નિર્દય થઈ જીવોને મારે છે તેઓ ઘોર દુર્ગતિમાં જાય છે. ૩૯.**

शमशीलदयामूलं, हित्वा धर्मं जगद्धितम्।
अहो हिंसाऽपि धर्माय, जगदे मन्दबुद्धिभिः     ।।४०।।

**શમ, શીલ દયામૂળવાળા અને જગત્‌ને હિતકારી એવા ધર્મને તજીને અરેરે! મન્દબુદ્ધિવાળાઓએ હિંસા પણ ધર્મને માટે કહી છે. ૪૦.**

हविर्यच्चिररात्राय, यज्वानन्त्याय कल्पते।
पितृभ्यो विधिवद्दत्तं, तत्प्रवक्ष्याम्यशेषतः     ।।४१।।

**પિતૃઓને વિધિપ્રમાણે આપેલું હવિ લાંબા કાળ અને અનન્ત માટે મનાય છે એ સર્વ હું કહું છું. ૪૧.**

तिलैर्व्रीहियवैर्माषैरद्भिर्मूलफलेन वा।
दत्तेन मासं प्रीयन्ते, विधिवत्पितरो नृणाम् ।।४२।।

તલ, ડાંગર, યવ, અડદ, પાણી, મૂળ અને ફળ વિધિપ્રમાણે આપવાથી મનુષ્યોના પિતૃઓ એક મહીના સુધી તૃપ્ત થાય છે. ૪૨.

द्वौ मासौ मत्स्यमांसेन, त्रीन्मासान् हारिणेन तु।
औरभ्रेणाथ चतुरः, शाकुनेनेह पञ्च तु ।।४३।।

મત્સ્યના માંસથી બે માસ સુધી, હરણના માંસથી ત્રણ માસ સુધી, બકરાના માંસથી ચાર માસ સુધી અને પક્ષીના માંસથી પાંચ માસ સુધી, (તૃપ્ત થાય છે.)૪૩.

षणमासांश्छागमांसेन, पार्षतेनेह सप्त वै।
अष्टावेणस्य मांसेन, रौरवेण नवैव तु ।।४४।।

ઘેટાના માંસથી છ મહીના સુધી, પાર્ષતના માંસથી સાત મહીના સુધી, એણ (હરિણ)ના માંસથી આઠ મહીના સુધી અને રૌરવના માંસથી નવ મહીના સુધી. ૪૪.

दशमासांस्तु तृप्यन्ति, वराहमहिषामिषैः।
शशकूर्मयास्तु मांसेन, मासानेकादशैव तु ।।४५।।

ભુંડ અને પાડાના માંસથી દસ મહીના સુધી, સસલા અને કાચબાના માંસથી અગીયાર મહીના સુધી (તૃપ્ત થાય છે.) ૪૫.

संवत्सरं तु गव्येन, पयसा पायसेन तु।
वार्ध्रीणसस्य मांसेन, तृप्तिर्द्वादशवार्षिकी ।।४६।।

ગાયના દૂધ અને ક્ષીરથી એક વરસ સુધી તથા ઘરડા બકરાના માંસથી બાર વરસ સુધીની તૃપ્ત થાય છે. ૪૬.

इति स्मृत्यनुसारेण, पितृणां तर्पणाय च्या।
मूढैर्विधीयते हिंसा, सापि दुर्गतिहेतवे ।।४७।।

એ પ્રમાણે સ્મૃતિને અનુસારે પિતૃઓની તૃપ્તિને માટે મૂર્ખાઓ જે હિંસા કરે છે તે પણ દુર્ગતિ માટે જ થાય છે. ૪૭.

यो भूतेष्वभयं दद्याद्, भूतेभ्यस्तस्य नो भयम्।
यादृग् वितीर्यते दानं, तादृगासाद्यते फलम् ।।४८।।

જે જીવોને વિષે અભયદાન આપે છે તેને જીવો તરફથી ભય થતો નથી. કેમકે જેવું દાન અપાય છે. તેવું ફળ મેળવાય છે. ૪૮.

कोदण्डदण्डचक्रासिशूलशक्तिधराः सुराः।
हिंसका अपि हा कष्टं, पूज्यन्ते देवताधिया ।।४९।।

ધનુષ્ય, દંડ, ચક્ર, તરવાર, ત્રિશૂળ અને શક્તિ પ્રહરણને ધારણ કરનાર દેવો પણ અરેરે! દેવ બુદ્ધિથી પૂજાય છે. ૪૯.

मातेव सर्वभूतानामहिंसा हितकारिणी।
अहिंसैव हि संसारमरावमृतसारणिः ।।५०।।

માતાની પેઠે સર્વ જીવોનું હિત કરનારી અહિંસા છે. અને અહિંસા જ સંસારરૂપી મરૂભૂમિમાં અમૃતની નીક સમાન છે. ૫૦.

अहिंसा दु:खदावाग्निप्रावृषेण्यघनावली।
भवभ्रमिरुगार्त्तानामहिंसा परमौषधि: ।।५१।।

દુ:ખી રૂપી દાવાગ્નિ સમાવવાને અહિંસા વર્ષાઋતુના મેઘની પંક્તિ સમાન છે અને ભવભ્રમણ રૂપ રોગથી પીડાએલાને અહિંસા ઉત્તમ ઔષધિ રૂપ છે. ૫૧.

दीर्घमायु: परं रूपमारोग्यं श्लाघनीयता।
अहिंसाया: फलं सर्वं, किमन्यत्कामदैव सा ।।५२।।

દીર્ઘ આયુષ, સુંદર રૂપ, આરોગ્યતા, અને પ્રશંસ્યપણું એ સર્વ અહિંસાનું ફળ છે. વિશેષ શું કહેવું? તે અહિંસા સર્વ ઈચ્છિત આપનાર છે. ૫૨.

## (इति अहिंसास्वरूपम्)

मन्मनत्वं काहलत्वं, मूकत्वं मुखरोगिताम्।
वीक्ष्या सत्यफलं कन्यालीकाद्यसत्यमुत्सृजेत् ।।५३।।

મન્મનપણું, કાહલાપણું, મુંગાપણું અને મુખમાં રોગ

એ(સર્વ) અસત્યનું ફળ જોઈને કન્યાઅલિક વિગેરે અસત્યનો ત્યાગ કરવો. ૫૩.

कन्यागोभूम्यलीकानि, न्यासापहरणं तथा।
कूटसाक्ष्यं च पञ्चेति, स्थूलासत्यान्यकीर्तयन् ॥५४॥

કન્યાઅલીક, ગાય સંબંધી અલીક, ભૂમી સંબંધી અલીક, થાપણ ઓળવવી તથા જુઠી સાક્ષી આપવી. આ પાંચ મોટા અસત્યો કહ્યાં છે. ૫૪.

सर्वलोकविरुद्धं यद्यद्विश्वसितघातकम्।
यद्विपक्षश्च पुण्यस्य, न वदेत्तदसूनृतम् ॥५५॥

સર્વ લોકથી વિરૂદ્ધ કરાવનારૂં વિશ્વાસનો ઘાત કરનારૂં તથા પુણ્યનું પ્રતિપક્ષી અસત્ય છે. તે માટે તે ન બોલવું. ૫૫.

असत्यतो लघीयस्त्वमसत्याद्वचनीयता।
अधोगतिरसत्याच्च, तदसत्यं परित्यजेत् ॥५६॥

અસત્યથી લઘુતા થાય, અસત્યથી નિન્દા થાય અને

અસત્યથી અધોગતિ થાય છે તેથી અસત્યનો ત્યાગ કરવો. ૫૬.

असत्यवचनं प्राज्ञः, प्रमादेनापि नो वदेत्।
श्रेयांसि येन भज्यन्ते, वात्ययेव महाद्रुमाः ॥५७॥

ડાહ્યા માણસે પ્રમાદથી પણ અસત્ય વચન ન બોલવું (કેમકે) પ્રબળ વાયુથી જેમ મોટા વૃક્ષો ભાંગી જાય તેમ અસત્યથી કલ્યાણો નાશ પામે છે. ૫૭.

असत्यवचनाद्वैरविषादाप्रत्ययादयः।
प्रादुष्षन्ति न के दोषाः? कुपथ्याद् व्याधयो यथा ॥५८॥

જેમ કુપથ્ય (ખરાબ ભોજન) થી રોગો પેદા થાય છે. તેમ અસત્યથી વૈર, વિષાદ અવિશ્વાસ વિગેરે કયા દોષો ઉત્પન્ન નથી થતા! અર્થાત્ બધા દોષો ઉત્પન્ન થાય છે. ૫૮.

निगोदेष्वथ तिर्यक्षु, तथा नरकवासिषु।
उत्पद्यन्ते मृषावादप्रसादेन शरीरिणः ॥५९॥

**મૃષાવાદના પ્રતાપથી જીવો નિગોદમાં, તિર્યંચમાં અને નરકવાસમાં ઉત્પન્ન થાય છે. ૫૯.**

ब्रूयाद् भियोपरोधाद्वा, नाऽसत्यं कालिकार्यवत्।
यस्तु ब्रूते स नरकं, प्रयाति वसुराजवत् ॥६०॥

**ભયથી અથવા આગ્રહથી પણ કલિકાચાર્યની જેમ અસત્ય નજ બોલવું અને જે બોલે છે તે વસુરાજાની પેઠે નરકે જાય છે. ૬૦.**

न सत्यमपि भाषेत, परपीडाकरं वचः।
लोकेऽपि श्रूयते यस्मात्कौशिको नरकं गतः ॥६१॥

**સત્યવચન પણ બીજાને પીડા કરનારૂં હોય તો તે ન બોલવું (કેમકે) લોકમાં પણ સંભળાય છે કે તેવા સત્યથી કૌશિક નરકે ગયો. ૬૧.**

अल्पादपि मृषावादाद्, रौरवादिषु संभवः।
अन्यथा वदतां जैनीं, वाचं त्वहह का गति: ? ॥६२॥

થોડા પણ મૃષાવાદથી (રૌરવાદિ) નરકમાં ઉત્પત્તિ થાય છે, તો અરેરે! જિનવાણીને અન્યથા કહેતાં તો શી ગતિ થાય ? ૬૨.

ज्ञानचारित्रयोर्मूलं, सत्यमेव वदन्ति ये।
धात्री पवित्रीक्रियते, तेषां चरणरेणुभिः ॥६३॥

જ્ઞાન અને ચરિત્રના મૂળભૂત સત્યનેજ જેઓ બોલે છે તેઓના ચરણની રજથી પૃથ્વી પવિત્ર કરાય છે. ૬૩.

अलीकं ये न भाषन्ते, सत्यव्रतमहाधनाः।
नापराद्धुमलं तेभ्यो, भूतप्रेतोरगादयः ॥६४॥

સત્યવ્રતરૂપ મહાધનવાળા જે પુરૂષો જુઠું નથી બોલતા તેઓને ભૂત પ્રેત અને સર્પ વિગેરે દુઃખ આપવા સમર્થ થતા નથી. ૬૪.

(इतिमृषावादविरमणं)

दौर्भाग्यं प्रेष्यतां दास्यमंगच्छेदं दरिद्रताम्।
अदत्तात्तफलं ज्ञात्वा, स्थूलस्तेयं विवर्जयेत् ।।६५।।

દૌર્ભાગ્ય, ગુલામગિરિ, અંગનો છેદ અને દરિદ્રતા એ અદત્તાદાનના ફળ જાણીને સ્થૂલ અદત્તાદાનનો ત્યાગ કરવો. ૬૫.

पतितं विस्मृतं नष्टं, स्थितं स्थापितमाहितम्।
अदत्तं नाददीत स्वं, मुषितं सर्वमप्यदः ।।६६।।

પડેલું, ભૂલાઈ ગએલું, કોઈ દ્વારા લઈ જવાયેલું, પડી રહેલું, થાપણ મૂકેલું અને દાટેલું. એ સર્વ નહિ આપેલું પારકું દ્રવ્ય લેવું તે ચોરી છે માટે તે બુદ્ધિમાને લેવું નહિ. ૬૬.

अयं लोकः परो लोको, धर्मो धैर्यं धृतिर्मतिः।
मुष्णता परकीयं स्वं, मुषितं सर्वमप्यदः ।।६७।।

પારકું દ્રવ્ય લેનારાએ પરના આ લોક પરલોક ધર્મ ધૈર્ય ધીરજ અને મતિ સર્વ ચોર્યું સમજવું. ૬૭.

एकस्यैकं क्षणं दुःखं, मार्यमाणस्य जायते।
सपुत्रपौत्रस्य पुनर्यावज्जीवं हृते धने ।।६८।।

**એક જીવને મારતાં તે જીવને એક ક્ષણવાર જ દુઃખ થાય છે પરન્તુ ધનહરણ કરવામાં તો તેના પુત્રપૌત્રાદિ (સર્વને જીવન પર્યન્ત દુઃખ થાય છે. ૬૮.**

चौर्यपापद्रुमस्येह, वधबन्धादिकं फलम्।
जायते परलोके तु, फलं नरकवेदना ।।६९।।

**ચોરીરૂપી પાપ વૃક્ષનાં આ લોકમાં વધ બંધન આદિ ફળ છે અને પરલોકમાં તો નરકની વેદના થાય એ ફળ છે. ૬૯.**

दिवसे वा रजन्यां वा, स्वप्ने च जागरेऽपि वा।
सशल्य इव चौर्येण, नैति स्वास्थ्यं नरः क्वचित् ।।७०।।

**દિવસે અથવા રાત્રિએ, સ્વપ્નમાં અથવા જાગતાં પણ ચોરી કરનારા માણસ હૃદયમાં શલ્યવાળાની જેમ કદી પણ શાન્તિ પામતો નથી. ૭૦.**

मित्रपुत्रकलत्राणि, भ्रातरः पितरोऽपि हि।
संसजन्ति क्षणमपि, न म्लेच्छैरिव तस्करैः ॥७१॥

**જેમ મ્લેચ્છની સાથે તેમ ચોરી કરનાર ચોરોની સાથે મિત્ર પુત્ર સ્ત્રી, ભાઈ અને પિતા પણ ક્ષણવાર પણ સંસર્ગ કરતા નથી. ૭૧.**

संबन्ध्यपि निगृह्येत, चौर्यान्मंडिकवन्नृपैः।
चौरोऽपि त्यक्तचौर्यः स्यात्स्वर्गभाग्रौहिणेयवत् ॥७२॥

**મંડિકની જેમ સંબંધી હોય તો પણ ચોરીથી રાજાઓ વડે નિગ્રહ કરાય છે, અને ચોર હોય તો પણ ચોરી તજી દેવાથી રોહિણેયની જેમ સ્વર્ગ ભોગવનાર થાય છે. ૭૨.**

दूरे परस्य सर्वस्वमपहर्तुमुपक्रमः।
उपाददीत नादत्तं, तृणमात्रमपि क्वचित् ॥७३॥

**બીજાનું સર્વસ્વ હરણ કરવાનો પ્રયત્ન (તો) દૂર રહ્યો, પરન્તુ તૃણ માત્ર પણ નહિ લેવું આપેલું કદી નહિ. ૭૩.**

परार्थग्रहणे येषां, नियमः शुद्धचेतसाम्।
अभ्यायान्ति श्रियस्तेषां, स्वयमेव स्वयंवराः ॥७४॥

બીજાનું ધન ગ્રહણ કરવામાં શુદ્ધ ચિત્તવાળા જેમને નિયમ છે, તેમને સ્વયંવરાની પેઠે લક્ષ્મી સામી આવે છે. ૭૪.

अनर्था दूरतो यान्ति, साधुवादः प्रवर्तते।
स्वर्गसौख्यानि ढौकन्ते, स्फुटमस्तेयचारिणाम् ॥७५॥

અસ્તેય વ્રત આચરનારાનાં દુઃખો દૂર જાય છે, યશ ફેલાય છે અને સ્વર્ગનાં સુખો આવી મળે છે. ૭૫.

(इत्यदत्तादानविरमणं)

षंढत्वमिन्द्रियच्छेदं, बीक्ष्याब्रह्मफलं सुधीः।
भवेत्स्वदारसंतुष्टोऽन्यदारान् वा विवर्जयेत् ॥७६॥

નપુંસકપણું અને ઈન્દ્રિયનો છેદ, (એ) અબ્રહ્મચર્યનું ફળ જોઈને ડાહ્યા માણસે પોતાની સ્ત્રીમાં સંતોષ રાખવો અને પરસ્ત્રીનો ત્યાગ કરવો. ૭૬.

रम्यमापातमात्रे यत्परिणामे तु दारूणम्।
किंपाकफलसंकाशं, तत्कः सेवेत मैथुनम्? ॥७७॥

જે જોવા માત્રથી જ રમણીય અને પરિણામે અતિ દારૂણ અને કિંપાક ફળના જેવું છે તે મૈથુનને કોણ સેવે? ૭૭.

कंपः स्वेदः श्रमो मूर्च्छा, भ्रमिर्ग्लानिर्बलक्षयः।
राजयक्ष्मादिरोगाश्च, भवेयुर्मैथुनोत्थिताः ॥७८॥

કંપ, પરસેવો, પરિશ્રમ, મૂર્છા, ચક્કર, ઉદાસીનતા, બળનો ક્ષય, અને ક્ષય વિગેરે રોગો મૈથુનથી થાય છે. ૭૮.

योनियंत्रसमुत्पन्नाः, सुसूक्ष्मा, जन्तुराशयः।
पीड्यमाना विपद्यन्ते, यत्र तन्मैथुनं त्यजेत् ॥७९॥

યોનિયંત્રમાં ઉત્પન્ન થએલી જન્તુની રાશીઓ જેમાં પીલાવાથી નાશ પામે છે, તે મૈથુનનો ત્યાગ કરવો. ૭૯.

रक्तजाः कृमयः सूक्ष्मा, मृदुमध्याधिशक्तयः।
जन्मवर्त्मसु कंडूतिं, जनयन्ति तथाविधाम् ॥८०॥

લોહીમાં ઉત્પન્ન થએલા કોમળ, મધ્યમ અને અધિક શક્તિવાળા સૂક્ષ્મ કીડાઓ જન્મ માર્ગમાં (યોનિમાં) તેવા પ્રકારની ચળ ઉત્પન્ન કરે છે. ૮૦.

स्त्रीसंभोगेन यः कामज्वरं प्रतिचिकीर्षति।
स हुताशं घृताहुत्या, विध्यापयितुमिच्छति ॥८१॥

જે પુરૂષ કામજ્વરને સ્ત્રીના સંભોગથી મટાડવા ઈચ્છે છે તે પુરૂષ ઘીની આહુતીથી અગ્નિને ઓલવવા ઈચ્છે છે. ૮૧.

वरं ज्वलदयस्तम्भपरिरंभो विधीयते।
न पुनर्नरकद्वाररामाजघनसेवनम् ॥८२॥

તપાવેલા લોઢાના સ્તંભને આલિંગન કરાય તે સારૂં પણ નરકના દ્વાર જેવા સ્ત્રીનાં જઘનને સેવવું સારૂં નથી. ૮૨.

सतामपि हि वामभ्रूर्ददाना हृदये पदम्।
अभिरामं गुणग्रामं निर्वासयति निश्चितम् ॥८३॥

**સત્પુરૂષોના હૃદયમાં જો સ્ત્રી સ્થાન ગ્રહણ કરે તો ચોક્કસ મનોહર ગુણોનો સમૂહ તેથી દૂર જાય છે.૮૩.**

वंचकत्वं नृशंसत्वं, चञ्चलत्वं कुशीलता।
इति नैसर्गिका दोषा, यासां तासु रमेत कः? ॥८४॥

**ઠગવાપણું, નિર્દયતા, ચંચળપણું અને કુશીલતા એ જેના સ્વભાવિક દોષો છે એવી સ્ત્રીઓમાં કોણ ક્રીડા કરે ? ૮૪.**

प्राप्तुं पारमपारस्य, पारावारस्य पार्यते।
स्त्रीणां प्रकृतिवक्राणां, दुश्चरित्रस्य नो पुनः ॥८५॥

**અપાર સમુદ્રનો પાર પામવાને સમર્થ થવાય, પણ સ્વભાવથી જ વક્ર એવી સ્ત્રીઓના દુરાચરણનો પાર ન પામી શકાય. ૮૫.**

नितंबिन्यः पतिं पुत्रं, पितरं भ्रातरं क्षणात्।
आरोपयन्त्यकार्येऽपि, दुर्वृत्ताः प्राणसंशये ॥८६॥

**દુરાચરણવાળી સ્ત્રીઓ પતિને, પુત્રને, પિતાને અને ભાઈને ક્ષણવારમાં પ્રાણનો સંશય થાય એવા અકાર્યમાં નાંખે છે. ૮૬.**

भवस्य बीजं नरकद्वारमार्गस्य दीपिका।
शुचां कन्दः कलेर्मूलं, दुःखानां खनिरंगनाः ॥८७॥

**સ્ત્રી એ સંસારનું બીજ છે, નરકદ્વારના માર્ગની દીવી છે, શોકનું મૂળ છે, કલેશનું મૂળ છે અને દુઃખોની ખાણ છે. ૮૭.**

मनस्यन्यद्वचस्यन्यत्क्रियायामन्यदेव हि।
यासां साधारणस्त्रीणां, ताः कथं सुखहेतवः? ॥८८॥

**જે સાધારણ સ્ત્રીઓ (વેશ્યાઓ) મનમાં અન્ય, વચનમાં અન્ય અને ક્રિયામાં વળી જુદા જ પુરૂષને**

ઈચ્છે છે એવી તે સ્ત્રીઓ કેવી રીતે સુખના હેતુભૂત થાય ? ૮૮.

मांसमिश्रं सुराविश्रमनेकविटचुम्बितम्।
को वेश्यावदनं चुम्बेदुच्छिष्टमिव भोजनम्? ।।८९।।

**માંસથી મિશ્ર, દારૂથી દુર્ગંધિ અને અનેક જાર-પુરૂષો દ્વારા ચુંબીત, વેશ્યાના મુખને એંઠા ભોજનની જેમ કોણ ચુંબન કરે. ૮૯.**

अपि प्रदत्तसर्वस्वात्कामुकात् क्षीणसंपदः।
वासोऽप्याच्छेत्तुमिच्छन्ति, गच्छतः पण्ययोषितः ।।९०।।

**અરે સર્વ ધન આપવાથી નિર્ધન થએલા અને ચાલી જતા જારપુરૂષ પાસે વેશ્યાઓ વસ્ત્ર પણ ખેંચી લેવાને ઈચ્છે છે. ૯૦.**

न देवान्न गुरुन्नापि, सुहृदो न च बांधवान्।
असत्संगरतिर्नित्यं, वेश्यावश्यो हि मन्यते ।।९१।।

**વેશ્યાને વશ થએલો પુરૂષ, દેવ, ગુરૂ, મિત્ર અને**

બાંધવોની સંગતિ પણ ઈચ્છતો નથી; પણ હંમેશા ખરાબ સોબતમાં જ આનંદ માને છે. ૯૧

कुष्ठिनोऽपि स्मरसमान्, पश्यन्तीं धनकांक्षया।
तन्वतीं कृत्रिमस्नेहां, निःस्नेहां गणिकां त्यजेत् ॥९२॥

દ્રવ્યની ઈચ્છાથી કોઢીઆઓને પણ કામદેવ જેવા જોનારી, કૃત્રિમ સ્નેહને વિસ્તારનારી એવી સ્નેહરહિત ગણિકાને તજી દેવી. ૯૨.

नासक्त्या सेवनीया हि, स्वदारा अप्युपासकैः।
आकरः सर्वपापानां किं पुनः परयोषितः ? ॥९३॥

પોતાની સ્ત્રીઓને પણ આસાક્તિથી શ્રાવકોએ સેવવી નહિ તો પછી સર્વ પાપોની ખાણ સમાન પરસ્ત્રીનું શું કહેવું. ૯૩.

स्वपतिं या परित्यज्य, निस्त्रपोपपतिं भजेत्।
तस्यां क्षणिकचित्तायां, विश्रम्भः कोऽन्ययोषिति ? ॥९४॥

પોતાના સ્વામીને તજી જે સ્ત્રી લજ્જા રહિત થઈ અન્ય

પતિને ઈચ્છે છે એવી તે ક્ષણિક ચિત્તવાળી પરનારીમાં શો વિશ્વાસ ? ૯૪.

भीरोराकुलचित्तस्य, दु:स्थितस्य परस्त्रियाम्।
रतिर्न युज्यते कर्तुमुपशूनं पशोरिव ।।९५।।

બીકણ, આકુળ ચિત્તવાળા અને અયોગ્ય ભૂમિએ રહેલા પશુને કસાઈખાનામાં રતિ ન થાય તેમ પુરૂષને પરસ્ત્રી ઉપર પ્રીતિ કરવી યોગ્ય નથી. ૯૫.

प्राणसंदेहजननं, परमं वैरकारणम्।
लोकद्वयविरुद्धं च, परस्त्रीगमनं त्यजेत् ।।९६।।

પ્રાણનો સંદેહ ઉત્પન્ન કરનાર, અત્યન્ત વૈરનું કારણ અને બંને લોકમાં વિરૂદ્ધ એવું પરસ્ત્રીગમન તજી દેવું. ૯૬.

सर्वस्वहरणं बन्धं, शरीरावयच्छिदाम्।
मृतश्च नरकं घोरं, लभते पारदारिक: ।।९७।।

પરસ્ત્રીગમન કરનાર, સર્વસ્વહરણ, બન્ધન,

શરીરના અવયવોનું છેદન પામે છે અને મરણ બાદ ઘોર નરક પામે છે. ૯૭.

स्वदाररक्षणे यत्नं, विदधानो निरन्तरम्।
जानन्नपि जनो दु:खं, परदारान् कथं व्रजेत्? ।।९८।।

પોતાની સ્ત્રીનું રક્ષણ કરવામાં નિરન્તર યત્ન કરનાર, દુ:ખને જાણનાર માણસ પરદારા પાસે કેમ જાય? ૮૯.

विक्रमाक्रान्तविश्वोऽपि, परस्त्रीषु रिरंसया।
कृत्वा कुलक्षयं प्राप, नरकं दशकन्धर: ।।९९।।

પરાક્રમથી વિશ્વને તાબે કરનાર રાવણ પણ પરસ્ત્રીમાં ઈચ્છા કરવાથી કુલનો ક્ષય કરીને નરક પામ્યો. ૯૯

लावण्यपुण्यावयवां, पदं सौन्दर्यसंपद:।
कलाकलापकुशलामपि जह्यात् परस्त्रियम् ।।१००।।

લાવણ્યથી પવિત્ર અવયવોવાળી, સૌન્દર્યની

સંપત્તિના સ્થાન રૂપ અને કળાઓને સમુદાયમાં કુશળ એવી પણ પરસ્ત્રીનો ત્યાગ કરવો. ૧૦૦.

अकलंकमनोवृत्तेः, परस्त्रीसन्निधावपि।
सुदर्शनस्य किं ब्रूमः, सुदर्शनसमुन्नतेः ? ।।१०१।।

પરસ્ત્રીની સમીપમાં પણ નિષ્કલંક મનોવૃત્તિવાળા અને સારી રીતે દર્શનની ઉન્નતિ કરનાર સુદર્શન શેઠની અમે કેટલી સ્તુતિ કરીએ ? ૧૦૧.

ऐश्वर्यराजराजोऽपि, रूपमीनध्वजोऽपि च।
सीतया रावण इव, त्याज्यो नार्या नरः परः ।।१०२।।

સંપત્તિમાં રાજાનો રાજા હોય અને રૂપમાં કામદેવ જેવો હોય તો પણ સીતાએ જેમ રાવણને તજ્યો તેમ સ્ત્રીઓએ પરપુરૂષ તજી દેવો. ૧૦૨.

नपुंसकत्वं तिर्यक्त्वं, दौर्भाग्यं च भवे भवे।
भवेन्नराणां स्त्रीणां चान्यकान्तासक्तचेतसाम् ।।१०३।।

અન્ય સ્ત્રી અને પુરૂષમાં આસક્ત ચિત્તવાળા પુરૂષો

અને સ્ત્રીઓને જન્મો જન્મમાં નપુંસકપણું, તિર્યંચપણું અને દુર્ભાગ્યપણું થાય છે. ૧૦૩.

प्राणभूतं चरित्रस्य, परब्रह्मैककारणम्।
समाचरन् ब्रह्मचर्यं, पूजितैरपि पूज्यते ।।१०४।।

ચરિત્રના જીવન ભૂત અને મોક્ષનું એક કારણ એવા બ્રહ્મચર્યને આચરનાર ઇંદ્રોથી પણ પૂજાય છે. ૧૦૪.

चिरायुषः सुसंस्थाना, दृढसंहनना नराः।
तेजस्विनो महावीर्या, भवेयुर्ब्रह्मचर्यतः ।।१०५।।

બ્રહ્મચર્યથી લાંબા આયુષવાળા, સારી આકૃતિવાળા, દૃઢ સંઘયણવાળા, તેજસ્વી અને મહા બળવાન મનુષ્યો થાય છે. ૧૦૫.

(इति ब्रह्मचर्यम्)

असन्तोषमविश्वासमारंभदुःखकारणम्।
मत्वामूर्छाफलं कुर्यात्परिग्रहनियन्त्रणम् ।।१०६।।

દુઃખના કારણ ભૂત આરંભ, અસંતોષ, અવિશ્વાસ અને મૂર્છાનું ફળ જાણીને પરિગ્રહનો નિયમ કરવો. ૧૦૬.

परिग्रहमहत्त्वाद्धि, मज्जत्येव भवाबुधौ।
महापोत इव प्राणी, त्यजेत्तस्मात्परिग्रहम् ।।१०७।।

જેમ મોટું વહાણ (ઘણા ભારથી) ડુબી જાય છે, તેમ અતિશય પરિગ્રહથી પ્રાણી સંસાર સમુદ્રમાં ડુબે છે જ. માટે પરિગ્રહનો ત્યાગ કરવો. ૧૦૭.

त्रसरेणुसमोऽप्यत्र, न गुणः कोऽपि विद्यते।
दोषास्तु पर्वतस्थूलाः, प्रादुष्षन्ति परिग्रहे ।।१०८।।

પરિગ્રહમાં ત્રસરેણું જેટલો પણ કોઈ ગુણ નથી પરંતુ પર્વત જેટલા મોટા દોષો ઉત્પન્ન થાય છે. ૧૦૮.

संगाद् भवन्त्यसन्तोऽपि, रागद्वेषादयो द्विषः।
मुनेरपि चलेच्चेतो, यत्तेनान्दोलितात्मनः ।।१०९।।

પરિગ્રહથી – અછતા એવા રાગદ્વેષ વિગેરે શત્રુઓ ઉત્પન્ન થાય છે અને પરિગ્રહથી આન્દોલિત આત્માવાળા મુનિનું ચિત્ત પણ ચળી જાય છે. ૧૦૯.

संसारमूलमारंभारतेषां हेतुः परिग्रहः।
तस्मादुपासकः कुर्यादल्पमल्पं परिग्रहं ॥११०॥

સંસારનું મૂળ આરંભો છે અને તે (આરંભો) નો હેતુ પરિગ્રહ છે. માટે શ્રાવકે ઓછો ઓછો પરિગ્રહ કરવો. ૧૧૦.

मुष्णन्ति विषयस्तेना, दहति स्मरपावकः।
रुन्धन्ति वनिता व्याधाः, संगैरंगीकृतं नरम् ॥१११॥

પરિગ્રહ અંગીકાર કરનાર પુરૂષને વિષયરૂપી ચોરો લુંટે છે, કામરૂપી અગ્નિ બાળે છે અને સ્ત્રીરૂપી પારધીઓ રોકી રાખે છે. ૧૧૧.

तृप्तो न पुत्रैः सगरः, कुचिकर्णो न गौधनैः।
न धान्यैस्तिलकः श्रेष्ठी, न नन्दः कनकोत्करैः ॥११२॥

સગર (ચક્રવતિ) પુત્રોથી, કુચિકર્ણ ગાયોના ધણાથી, તિલકશેઠ ધાન્યથી અને નન્દરાજા સુવર્ણના ઢગલાથી તૃપ્ત ન થયો. ૧૧૨.

तपःश्रुतपरीवारां, शमसाम्राज्यसंपदम्।
परिग्रहग्रहग्रस्तास्त्यजेयुर्योगिनोऽपि हि ।।११३।।

પરિગ્રહ રૂપી ગ્રહથી ગ્રસ્ત થએલા યોગીઓ પણ તપ અને શ્રુત રૂપ પરિવાર વાળી શમ સામ્રાજ્યની સંપત્તિને તજી દે છે. ૧૧૩.

असन्तोषवतः सौख्यं, न शक्रस्य न चक्रिणः।
जन्तोः सन्तोषभाजो यदभयस्येव जायते ।।११४।।

સંતોષ વિનાના ઈન્દ્ર અને ચક્રવર્તિને તેવું સુખ નથી હોતું કે જેવું સુખ અભયકુમારની જેમ સંતોષવાળા જીવને હોય છે. ૧૧૪.

सन्निधौ निधयस्तस्य, कामगव्यनुगामिनी।
अमराः किंकरायन्ते, सन्तोषो यस्य भूषणम् ।।११५।।

સંતોષ જેનું ભૂષણ છે તેને નિધિઓ સમીપમાં હોય છે, કામધેનુ તેની પાછળ ચાલે છે અને દેવો નોકર થાય છે. ૧૧૫.

(इत्यपरिग्रह:)

इति श्रीहेमचंद्राचार्यविरचितयोगशास्त्रे द्वितीयप्रकाश: सानुवाद: ॥२॥

# ॥३॥ तृतीय: प्रकाश: ॥

दशस्वपि कृता दिक्षु, यत्र सीमा न लंघ्यते।
ख्यातं दिग्विरतिरिति, प्रथमं तद् गुणव्रतम् ॥१॥

જેમાં દસે દિશામાં કરેલી મર્યાદા ન ઉલ્લંઘાય તે દિગ્વિરતિ નામે પહેલું ગુણાવ્રત કહેલું છે. ૧.

चराचराणां जीवानां, विमर्दननिवर्तनात्।
तप्तायोगोलकल्पस्य, सद्व्रतं गृहिणोऽप्यद: ॥२॥

ત્રસ અને સ્થાવર જીવોના વિમર્દનના નિવર્ત નથી, તપાવેલા લોઢાના ગોળા સમાન ગ્રહસ્થો છે તો પણ આ વ્રત ઉત્તમ છે. ૨.

जगदाक्रममाणस्य, प्रसरल्लोभवारिधेः।
स्खलनं विदधे तेन, येन दिग्विरतिः कृता ।।३।।

જેણે દિગ્વિરતિ કરી છે તે જગતને આક્રમણ કરનારા અને પસાર પામતા લોભરૂપી સમુદ્રને અટકાવ્યો છે. ૩.

(दिग्विरतिः)

भोगोपभोगयोः संख्या, शक्त्या यत्र विधीयते।
भोगोपभोगमानं तद्, द्वैतीयिकं गुणव्रतम् ।।४।।

જ્યાં ભોગ અને ઉપભોગની શક્તિને અનુસારે સંખ્યા કરાય છે તે ભોગોપભોગ પરિમાણનામે બીજું ગુણાવ્રત છે. ૪.

सकृदेव भुज्यते यः, स भोगोऽन्नस्त्रगादिकः।
पुनः पुनः पुनर्भोग्य, उपभोगोंऽगनादिकः ॥५॥

જે અન્ન પુષ્પમાળા વિગેરે એકવાર ભોગવાય તે ભોગ, અને સ્ત્રી વિગેરે જે વારંવાર ભોગવાય તે ઉપભોગ કહેવાય છે. ૫.

मद्यं मांसं नवनीतं, मधूदुम्बरपञ्चकम्।
अनन्तकायमज्ञातफलं रात्रौ च भोजनम् ॥६॥

દારૂ, માંસ, માખણ, મધ, ઉદુંબર જાતિના પાંચ પ્રકારના ફળ, અનન્તકાય, અજાણ્યા ફળ અને રાત્રિ ભોજન. ૬.

आमगोरससंपृक्तं, द्विदलं पुष्पितौदनम्।
दध्यहर्द्वितयातीतं, कुथितान्नं च वर्जयेत् ॥७॥

કાચા ગોરસ યુક્ત દ્વીદળ (કઠોળ), વાસી ભાત, બે દિવસ ઉપરનું દહીં અને કોહેલા અન્નતો ત્યાગ કરવો. ૭.

मदिरापानमात्रेण, बुद्धिर्नश्यति दूरतः।
वैदग्धीबन्धुरस्यापि, दौर्भाग्येणेव कामिनी ॥८॥

**હવે મદિરા પીવાથી થતા દોષો કહે છે – જેમ પંડિત મનુષ્યની સ્ત્રી દુર્ભાગ્યથી ચાલી જાય છે તેમ મદિરાપાનથી બુદ્ધિ દૂરથી જ નાશ પામે છે. ૮.**

पापाः कादम्बरीपानविवशीकृतचेतसः।
जननीं हा प्रियीयन्ति, जननीयन्ति च प्रियाम् ॥९॥

**મદિરાપાનથી પરવશ થએલા ચિત્તવાળા પાપીઓ, અરેરે, માતાને પ્રિયા કરીને બોલાવે છે અને પ્રિયાને માતા કરીને બોલાવે છે. ૯.**

न जानाति परं स्वं वा, मद्याच्चलितचेतनः।
स्वामीयति वराकः स्वं, स्वामिनं किंकरीयति ॥१०॥

**મદિરાથી ચપળચિત્તવાળો પોતાને અને પરને જાણતો નથી અને તેથી તે બિચારો પોતાને સ્વામિ માને છે અને સ્વામિને નોકર માને છે. ૧૦.**

मद्यपस्य शबस्येव, लुठितस्य चतुष्पथे।
मूत्रयन्ति मुखे श्वानो, व्यात्ते विवरशंकया ।।११।।

શબની માફક ચોકમાં આળોટતા દારૂડીઆના ખુલ્લા મુખમાં છિદ્રની શંકાથી કુતરાઓ પેશાબ કરે છે.૧૧.

मद्यपानरसे मग्नो, नग्नः स्वपिति चत्वरे।
गूढं च स्वमभिप्रायं, प्रकाशयति लीलया ।।१२।।

મદિરાના રસમાં ડુબેલો માણસ ચોકમાં નગ્ન થઈને સુવે છે અને પોતાના ગુપ્ત વિચારને લીલા માત્રમાં પ્રકટ કરી દે છે. ૧૨.

वारुणीपानतो यान्ति कान्तिकीर्तिमतिश्रियः।
विचित्राश्चित्ररचना, विलुठत्कज्जलादिव ।।१३।।

વિવિધ ચિત્રની રચના ઉપર કાજળ ઢોળાવાની પેઠે મદિરાપાનથી કાન્તિ, કીર્તિ, બુદ્ધિ અને લક્ષ્મી ચાલી જાય છે. ૧૩.

भूतार्त्तवन्नरीनर्त्ति, रारटीति सशोकवत्।
दाहज्वरार्त्तवद् भूमौ, सुरापो लोलुठीति च ।।१४।।

**દારૂ પીનાર માણસ ભૂતાવેશીની જેમ નાચે છે, શોકવાળાની પેઠે રડે છે અને દાહજ્વરવાળાની માફક ભૂમિ પર આળોટે છે. ૧૪.**

विदधत्यंगशैथिल्यं, ग्लपयन्तीन्द्रियाणि च।
मूर्छामतुच्छां यच्छन्ती, हाला हालाहलोपमा ।।१५।।

**શરીરને શીથિલ કરનાર, ઈન્દ્રિયોને નિર્બળ કરનાર અને અત્યન્ત મૂર્છા આપનાર મદિરા હળાહળ ઝેર જેવી છે. ૧૫.**

विवेकः संयमौ ज्ञानं, सत्यं शौचं दया क्षमा।
मद्यात्प्रलीयते सर्वं, तृण्या वह्निकणादिव ।।१६।।

***જેમ અગ્નિના કણિયાથી ઘાસની ગંજી, તેમ મદિરાથી* વિવેક, સંયમ, જ્ઞાન, સત્ય, શૌચ, દયા અને ક્ષમા સર્વ નાશ પામે છે. ૧૬.**

दोषाणां कारणं मद्यं, मद्यं कारणमापदाम्।
रोगातुर इवापथ्यं, तस्मान्मद्यं विवर्जयेत् ॥१७॥

**મદિરા દોષોનું કારણ છે, અને મદિરા આપત્તિઓનું પણ કારણ છે, માટે રોગાતુર જેમ અપથ્યને તજે, તેમ મદિરાને તજી દેવી. ૧૭.**

## (मद्यवर्जनं)

चिखादिषति यो मांसं, प्राणिप्राणापहारतः।
उन्मूलयत्यसौ मूलं, दयाख्यं धर्मशाखिनः ॥१८॥

**હવે માંસ ખાવામાં દોષો છે તે કહે છે – પ્રાણિઓના પ્રાણ હરણ કરવાથી થતું એવું માસ ખાવા ઈચ્છે છે, તે ધર્મવૃક્ષના દયા રૂપી મૂળને ઉખેડી નાખે છે. ૧૮.**

अशनीयन् सदा मांसं, दयां यो हि चिकीर्षति।
ज्वलति ज्वलने वल्लीं, स रोपयितुमिच्छति ॥१९॥

**હંમેશાં માંસ ખાનારો જે માણસ દયા કરવાને ઈચ્છે છે તે સળગતા અગ્નિમાં લતા વાવવાને ઈચ્છે છે. ૧૯.**

हन्ता पलस्य विक्रेता, संस्कर्ता भक्षकस्तथा।
क्रेताऽनुमन्ता दाता च, घातका एव यन्मनुः ॥२०॥

મારનાર, માંસ વેચનાર, માંસ પકાવનાર તથા માંસ વેચાતુ લેનાર, અનુમોદન કરનાર અને માંસ આપનાર એ સર્વ હિંસકો જ માનેલા છે. ૨૦.

આ માટે મનુ પણ કહે છે કે,

अनुमन्ता विशसिता, निहन्ता क्रयविक्रयी।
संस्कर्ता चोपहर्ता च, खादकश्चेति घातकाः ॥२१॥

અનુમોદન કરનાર, અવયવો છુટા કરનાર, મારનાર, માંસ લેનાર, વેચનાર, પકાવનાર, પીરસનાર અને ખાનાર એ બધા હિંસકો જ છે. ૨૧.

नाकृत्वा प्राणिनां हिंसां, मांसमुत्पद्यते क्वचित्।
न च प्राणिवधः स्वर्ग्यस्तस्मान्मांसं विवर्जयेत् ॥२२॥

પ્રાણીઓની હિંસા વિના કદિ પણ માંસ ઉત્પન્ન થતું નથી, અને પ્રાણી વધ, સ્વર્ગનો હેતુ નથી માટે માંસનો ત્યાગ કરવો. ૨૨.

ये भक्षयन्त्यन्यपलं, स्वकीयपलपुष्टये।
त एव घातका यन्न, वधको भक्षकं विना ।।२३।।

**હવે જે માંસ ભક્ષક છે તેજ પ્રાણી ઘાતક છે તે કહે છે. જેઓ પોતાના માંસની પૃષ્ટિ માટે અન્યનું માંસ ખાય છે તે જ ઘાત કરનારા છે. કેમકે ભક્ષક વિના વધ કરનાર હોય નહિ. ૨૩.**

मिष्टान्नान्यपि विष्ठासादमृतान्यपि मूत्रसात्।
स्युर्यस्मिन्नंगकस्यास्य, कृते कः पापमाचरेत्? ।।२४।।

**જેની અંદર મિષ્ટાન્ન પણ વિષ્ટા થાય છે અને અમૃત પણ પેશાબ થાય છે એવા શરીરને માટે કોણ પાપ આચરે ? ૨૪.**

मांसाशने न दोषोऽस्तीत्युच्यते यैर्दुरात्मभिः।
व्याधगृध्रवृकव्याघ्रशृगालास्तैर्गुरुकृताः ।।२५।।

**માંસ ભક્ષણ કરવામાં દોષ નથી એમ કહેનારની નિન્દા કરે છે – જે દુરાત્માઓએ માંસ ખાવામાં દોષ**

**નથી એમ કહ્યું છે તેઓએ શિકારી, ગીધ, વરૂ, વાઘ અને શિઆળીઅને ગુરૂ કરેલા છે. ૨૫.**

मांस भक्षयिताऽमुत्र, यस्य मांसमिहाद्म्यहम्।
एतन्मांसस्य मांसत्वे, निरुक्तं मनुरब्रवीत् ।।२६।।

**જેનું માંસ હું અહિં (આ લોકમાં) ખાઉં છું તે મને પરલોકમાં ભક્ષણ કરશે. એ પ્રામાણે માંસના માંસપણાની નિરૂક્તિ (વ્યાખ્યા) મનુએ કહી છે. ૨૬.**

मांसास्वादनलुब्धस्य, देहिनं देहिनं प्रति।
हन्तुं प्रवर्तते बुद्धिः, शाकिन्या इव दुर्धियः ।।२७।।

**માંસ ખાવામાં મોટા દોષો છે, તે કહે છે–દુષ્ટ બુદ્ધિવાળી શાકિનીની પેઠે માંસ ખાવામાં લુબ્ધ થએલા મનુષ્યની બુદ્ધિ દરેક પ્રાણીને મારવામાં પ્રવર્તે છે. ૨૭.**

ये भक्षयन्ति पिशितं, दिव्यभोज्येषु सत्स्वपि।
सुधारसं परित्यज्य, भुञ्जते ते हलाहलम् ।।२८।।

જે માણસ દિવ્ય ભોજનો હોવા છતાં માંસ ખાય છે, તે અમૃતરસ તજી દઈને હળાહળ ઝેર પીએ છે. ૨૮.

न धर्मो निर्दयस्यास्ति, पलादस्य कुतो दया ?।
पललुब्धो न तद्वेत्ति, विद्याद्वोपदिशेन्नहि ॥२९॥

નિર્દયને ધર્મ હોય નહિં, માંસ ખાનારાને દયા ક્યાંથી હોય ? માંસ ખાનાર દયાને જાણતો જ નથી, અને જાણે તો બીજાને ઉપદેશે નહિ. ૨૯.

कोचिन्मांसं महामोहादश्नन्ति न परं स्वयम्।
देवपित्रतिथिभ्योऽपि कल्पयन्ति यदूचिरे ॥३०॥

કેટલાએક પોતે મહામોહથી માંસ ખાય છે એમ નહિ પરંતુ દેવ, પિતૃ અને અતિથિઓ માટે પણ કલ્પે છે. તે માટે કહ્યું છે કે – ૩૦.

क्रीत्वा स्वयं वाऽप्युत्पाद्य, परोपहृतमेव वा।
देवान् पितृन् समभ्यर्च्य, खादन् मांसं न दुष्यति ॥३१॥

માંસ વેચાતું લાવીને અથવા પોતે ઉત્પન્ન કરીને, અથવા બીજાએ આપેલું માંસ દેવોને તથા પિતૃઓને પૂજીને ખાવામાં દોષ નથી. ૩૧.

मंत्रसंस्कृतमप्यद्याद्यवाल्पमपि नो पलम्।
भवेज्जीवितनाशाय, हालहललवोऽपि हि ।।३२।।

મંત્રથી પવિત્ર કરાએલું યવ જેટલું પણ માંસ ન ખાવું જોઈએ. કેમ કે થોડું પણ ઝેર જીવીતના નાશ માટે થાય છે. ૩૨.

सद्यः संमूर्छितानन्तजन्तुसन्तानदूषितम्।
नरकाध्वनिपाथेयं, कोऽश्नीयात्पिशितं सुधीः? ।।३३।।

તત્કાળ ઉત્પન્ન થતા અનન્ત જંતુઓની પરંપરાથી દૂષિત અને નરક માર્ગના ભાતા તુલ્ય માંસ ક્યો બુદ્ધિવાન ખાય ? ૩૩.

अन्तर्मुहूर्तात्परतः, सुसूक्ष्मा जन्तुराशयः।
यत्र मूर्छन्ति तन्नाद्यं, नवनीतं विवेकिभिः ।।३४।।

**માખણ ખાવામાં દોષો કહે છે – અન્તર્મુહૂર્ત પછી જેમાં અતિસૂક્ષ્મ જીવોની રાશીઓ ઉત્પન્ન થાય છે એવા માખણને વિવેકીઓએ ન ખાવું જોઈએ. ૩૪.**

एकस्यापि हि जीवस्य, हिंसने किमघं भवेत्।
जन्तुजातमयं तत्को, नवनीतं निषेवते? ।।३५।।

**એક પણ જીવને મારવામાં કેટલું પાપ થાય? આ તો જીવોના સમુદાયભૂત માખણ, તેને કોણ સેવે (ખાય)? ૩૫.**

अनेकजन्तुसंघातानिघातनसमुद्भवम्।
जुगुप्सनीयं लालावत, कः स्वादयति माक्षिकम्?।।३६।।

**(મધ ખાવામાં દોષો કહે છે–) અનેક જીવોના સમુદાયનો નાશ થવાથી ઉત્પન્ન થએલું, જુગુપ્સા કરવા યોગ્ય લાળ જેવું મધ કોણ ખાય? ૩૬.**

भक्षयन्माक्षिकं क्षुद्रजन्तुलक्षक्षयोदभवम्।
स्तोकजन्तुनिहन्तृभ्यः शौनिकेभ्योऽतिरिच्यते ।।३७।।

લાખો ક્ષુદ્ર જીવોના નાશથી પેદા થએલું મધ ખાનાર (માણસ), થોડા જીવોને મારનારા ચંડાળોથી પણ વધી જાય છે. ૩૭.

एकैककुसुमक्रोडाद्रसमापीय मक्षिकाः।
यद्वमन्ति मधूच्छिष्टं, तदश्नन्ति न धार्मिकाः ।।३८।।

એક એક પુષ્પમાંથી રસ પીને માખીઓ જે વમન કરે છે તે એઠું મધ ધર્મી માણસો ખાતા નથી. ૩૮.

अप्यौषधकृते जग्धं, मधु श्वभ्रनिबन्धनम्।
भक्षितः प्राणनाशाय, कालकूटकणोऽपि हि ।।३९।।

ઓસડ માટે ખાધેલું મધ પણ નરકનું કારણ છે. કેમકે કાળકૂટ ઝેરનો કણ પણ ખાધો હોય તો પ્રાણના નાશ માટે થાય છે. ૩૯.

मधुनोऽपि हि माधुर्यमबोधैरहहोच्यते।
आसाद्यन्ते यदास्वादाच्चिरं नरकवेदना: ।।४०।।

**અરેરે! અજ્ઞાનીઓ કહે છે કે મધ મધુર છે, છતાં પણ તે ખાવાથી લાંબા કાળ સુધી નર્ક વેદના ભોગવાય છે. ૪૦.**

मक्षिकामुखनिष्ठ्यूतं, जन्तुघातोद्भवं मधु।
अहो पवित्रं मन्वाना, देवस्नाने प्रयुञ्जते ।।४१।।

**માખીઓના મુખથી થુંકાએલું અને જીવોના ઘાતથી ઉત્પન્ન થએલું મધ તેને પવિત્ર માનનારાઓ અહો? દેવને સ્નાન કરાવવામાં વાપરે છે. ૪૧.**

(इति माक्षिकानिवृत्ति:)

उदुम्बरवटप्लक्षकाकोदुम्बरशाखिनाम्।
पिप्पलस्य च नाश्नीयात्, फलं कृमिकुलाकुलम् ।।४२।।

**(પાંચ પ્રકારના ઉદુમ્બર ફળોના દોષો કહે છે.)– ઉદુંબરના, વડના, પ્લક્ષના, કાકોદુમ્બરના અને**

પીપળ વૃક્ષના ફળો કીડાના સમૂહથી વ્યાપ્ત હોવાથી ખાવા ન જોઈએ. ૪૨.

अप्राप्नुवन्नन्यभक्षमपि क्षामो बुभुक्षया।
न भक्षयति पुण्यात्मा, पञ्चोदुम्बरजं फलम् ।।४३।।

બીજી ખાવાયોગ્ય વસ્તુ ન મળતાં ભૂખથી કૃશ થએલ હોય તો પણ જે પાંચ જાતિના ઉદુમ્બર ફળ ખાય નહિં તે પુણ્યાત્મા છે. ૪૩.

आर्द्रः कन्दः समग्रोऽपि, सर्वः किसलयोऽपि च।
स्नुही लवणवृक्षत्वक्कुमारी गिरिकर्णिका ।।४४।।

**અનન્તકાય સંબંધી કહે છે** – આદુ, સર્વ જાતના કન્દ, સર્વજાતની કુંપળો, સ્નુહી (ક્ષીરવાળુ), લવણ, વૃક્ષની છાલ, (પારીની છાલ) કુંવારનું પાઠું અને ગિરિ કર્ણિકા. ૪૪.

शतावरी विरूढानि, गुडूची कोमलाम्लिका।
पल्यंकोऽमृतवल्ली च, वल्लः सूकरसंज्ञितः ।।४५।।

શતાવરી , વિરૂઢ (એક જાતની વનસ્પતિ), ગળો, ફુણીઆંબલી, પલ્યંક, અમૃતવેલી, વલ્લ અને સુકર નામનો. ૪૫.

अनन्वकाया: सूत्रोक्ता, अपरेऽपि कृपापरै: ।
मिथ्यादशामविज्ञाता, वर्जनीया: प्रयत्नत: ।।४६।।

મિથ્યાત્વીઓએ નહિ જાણેલા અને સૂત્રમાં કહેલા બીજા પણ અનન્તકાય, દયામાં તત્પર એવા જૈનોએ પ્રયત્નથી તજી દેવા. ૪૬.

स्वयं परेण वा ज्ञातं, फलमद्याद्विशारद: ।
निषिद्धे विषफले वा, माभूदस्य प्रवर्तनम् ।।४७।।

**(અજાણ્યા ફળ તજવા માટે કહે છે.)** પોતે અથવા બીજાએ જાણેલા ફળને વિદ્વાને ખાવા, પણ નિષિદ્ધ ફળ અથવા વિષફળ (ખાવા) માં વિદ્વાનોથી પ્રવૃત્તિ ન થાય માટે અજાણ્યા ખાવા નહિ. ૪૭.

(इति उदुम्बरादिनिवृत्ति :)

अन्नं प्रेतपिशाचाद्यैः, संचरद्भिर्निरंकुशैः।
उच्छिष्टं क्रियते यत्र, तत्र नाद्यादिनात्यये ।।४८।।

(રાત્રિભોજન તજવા કહે છે.) નિરંકુશપણે ફરતા પ્રેત અને પિશાચ વિગેરે વ્યન્તરો આદિ વડે દ્વારા જ્યાં (રાત્રિમાં) અન્ન એઠું કરાય છે ત્યાં (રાત્રિએ) દિવસ અસ્ત થએ છતે ભોજન કરવું ન જોઈએ. ૪૮.

घोरान्धकाररुद्धाक्षैः, पतन्तो यत्र जन्तवः।
नैव भोज्ये निरीक्ष्यन्ते, तत्र भुञ्जीत को निशि? ।।४९।।

ઘોર અંધકારથી રૂંધાએલી દષ્ટિવાળા જનો જ્યાં ભોજનમાં પડતા જંતુઓ જોઈ શકતા નથી તે રાત્રિએ કોણ ભોજન કરે? ૪૯.

मेधां पिपीलिका हन्ति, यूका कुर्याज्जलोदरम्।
कुरुते मक्षिका वान्तिं, कुष्ठरोगं च कोलिकः ।।५०।।

(ભોજનમાં આવેલ) કીડીઓ બુદ્ધિને હણે છે, જૂં જળોદર કરે છે. માખ વમન કરે છે અને કરોળીઓ કોઢ રોગ કરે છે. ૫૦.

कंकटो दारुखंड च, वितनोति गलव्यथाम्।
व्यञ्जनान्तर्निपतितस्तालु विध्यति वृश्चिकः ।।५१।।

કાંટો અથવા લાકડાનો ટુકડો ગળાની પીડા કરે છે, અને શાકમાં પડેલો વીંછી તાલવું વીંધી નાંખે છે. ૫૧.

विलग्रश्च गले वालः, स्वरभंगाय जायते।
इत्यादयो दृष्टदोषाः, सर्वेषा निशिभोजने ।।५२।।

ગળામાં ચોંટેલો વાળ અવાજનો ભંગ કરે છે. એ વિગેરે પ્રત્યક્ષ સર્વ દોષો રાત્રિ ભોજનમાં થાય છે. ૫૨.

नाप्रेक्ष्यसूक्ष्मजन्तूनि, निश्यद्यात्प्राशुकान्यपि।
अप्युद्यत्केवलज्ञानैर्नादृतं यन्निशाशनम् ।।५३।।

દેખી શકાય નહિ એવા સૂક્ષ્મ જંતુઓ છે જેને વિષે એવા પ્રાશુક ખોરાકો પણ રાત્રિએ ન ખાવા તે માટે કેવળીઓએ પણ રાત્રિ ભોજન આદર્યું નથી. ૫૩.

धर्मविन्नैव भुञ्जीत, कदाचन दिनात्यये।
बाह्या अपि निशाभोज्यं, यदभोज्यं प्रचक्षतें ।।५४।।

**ધર્મને જાણનારાએ કદી પણ દિવસ અસ્ત થયા પછી ખાવું નહિ. અન્યદર્શનીઓ પણ રાત્રિ ભોજનને અભોજ્ય કહે છે. ૫૪.**

त्रयीतेजोमयो भानुरिति वेदविदो विदुः।
तत्करैः पूतमखिलं, शुभं कर्म समाचरेत् ।।५५।।

**અન્યદર્શનકારના શાસ્ત્રમાં કહ્યું છે કે – વેદ જાણનારાઓ સૂર્યને ત્રણ તેજોમય કહે છે, તેના કિરણોથી પવિત્ર થએલ બધાં શુભ કામ આચરવા. ૫૫.**

नैवाहुतिर्न च स्नानं, न श्राद्धं देवतार्चनम्।
दानं वा विहितं रात्रौ, भोजनं तु विशेषतः ।।५६।।

**રાત્રિએ આહુતિ, સ્નાન, શ્રાદ્ધ, દેવપૂજન અને દાન કરવા નહિ અને ભોજન તો વિશેષ કરી ન જ કરવું. ૫૬.**

दिवसस्याष्टमे भागे, मन्दीभूते दिवाकरे।
नक्तं तद्धि विजानीयान्न नक्तं निशिभोजनम् ॥५७॥

દિવસના આઠમા ભાગે સૂર્ય મન્દ થએ છતે ભોજન તે નક્ત ભોજન જાણવું. પણ રાત્રિ ભોજન તે નક્ત ભોજન નહિ. ૫૭.

देवैस्तु भुक्तं पुर्वाहने मध्याह्ने ऋषिभिस्तथा।
अपराहने तु पितृभिः, सायाह्ने दैत्यदानवैः ॥५८॥

દિવસના પહેલા ભાગમાં દેવોએ ખાધું છે, બપોરે ૠષિઓએ, દિવસના પાછલા ભાગમાં પિતૃઓએ અને સાંજે દૈત્ય તથા દાનવોએ ભોજન કર્યું છે. ૫૮.

सन्ध्यायां यक्षरक्षोभिः, सदा भुक्तं कुलोद्वहैः।
सर्ववेलां व्यतिक्रम्य, रात्रौ भुक्तमभोजनम् ॥५९॥

હે યુધિષ્ઠિર! સંધ્યાએ યક્ષ અને રાક્ષસોએ, કુલીનોએ આખો દિન ભોજન કર્યું છે, સર્વ વેળા ઉલ્લંઘીને રાત્રિએ કરેલું ભોજન અભોજન છે. ૫૯.

हृन्नाभिपद्म संकोचश्चंडरोचिरपायत:।
अतो नक्तं न भोक्तव्यं, सुक्ष्मजीवादनादपि ॥६०॥

**સૂર્ય અસ્ત થવાથી હૃદય કમળ અને નાભી કમળ સંકોચાઈ જાય છે. તથા સૂક્ષ્મ જીવોનું ભક્ષણ થવાથી રાત્રે ભોજન કરવું નહિ. ૬૦.**

संसृज्जज्जीवसंघातं भुञ्जाना निशिभोजनम्।
राक्षसेभ्यो विशिष्यन्ते, मूढात्मान: कथं न ते? ॥६१॥

**–હવે પોતાના પક્ષથી સમર્થન કરે છે – અનેક જીવોના પડવાથી પાપ બંધવાળું રાત્રિભોજનને કરનારા મૂઢાત્માઓને રાક્ષસોથી વધારે કેમ ન ગણી શકાય? ૬૧.**

वासरे रजन्यां च, य: खादन्नेव तिष्ठति।
शृंगपुच्छपरिभ्रष्ट:, स्पष्टं स पशुरेव हि ॥६२॥

**દિવસે અને રાત્રિએ જે ખાતો જ રહે છે, તે શીંગડા અને પુછડાથી રહિત પ્રગટ પશુ જ છે. ૬૨.**

अह्नो मुखेऽवसाने च, यो द्वे द्वे घटिके त्यजन्।
निशाभोजनदोषज्ञोऽश्नात्यसौ पुण्यभाजनं ।।६३।।

દિવસના આરંભમાં અને દિવસના અન્તે બે બે ઘડી મૂકીને રાત્રિભોજનના દોષને જાણનારા જે મનુષ્ય ભોજન કરે છે તે પુન્યનું ભાજન છે. ૬૩.

अकृत्वा नियमं दोषाभोजनाद्दिनभोज्यपि।
फलं भजेन्न निर्व्याजं, न वृद्धिर्भाषितं विना ।।६४।।

રાત્રિભોજનનો નિયમ કર્યા વિના દિવસે ભોજન કરનારો પણ ફળ પામે નહિ કેમકે કહ્યા વિના વૃદ્ધિ ન થાય. ૬૪.

ये वासरं परित्यज्य, रजन्यामेव भुञ्जते।
ते परित्यज्य माणिक्यं, काचमाददते जडाः ।।६५।।

જેઓ દિવસ છોડીને રાત્રિએ જ ભોજન કરે છે, તે મૂર્ખાઓ માણિક્ય તજી દઈ કાચ ગ્રહણ કરે છે. ૬૫.

वासरे सति ये श्रेयस्काम्यया निशि भुञ्जते।
ते वेपन्त्यूषरे क्षेत्रे, शालीन् सत्यपि पल्वले ॥६६॥

દિવસ છતાં કલ્યાણની ઈચ્છાથી જે રાત્રિએ ભોજન કરે છે, તે ક્યારા છતા ઉખર ક્ષેત્રમાં ડાંગર વાવે છે. ૬૬.

उलूककाकमार्जारगृध्रशंबरशूकराः।
अहिवृश्चिकगोधाश्च, जायन्ते रात्रिभोजनात् ॥६७॥

રાત્રિભોજન કરવાથી, ઘુવડ, કાગડા, બિલાડા, ગીધ, સાબર, ભુંડ, સાપ, વિંછી અને ગિરોળી પણ ઉત્પન્ન થાય છે. ૬૭.

श्रुयते ह्यन्यशपथाननादृत्यैव लक्ष्मणः।
निशाभोजनशपथं, कारितो वनमालया ॥६८॥

સંભળાય છે કે અન્ય સોગાનનો અનાદર કરીને વનમાળાએ લક્ષ્મણને રાત્રિ ભોજનનો સોગાન કરાવ્યો. ૬૮.

करोति विरतिं धन्यो, यः सदानिशिभोजनात्।
सोऽर्धं पुरुषायुष्कस्य, स्यादवश्यमुपोषितः ॥६९॥

(અનુભવથી થએલા સિદ્ધ, રાત્રિભોજન ત્યાગ કરવાથી થતા લાભો જણાવે છે.) જે મનુષ્ય હંમેશાં રાત્રિભોજનથી વિરતિ કરે છે તે ધન્ય છે, કેમકે તેથી તો મનુષ્યનું અર્ધું આયુષ્ય ઉપવાસિત થાય છે. ૬૯.

रजनीभोजनत्यागे, ये गुणाः परितोऽपि तान्।
न सर्वज्ञादृते कश्चिदपरो वक्तुमीश्वरः ॥७०॥

રાત્રિભોજન ત્યાગ કરવામાં જે ગુણો છે તે સર્વ કહેવાને સર્વજ્ઞ સિવાય બીજો કોઈ પણ સમર્થ નથી. ૭૦.

(इति रात्रिभोजनविरति:)

आमगोरससंपृक्तद्विदलादिषु जन्तवः।
दृष्टाः केवलिभिः सूक्ष्मास्तस्मात्तानि विवर्जयेत् ॥७१॥

કાચા ગોરસની સાથે દ્વિદળાદિકમાં (કઠોળમાં)

કેવળીઓએ સૂક્ષ્મ જન્તુઓ જોયા છે માટે તેનો ત્યાગ કરવો. ૭૧.

जन्तुमिश्रं फलं पुष्पं, पत्रं चान्यदपि त्यजेत्।
सन्धानमपि संसक्तं, जिनधर्मपरायणः ।।७२।।

જન્તુથી મિશ્ર ફળ, પુષ્પ, પત્ર અથાણાં અને બીજા આમ્રફળાદિ સંસકત (અથાણાં) હોય છે માટે જિનધર્મમાં તત્પર મનુષ્યે તે તજી દેવા. ૭૨

(इति द्विदलादित्यागः)

आर्त्तरौद्रमपध्यांन, पापकर्मोपदेशिता।
हिंसोपकारिदांन च, प्रमादाचरणं तथा ।।७३।।

આર્ત રોદ્રરૂપ ખરાબ ધ્યાન, પાપ કર્મનો ઉપદેશ, હિંસામાં ઉપકારી (વસ્તુનું) દાન અને પ્રમાદનું આચરણ. ૭૩.

शरीराद्यर्थदंडस्य, प्रतिपक्षतया स्थितः।
योऽनर्थदंडस्तत्त्यागस्तृतीयं तु गुणव्रतम् ।।७४।।

શરીરાદિ અર્થદંડના પ્રતિપક્ષપણે રહેલ જે અનર્થ-દંડ, તેનો ત્યાગ કરવો તે ત્રીજું ગુણાવ્રત છે. ૭૪.

वैरिघातो नरेन्द्रत्वं, पुरघाताग्निदीपने।
खेचरत्वाद्यपध्यानं, मुहूर्त्तात्परतस्त्यजेत् ।।७५।।

શત્રુનો ઘાત, રાજાપણું, નગરનો નાશ, અગ્નિ સળગાવવો અને ખેચરપણું ઈત્યાદિ ખરાબ ધ્યાનનો મુહૂર્ત ઉપરાંત ત્યાગ કરવો. ૭૫.

वृषभान् दमय क्षेत्रं, कृषषंढय वाजिनः।
दाक्षिण्याविषये पापोपदेशोऽयं न कल्पते ।।७६।।

**પાપોપદેશ નામના બીજા પદનું સ્વરૂપ** – બળદોનું દમન કર, ક્ષેત્ર ખેડ, ઘોડાઓને નપુંસક બનાવ આ પાપોપદ વિશે દાક્ષિણ્યતાના સંબંધ સિવાય કરવો ઘટતો નથી. ૭૬.

यन्त्रलांगलशस्त्राग्निमुशलोदूखलादिकम्।
दाक्षिण्याविषये हिंस्त्रं, नार्पयेत्करुणापरः ।।७७।।

**હિંસક ઉપકરણો ન આપવા સંબંધી** – યંત્ર, હળ, શસ્ત્ર, અગ્નિ, સાંબેલુ અને ખરણીઓ (ખલ) વિગેરે હિંસક ઉપકરણ દાક્ષિણ્યતાના સંબંધ સિવાય દયાવાન બીજાને આપે નહિ. ૭૭.

कुतूहलाद् गीतनृत्यनाटकादिनिरीक्षणम्।
कामशास्त्रप्रसक्तिश्च, द्यूतमद्यादिसेवनम् ।।७८।।

**પ્રમાદાચરણ નામના ચોથા ભેદ સંબંધી.** કુતૂહલથી ગાયન, નાચ, નાટય વિગેરે જોવાં, કામશાસ્ત્રમાં આસક્તિ, ધૂત મદિરાનું સેવન. ૭૮.

जलक्रीडान्दोलनादिविनोदो जन्तुयोधनम्।
रिपोः सुतादिना वैरं, भक्तस्त्रीदेशराट्कथा ।।७९।।

જળ ક્રીડા કરવા, હિંચોળાદિનો વિનોદ, જીવોને લડાવવા, શત્રુના પુત્રાદિ સાથે વેર, ભોજનની કથા, સ્ત્રી કથા, દેશકથા અને રાજકથા કરવી. ૭૯.

रोगमार्गश्रमौ मुक्त्वा, स्वापश्च सकलां निशाम्।
एवमादि परिहरेत्, प्रमादाचरणं सुधीः ।।८०।।

રોગ અને માર્ગના પરિશ્રમ વિના આખી રાત સુઈ રહેવું વિગેરે પ્રમાદચરણનો બુદ્ધિવાને ત્યાગ કરવો. ૮૦.

विलासहासनिष्ठ्यूतनिद्राकलहदुष्कथा: ।
जिनेन्द्रभवनस्यान्तराहारं च चतुर्विधम ।।८१।।

**જિનેશ્વરના મંદિરમાં વિલાસ, હાસ્ય, થુંકવું, નિદ્રા, કલહ, ખરાબ કથાઓ અને ચાર પ્રકારના આહારનો ત્યાગ કરવો. ૮૧.**

(अनर्थदण्डविरति :)

त्यक्तार्त्तरौद्रध्यानस्य, त्यक्तसावद्यकर्मण: ।
मुहूर्तं समता या तां, विदु: सामायिकं वतम् ।।८२।।

**હવે ચાર શિક્ષા વ્રત કહે છે તેમાં પ્રથમ સામાયિક વ્રત કહે છે.** આર્ત રૌદ્રધ્યાન રહિત સાવદ્ય કર્મનો ત્યાગ કરી એક મુહૂર્ત સુધી જે સમભાવ તે સામાયિક વ્રત કહ્યું છે. ૮૨.

सामायिकव्रतस्थस्य, गृहिणोऽपि स्थिरात्मनः।
चन्द्रावतंसकस्येव, क्षीयते कर्म संचितम् ॥८३॥

**સામાયિકથી મહાનિર્જરા થાય છે તે કહે છે. –** સામાયિક વ્રતમાં રહેલા સ્થિર આત્માવાળા ગૃહસ્થીને પણ ચંદ્રાવતંસકની પેઠે સંચય કરેલ કર્મનો ક્ષય થાય છે. ૮૩.

दिग्व्रते परिमाणं यत्तस्य संक्षेपणं पुनः।
दिने रात्रौ च देशावकाशिकव्रतमुच्यते ॥८४॥

**હવે બીજું શિક્ષાવ્રત કહે છે. –** દિગ્વ્રતમાં જે પરિમાણ હોય તેનો ફરીથી રાત્રિએ અને દિવસે સંક્ષેપ કરવો તે દેશાવકાશિક વ્રત કહેવાય છે. ૮૪.

चतुष्पर्व्यां चतुर्थादि, कुव्यापारनिषेधनम्।
ब्रह्मचर्यक्रिया स्नानादित्यागः पौषधव्रतम् ॥८५॥

**હવે ત્રીજું વ્રત કહે છે. –** ચાર પર્વીમાં ઉપવાસ આદિ કરવા, કુવ્યાપારનો ત્યાગ કરવો, બ્રહ્મચર્ય પાળવું

અને સ્નાનાદિક ક્રિયાનો ત્યાગ (એ ચાર પ્રકારે) પૌષધ વ્રત છે. ૮૫.

गृहिणोऽपि हि धन्यास्ते, पुण्यं ये पौषधव्रतम्।
दुष्पालं पालयन्त्येव, यथा स चुलनीपिता ॥८६॥

**પૌષધ કરનારની પ્રશંસા કરે છે.** – તે ગૃહસ્થિઓ પણ ધન્ય છે કે જે દુ:ખે પાળી શકાય એવા પવિત્ર પૌષધવ્રતને તે ચુલનીપિતાની જેમ પાળે છે. ૮૬.

दानं चतुर्विधाहारपात्राच्छादनसद्मनाम्।
अतिथिभ्योऽतिथिसंविभागव्रतमुदीरितम् ॥८७॥

**હવે ચોથું શિક્ષાવ્રત કહે છે** – ચાર પ્રકારનો આહાર, પાત્ર, વસ્ત્ર અને સ્થાન અતિથિઓને આપવા, તે અતિથિસંવિભાગ વ્રત કહ્યું છે. ૮૭.

पश्य संगमको नाम, संपदं वत्सपालकः।
चमत्कारकरीं प्राप, मुनिदानप्रभावतः ॥८८॥

**અતિથિદાનનું ફળ કહે છે. –** જુઓ વાછડા પાળનાર સંગમક, મુનિદાનના પ્રભાવથી ચમત્કાર કરનારી સંપતિને પામ્યો. ૮૮.

## (शिक्षाव्रतानि)

व्रतानि सातिचाराणि, सुकृताय भवन्ति न।
अतिचारास्ततो हेयाः पञ्च पञ्च व्रते व्रते ॥८९॥

**હવે બારે વ્રતના અતિચારો જણાવે છે.–**અતિચાર સહિત વ્રતો કલ્યાણ માટે થતા નથી, તેથી દરેક વ્રતમાં લાગતા પાંચ પાંચ અતિચાર ત્યાગવા. ૮૯.

क्रोधाद् बन्धच्छविच्छेदोऽधिकभाराधिरोपणम्।
प्रहारोऽन्नादिरोधश्चाहिंसायां परिकीर्तिताः ॥९०॥

**પહેલા વ્રતના પાંચ અતિચાર. –** ક્રોધથી બન્ધન કરવું, ચામડી આદિનો છેદ કરવો, અધિક ભાર ભરવો, અને અન્ન વિગેરેનો રોધ કરવો, (આ પાંચ અતિચાર) અહિંસા વ્રતમાં છે. ૯૦.

मिथ्योपदेशः सहसाभ्याख्यानं गुह्यभाषणम्।
विश्वस्तमंत्रभेदश्च, कूटलेखश्च सूनते ।।९१।।

**બીજા વ્રતના પાંચ અતિચાર.**–મિથ્યા ઉપદેશ કરવો, વગર વિચારે ખોટું આળ દેવું, ગુહ્ય વાત કહી દેવી, વિશ્વાસ પામેલાનો મંત્ર ભેદ કરવો અને જુઠા લેખ લખવા (આ પાંચ અતિચાર) સત્ય વ્રતમાં છે. ૯૧.

स्तेनानुज्ञा तदानीतादानं द्विड्राज्यलंघनम्।
प्रतिरूपक्रिया मानान्यत्वं चास्तेयसंश्रिताः ।।९२।।

**ત્રીજા વ્રતના પાંચ અતિચાર.**–ચોરને ચોરી કરવા આજ્ઞા કરવી, તેની લાવેલી વસ્તુ ગ્રહણ કરવી, વિરૂદ્ધ રાજ્યમાં ગમન કરવું, ખોટી વસ્તુને ખરીના જેવી બનાવી વેચવી અને ખોટાં માપ કરવા (આ પાંચ અતિચાર) અસ્તેય વ્રતના છે. ૯૨.

इत्वरात्तागमोऽनात्तागतिरन्यविवाहनम्।
मदनात्याग्रहोऽनंगक्रीडा च ब्रह्मणि स्थिताः ।।९३।।

**ચોથા વ્રતના અતિચાર.**-થોડા વખત માટે દ્રવ્ય આપેલી વેશ્યાને રાખવી, કોઈએ નહિ ગ્રહણ કરેલી કન્યાદિ સ્ત્રી સાથે ગમન કરવું, બીજાના વિવાહ કરવા, કામમાં અતિ આસક્ત થવું અને અનંગક્રિડા કરવી. (આ પાંચ અતિચાર) બ્રહ્મચર્યવ્રતમાં કહ્યા છે. ૯૩.

धनधान्यस्य कुप्यस्य, गवादेः क्षेत्रवास्तुनः।
हिरण्यहेम्नश्च संख्याऽतिक्रमोऽत्र परिग्रहे ।।९४।।

**પાંચમાં વ્રતના અતિચાર.**- ધન ધાન્ય સંબંધી, ધાતુ સંબંધી, ગાય વિગેરેનો, ક્ષેત્ર ઘર સંબંધી અને સોના રૂપા સંબંધી સંખ્યાનો અતિક્રમ કરવો. (એ પાંચ અતિચાર) પરિગ્રહવ્રતમાં છે. ૯૪.

बन्धनाद् भावतो गर्भाद्योजनाद्दानतस्तथा।
प्रतिपन्नव्रतस्यैष, पञ्चधापि न युज्यते ।।९५।।

અનુક્રમે બંધનથી, ભાવથી, ગર્ભથી, જોડવાથી તથા આપવાથી આ પાંચે પ્રકારે અતિચારો થાય છે. તે વ્રતગ્રહણ કરેલાને કરવા ઘટે નહિ. ૯૫.

स्मृत्यन्तर्धानमूर्ध्वाधस्तिर्यग्भागव्यतिक्रमः।
क्षेत्रवृद्धिश्च पञ्चेति, स्मृता दिग्विरतिव्रते ।।९६।।

**પહેલા ગુણાવ્રતના અતિચાર કહે છે. –** સ્મૃતિ વિહીન થવું, ઉર્ધ્વ, અધો અને તિર્છિ દિશામાં નિયમ ઉપરાંત જવું, અને ક્ષેત્રવૃદ્ધિ કરવી, આ પાંચ અતિચાર દિગ્વિરમણાવ્રતમાં કહ્યા છે. ૯૬.

सचित्तस्तेन संबद्धः, सम्मिश्रोऽभिषवस्तथा।
दुष्पक्वाहार इत्येते, भोगोपभोगमानगाः ।।९७।।

**બીજા ગુણાવ્રતના અતિચાર.–**સચિત્તઆહાર, સચિત્ત સાથે સંબંધવાળો આહાર, સચિત્તથી મિશ્ર આહાર, નહી પાકેલ આહાર અને કાચોપાકો આહાર એ (પાંચ અતિચાર) ભોગોપભોગ પરિમાણ વ્રતના જાણવા. ૯૭.

अमी भोजनतस्त्याज्या:, कर्मत: खरकर्म तु।
तस्मिन् पञ्चदश मलान्, कर्मादानानि संत्यजेत् ।।९८।।

**ભોજન થકી આ પાંચ અતિચાર તજવા યોગ્ય છે અને કર્મથી તો ખરકર્મ છે તેમાં કર્માદાન રૂપ પંદર અતિચાર તજી દેવા. ૯૮.**

अंगारवनशकटभाटकस्फोटजीविका:।
दन्तलाक्षारसकेशविषवाणिज्यकानि च ।।९९।।

**પંદર કર્માદાન ગણાવે છે. - અંગારજીવિકા, વનજીવિકા, શકટજીવિકા, ભાટકજીવિકા, ને સ્ફોટકજીવિકા ૫ તથા દંતવાણિજ્ય, ૬ લાખવાણિજ્ય ૭, રસવાણિજ્ય, ૮ કેશવાણિજ્ય અને વિષવાણિજ્ય. ૯૯.**

यन्त्रपीडा निर्लाञ्छनमसतीपोषणं तथा।
दवदानं सर:शोष इति पञ्चदश त्यजेत् ।।१००।।

**યંત્રપીલનકર્મ, ૧૧ નિર્લાંછનકર્મ, ૧૨ અસતીપોષણ**

૧૩, દાહ દેવો ૧૪ અને સરોવર સુકવવા ૧૫ આ પંદર અતિચાર તજી દેવા. ૧૦૦.

अंगारभ्राष्ट्रकरणं, कुंभाय:स्वर्णकारिता।
ठठारत्वेष्टिकापाकाविति ह्यंगारजीविका ।।१०१।।

**એ પંદરે અતિચાર વિશેષથી કહે છે. - કોલસા બનાવવા, અનાજ સેકવા, કુંભારનો ધંધો, લુહારનો ધંધો, સોનીનો ધંધો, કંસારાનો ધંધો અને ઇંટ વિગેરે પકાવવું. એ અંગારજીવિકા છે. ૧૦૧.**

छिन्नाच्छिन्नवनपत्रप्रसूनफलविक्रय:।
कणानां दलनात्पेषाद्वृत्तिश्च वनजीविका ।।१०२।।

**છેદેલા અને નહિ છેદેલા વનના પાંદડા, ફુલને ફળનો વેપાર તથા અનાજને દળવાથી અથવા વાટવાથી આજીવિકા કરવી તે વનજીવિકા છે. ૧૦૨.**

शकटानां तदंगानां, घटनं खेटनं तथा।
विक्रयश्चेति शकटजीविका परिकीर्तिता ।।१०३।।

ગાડાં અને તેના અંગો પૈડાં વિગેરે બનાવવા તથા વહન કરવા અને તે વેચવા, તેને શકટજીવિકા કહે છે. ૧૦૩.

शकटोक्षलुलायोष्ट्रखराश्वतरवाजिनाम्।
भारस्य वाहनाद्वृत्तिर्भवेद् भाटकजीविका ॥१०४॥

ગાડાં, બળદ, પાડા, ઊંટ, ગધેડા, ખચ્ચર અને ઘોડા પાસે ભાર ખેંચાવી આજીવિકા કરવી તે ભાટક આજીવિકા છે. ૧૦૪.

सरःकूपादिखननशिलाकुट्टनकर्मभिः।
पृथिव्यारंभसंभूतैर्जीवनं स्फोटजीविका ॥१०५॥

સરોવર, કુવા વિગેરે ખોદવા, પથ્થર ઘડવા, વગેરે પૃથ્વીકાયના આરંભથી થએલા કર્મ વડે આજીવિકા કરવી તે સ્ફોટકજીવિકા છે. ૧૦૫.

दन्तकेशनखस्थित्वग्रोम्णो ग्रहणमाकरे।
त्रसांगस्य वाणिज्यार्थं, दन्तवाणिज्यमुच्यते ॥१०६॥

ઉત્પત્તિસ્થાનમાં વેપાર માટે દાંત, વાળ, નખ, હાડકાં, ચામડું, રૂંવાટી અને ત્રસજીવોના અંગ ગ્રહણ કરવા તે દન્ત વાણિજ્ય કહેવાય છે. ૧૦૬.

लाक्षामन:शिलानीलीधातकीटंकणादिन:।
विक्रय: पापसदनं, लाक्षावाणिज्यमुच्यते ।।१०७।।

લાખ, મણશીલ, ગળી, ધાવડી, અને ટંકણખાર વિગેરેનો વેપાર તે પાપનું ઘર છે, ને તે લાખવાણિજ્ય કહેવાય છે. ૧૦૭.

नवनीतवसाक्षौद्रमद्यप्रभृतिविक्रय:।
द्विपाच्चतुष्पाद्विक्रयो, वाणिज्यं रसकेशयो: ।।१०८।।

માખણ, ચરબી, મધ અને દારૂ વિગેરેનો વ્યાપાર તે રસવાણિજ્ય તથા દ્વિપદ અને ચતુષ્પદનો વ્યાપાર તે કેશવાણિજ્ય કહેવાય. ૧૦૮.

विषास्त्रहलयंत्रायोहरितालादिवस्तुन:।
विक्रयो जीवितघ्नस्य, विषवाणिज्यमुच्यते ।।१०९।।

વિષ, અસ્ત્ર, હળ, યંત્ર, લોઢું અને હરતાળ વિગેરે જીવોને ઘાત કરનારી વસ્તુનો વ્યાપાર તે વિષવાણિજ્ય કહેવાય છે. ૧૦૯.

तिलेक्षुसर्षपैरंडजलयन्त्रादिपीडनम्।
दलतैलस्य च कृतिर्यंत्रपीडां प्रकीर्तिता ।।११०।।

તલ, શેરડી સરસવ ને એરંડી પીલવાના યંત્ર પાણીના યંત્ર તથા તલનું કચરીયું કરવું વિગેરે યંત્રપીડન કર્મ કહ્યું છે. ૧૧૦.

नासावेधोंऽकनं मुष्कच्छेदनं पृष्ठगालनं।
गोकर्णकम्बलच्छेदो,निर्लांछनमुदीरितम् ।।१११।।

નાક વીંધવા, આંકવું, અંડ છેદવા, પીઠ ગાળવી, ગાયના કાન અને કંબળ છેદવા એ નિર્લાંછન કર્મ કહ્યું છે. ૧૧૧.

शारिकाशुकमार्जारश्वकुर्कुटकलापिनाम्।
पोषो दास्याश्च वित्तार्थमसतीपोषणं विदुः ।।११२।।

મેના, પોપટ, બિલાડા, કુતરા, કુકડા, મોર, અને દાસીનું દ્રવ્ય માટે પોષણ કરવું તે અસતિપોષણ કહ્યું છે. ૧૧૨.

व्यसनात्पुण्यबुध्ध्या वा, दवदानं भवेत् द्विधा।
सर:शोष: सर:सिन्धुह्रदादेरम्बुसंप्लव: ।।११३।।

ખરાબ ટેવથી અથવા પુણ્યબુદ્ધિથી બે પ્રકારે દવદાન થાય છે તથા સરોવર, નદી અને દ્રહ વિગેરેનું પાણી સુકવવું તે સર:શોષણકર્મ છે. ૧૧૩.

(इति पञ्चदश कर्मादानानि)

संयुक्ताधिकरणत्वमुपभोगातिरिक्तता।
मौखर्यमथ कौकुच्यं, कन्दर्पोऽनर्थदंडगा: ।।११४।।

**અનર્થદંડવ્રતના અતિચાર કહે છે.** – અધિકરણો જોડી રાખવા, ઉપભોગની વસ્તુઓ ખપ કરતાં વધારે રાખવી, વાચાળપણું, કુચેષ્ટા કરવી અને કામોદ્ભવ થાય તેવાં વચન બોલવાં એ અનર્થદંડવ્રતના અતિચાર છે. ૧૧૪.

कायवाङ्मनसां दुष्टप्रणिधानमनादरः।
स्मृत्यनुपस्थापनं च, स्मृताः सामायिकव्रते ।।११५।।

**સામાયિકવ્રતના અતિચાર કહે છે.** – મન વચન અને કાયાનું દુષ્ટપ્રણિધાન, સામાયિકમાં અનાદર અને સ્મૃતિવિહીન થવું. (એ પાંચ અતિચાર) સામાયિકવ્રતમાં કહ્યા છે. ૧૧૫.

प्रेष्यप्रयोगानयनं, पुद्गलक्षेपणं तथा।
शब्दरूपानुपातौ, व्रते देशावकाशिके ।।११६।।

**દેશાવગાસિકવ્રતના અતિચાર.**– નિયમિત ભૂમિની બહાર મોકલવું, નિયમિત ભૂમિની બહારથી મંગાવવું, પુદ્ગલોત્ક્ષેપ કરવો, શબ્દ સંભળાવવો અને રૂપ બતાવવું. (આ પાંચ અતિચાર) દેશાવકાશિક વ્રતમાં છે. ૧૧૬.

उत्सर्गादानसंस्ताराद्यनवेक्ष्याप्रमृज्य च।
अनादरः स्मृत्यनुपस्थापनं चेति पौषधे ।।११७।।

**પૌષધોપવાસ વ્રતના અતિચાર.**–જોયા અને પુંજ્યાં વિના કંઈ પણ વસ્તુ મૂકવી, લેવી અને સંથારો કરવો, તથા પૌષધમાં અનાદર અને પૌષધ કર્યો છે કે નહિ તે ભૂલી જવું. (એ અતિચાર) પૌષધવ્રતમાં છે. ૧૧૭.

सचिते क्षेपणं तेन, पिधानं काललंघनम्।
मत्सरोऽन्यापदेशश्च, तुर्ये शिक्षाव्रते स्मृताः ।।११८।।

**અતિથિસંવિભાગવ્રતના અતિચાર**–(મુનિને દેવા યોગ્ય વસ્તુ) સચિત્ત પદાર્થ ઉપર મૂકવી, કે સચિત્ત પદાર્થથી ઢાંકવી, ગોચરીનો વખત વિત્યા બાદ મુનિને આમંત્રણ કરવું. મત્સર ધરવો અને અન્યવ્યપદેશ કરવો (એ પાંચ અતિચાર) ચોથા શિક્ષાવ્રતમાં કહેલાં છે. ૧૧૮.

(इति परिग्रहः । इति अतिचाराः)

एवं व्रतस्थितो भकत्या, सप्तक्षेत्र्यां धनं वपन्।
दयया चातिदीनेषु, महाश्रावक उच्यते ।।११९।।

મહા શ્રાવકપણું કહે છે.– એવી રીતે વ્રતમાં રહેલો ભક્તિથી સાત ક્ષેત્રમાં ધન વાવતો અને અતિ કંગાળ ઉપર દયા કરવા વડે મહાશ્રાવક કહેવાય છે. ૧૧૯.

यः सद् बाह्यमनित्यं च, क्षेत्रेषु न धनं वपेत्।
कथं वराकश्चारित्रं, दुश्चरं स समाचरेत्? ॥१२०॥

જે પુરૂષ, મળેલું એવું, અનિત્ય ને બાહ્ય એવું ધન સાત ક્ષેત્રમાં વાવતો નથી તે બિચારો દુઃખે આચરી શકાય એવું ચારિત્ર કેમ આચરી શકે ? ૧૨૦.

ब्राह्मे मुहूर्ते उत्तिष्ठेत्, परमेष्ठिस्तुतिं पठन्।
किंधर्मा किंकुलश्चास्मि,
किंव्रतोऽस्मीति च स्मरन्॥१२१॥

મહાશ્રાવકની દિન ચર્યા – બ્રહ્મ મુહૂર્તમાં ઊઠી પરમેષ્ઠિનું સ્મરણ કરતો એમ સંભારે કે મારો ધર્મ શો ? મારૂં કુળ શું ? અને મેં ક્યા વ્રત ધારણ કર્યા છે ? ૧૨૧.

शुचिः पुष्पामिषस्तोत्रैर्देवमभ्यर्च्य वेश्मनि।
प्रत्याख्यानं यथाशक्ति, कृत्वा देवगृहं व्रजेत् ॥१२२॥

**પવિત્ર થએલો (ગૃહસ્થ) પુરૂષ, નૈવેદ્ય અને સ્તોત્રોથી ઘરમાં દેવને પૂજીને, યથાશક્તિ પ્રત્યાખ્યાન કરી દેવમંદિરે જાય. ૧૨૨.**

प्रविश्य विधिना तत्र, त्रिः प्रदक्षिणयेज्जिनम्।
पुष्पादिभिस्तमभ्यर्च्य, स्तवनैरुत्तमैः स्तुयात् ॥१२३॥

**ત્યાં દેવમંદિરમાં વિધિથી પ્રવેશ કરી જિનેશ્વરને ત્રણ વાર પ્રદક્ષિણા કરે. પછી પુષ્પાદિકથી જિનેશ્વરને પૂજી ઉત્તમ સ્તવનોથી જિનેશ્વરની સ્તુતિ કરે. ૧૨૩.**

ततो गुरूणामभ्यर्णे, प्रतिपत्तिपुरःसरम्।
विदधीत विशुद्धात्मा, प्रत्याख्यानप्रकाशनम् ॥१२४॥

**ત્યારપછી ભક્તિપૂર્વક ગુરૂ પાસે આવી, વિશુદ્ધાત્મા શ્રાવકે પ્રકટ પ્રત્યાખ્યાન કરવું. ૧૨૪.**

अभ्युत्थानं तदालोकेऽभियानं च तदागमे।
शिरस्यञ्जलिसंश्लेषः, स्वयमासनढौकनम् ॥१२५॥

ગુરૂને જોઈ ઉભા થવું, તેમને આવતા ભાળી સામા જવું, મસ્તકે અંજલી જોડવી અને પોતે આસન આપવું. ૧૨૫.

आसनाभिग्रहो भकत्या, वन्दना पर्युपासनम्।
तद्यानेऽनुगमश्चेति, प्रतिपत्तिरियं गुरोः ॥१२६॥

પોતે આસનગ્રહણ ન કરવું. ભક્તિથી વંદના કરવી, સેવા કરવી અને ગુરૂની પાછળ જવું, એ ગુરૂની પ્રતિપત્તિ–ભક્તિ કહેવાય. ૧૨૬.

ततः प्रतिनिवृत्तः सन्, स्थानं गत्वा यथोचितम्।
सुधीर्धमाविरोधेन, विदधीतार्थचिन्तनम् ॥१२७॥

ત્યાંથી પાછા ફરીને યથોચિત સ્થાને જઈ ધર્મને વિરોધ ન આવે તેમ બુધ્ધિમાને અર્થચિન્તત કરવું. ૧૨૭.

ततो माध्याह्निकीं पूजां, कुर्यात्कृत्वाऽथ भोजनम्।
तद्विद्भिः सह शास्त्रार्थरहस्यानि विचारयेत् ॥१२८॥

ત્યાર પછી બપોરની પૂજા કરે. તથા ભોજન કરીને શાસ્ત્રજ્ઞો સાથે શાસ્ત્ર સંબંધી અર્થના રહસ્યો વિચારે. ૧૨૮.

ततश्च सन्ध्यासमये, कृत्वा देवार्चनं पुनः।
कृतावश्यककर्मा च, कुर्यात्स्वाध्यायमुत्तमम् ॥१२९॥

તે પછી સંધ્યા વખતે ફરી દેવપૂજન કરી, આવશ્યક (પ્રતિક્રમણ કરી) ઉત્તમ સ્વાધ્યાય કરે. ૧૨૯.

न्याय्ये काले ततो देवगुरुस्मृतिपवित्रितः।
निद्रामल्पामुपासीत, प्रायेणाब्रह्मवर्जकः ॥१३०॥

કેટલોક વખત વિત્યા બાદ દેવગુરૂનાં સ્મરણ કરવાથી પવિત્ર થયેલો, અને ઘણું કરીને અબ્રહ્મચર્યને તજનારો (શ્રાવક) થોડી નિદ્રા લે. ૧૩૦.

निद्राच्छेदे योषिदंगसतत्त्वं परिचिन्तयेत्।
स्थूलभद्रादिसाधूनां, तन्निवृत्तिं परामृशन् ।।१३१।।

**નિદ્રાનો છેદ થએ છતે સ્થૂલિભદ્રાદિ સાધુની કરેલી સ્ત્રીના શરીરની વિરતિને સ્મરણ કરતો ચિન્તવન કરે. ૧૩૧.**

यकृच्छकृन्मलश्लेष्ममज्जास्थिपरिपूरिताः।
स्नायुस्यूता बहीरम्याः स्त्रियश्चर्मप्रसेविकाः ।।१३२।।

**નિરન્તર મળ, શ્લેષ્મ, મજ્જા અને હાડકાંઓથી પૂર્ણ સ્નાયુથી સીવેલી ધમણના જેવી સ્ત્રીઓ બહારથી જ સુંદર છે. ૧૩૨.**

बहिरन्तर्विपर्यासः, स्त्रीशरीरस्य चेद् भवेत्।
तस्यैव कामुकः कुर्याद्, गृध्रगोमायुगोपनम् ।।१३३।।

**જો સ્ત્રીના શરીરનો વિપર્યાસ થાય એટલે બહારનું અંદર અને અંદરનું બહાર થાય, તો તેજ શરીરનું ગીધ અને શિયાળથી કામી પુરૂષ રક્ષણ કરે. ૧૩૩.**

स्त्रीशस्त्रेणापि चेत् कामो, जगदेतज्जिगीषति।
तुच्छपिच्छमयं शस्त्रं, किं नादत्ते स मूढधीः ? ।।१३४।।

**સ્ત્રીરૂપી શસ્ત્રથી પણ કામદેવ જગતને જીતવા ઈચ્છે છે, તો તે મૂર્ખ તુચ્છ પીંછામય શસ્ત્ર શા માટે નથી લેતો ? ૧૩૪.**

संकल्पयोनिनानेन, हा हा विश्वं विडंबितम्।
तदुत्खनामि संकल्पं, मूलमस्येति चिन्तयेत् ।।१३५।।

**અરેરે ! સંકલ્પથી જન્મનારા આ કામદેવે જગતને દુઃખી કર્યું છે, તો હું આના મૂળરૂપ વિચારને જ ઉખેડી નાખું એમ વિચારે. ૧૩૫.**

यो यः स्याद् बाधको दोषस्तस्य तस्य प्रतिक्रियाम्।
चिन्तयेद्दोषमुक्तेषु, प्रमोदं यतिषु व्रजन् ।।१३६।।

**જે જે દોષ પોતાને પીડાકારક હોય તે તે દોષની પ્રતિક્રિયા (ઈલાજ) દોષથી મુક્ત યતિઓ ઉપર હર્ષ પામતો વિચારે. ૧૩૬.**

दुःस्थां भवस्थितिं स्थेम्ना, सर्वजीवेषु चिन्तयन्।
निसर्गसुखसर्गं तेष्वपवर्गं विमार्गयेत् ।।१३७।।

**સર્વ જીવોમાં સ્થિર ચિત્તથી દુઃસહ ભવસ્થિતિનો વિચાર કરે અને તેઓને વિષે સ્વભાવિક સુખવાળા મોક્ષની વિચારણા કરે. ૧૩૭.**

संसर्गेऽप्युपसर्गाणां दृढव्रतपरायणाः।
धन्यास्ते कामदेवाद्याः, श्लाध्यास्तीर्थकृतामपि ।।१३८।।

**ઉપસર્ગનો સંસર્ગ થયા છતાં પણ દૃઢ વ્રતમાં તત્પર એવા તે કામદેવ વિગેરે શ્રાવકો ધન્ય છે કે જે તીર્થંકરોને પણ વખાણવા યોગ્ય છે. ૧૩૮.**

जिनो देवः कृपा धर्मो, गुरवो यत्र साधवः।
श्रावकत्वाय कस्तस्मै, न श्लाघेताविमूढधीः ? ।।१३९।।

**જ્યાં જિનેશ્વર દેવ, દયા ધર્મ અને સાધુઓ છે એવા તે શ્રાવકપણાને ક્યો બુદ્ધિવાન ન વખાણે ? ૧૩૯.**

जिनधर्मविनिर्मुक्तो, मा भुवं चक्रवर्त्यपि।
स्यां चेटोऽपि दरिद्रोऽपि, जिनधर्माधिवासित: ।।१४०।।

**જિનધર્મ રહિત હું ચક્વર્તિ પણ થાઉં નહિ. પરંતુ જિનધર્મથી વાસિત નોકર દરિદ્રી પણ થાઉ. (તો સારૂં.) ૧૪૦.**

त्यक्तसंगो जीर्णवासा, मलक्लिन्नकलेवर:।
भजन्माधुकरीं वृत्तिं, मुनिचर्यां कदा श्रये ।।१४१।।

**સંગનો ત્યાગ કરી, જીર્ણ વસ્ત્રવાળો અને મળથી ભિંજાએલા ગાત્રવાળો થઈ માધુકરી વૃત્તિવાળો થઈ મુનિચર્યાનો આશ્રય ક્યારે લઈશ? ૧૪૧.**

त्यजन् दु:शीलसंसर्गं, गुरुपादरज: स्पृशन्।
कदाहं योगमभ्यस्य, प्रभवेयं भवच्छिदे ।।१४२।।

**દુઃશીલના સંગનો ત્યાગ કરી, ગુરૂના ચરણરજને સ્પર્શ કરી, યોગનો અભ્યાસ કરીને ભવનો નાશ કરવામાં હું ક્યારે શક્તિમાન થઈશ? ૧૪૨.**

महानिशायां प्रकृते, कायोत्सर्गे पुराद् बहिः।
स्तंभवत्स्कंधकषणं, वृषाः कुर्युः कदा मयि? ।।१४३।।

**નગરની બહાર મધ્યરાત્રિએ કાયોત્સર્ગ કરૂં અને તેમાં સ્તભંની પેઠે બળદો ક્યારે મારા ઉપર ઘર્ષણા કરશે? ૧૪૩.**

वने पद्मासनासीनं, क्रोडस्थितमृगार्भकम्।
कदा घ्रास्यन्ति वक्रे मां, जरन्तो मृगयूथपाः ।।१४४।।

**વનમાં પદ્માસનથી બેઠેલા અને ખોળામાં બેઠેલા બચ્ચાંઓવા!ળા ઘરડા મૃગો મારૂં મુખ ક્યારે સુંઘશે? ૧૪૪.**

शत्रौ मित्रे तृणे स्त्रैणे, स्वर्णेऽश्मनि मणौ मृदि।
मोक्षे भवे भविष्यामि, निर्विशेषमतिः कदा? ।।१४५।।

**શત્રુ અને મિત્ર ઉપર, તૃણા અને સ્ત્રીઓના સમૂહ ઉપર, સુવર્ણ અને પત્થર ઉપર, મણિ અને માટી ઉપર, મોક્ષ અને સંસાર ઉપર સમાન ચિત્તવાળો ક્યારે હું થઈશ? ૧૪૫.**

अधिरोढुं गुणश्रेणिं, निश्रेणिं मुक्तिवेश्मनः।
परानन्दलताकन्दान्, कुर्यादिति मनोरथान् ।।१४६।।

**મોક્ષરૂપી મહેલની ગુણશ્રેણીરૂપ નીસરણી ચડવાને માટે અત્યંત આનંદરૂપ લતાના કંદ જેવા આ મનોરથો શ્રાવકે કરવા. ૧૪૬.**

इत्यहोरात्रिकीं चर्यामप्रमत्तः समाचरन्।
यथावदुक्तवृत्तस्थो, गृहस्थोऽपि विशुध्यति ।।१४७।।

**એ પ્રમાણે અહોરાત્રિ સંબંધી ચર્યાને અપ્રમત્ત થઈ આચરનાર અને યથાર્થ પૂર્વે કહેલા વ્રતમાં રહેલો ગૃહસ્થ પણ શુદ્ધ થાય છે. ૧૪૭.**

## (अहोरात्रचर्या)

सोऽथावश्यकयोगानां, भंगे मृत्योरथागमे।
कृत्वा संलेखनामादौ, प्रतिपद्य च संयमम् ।।१४८।।

**તે ગૃહસ્થ આવશ્યક યોગોનો ભંગ થએ છતે અને**

મૃત્યુ આવે છતે પ્રથમ સંલેખના કરી અને ચારિત્ર અંગીકાર કરી. ૧૪૮.

जन्मदीक्षाज्ञानमोक्षस्थानेषु श्रीमदर्हताम्।
तदभावे गृहेऽरण्ये, स्थंडिले जन्तुवर्जिते ।।१४९।।

અરિહંતના જન્મ, દીક્ષા, જ્ઞાન અને મોક્ષ કલ્યાણકના સ્થાનકોમાં, તેના અભાવે ઘરમાં, અરણ્ય ભૂમિમાં અને જંતુરહિત સ્થંડિલની જગામાં સંલેખના કરે. ૧૪૯.

त्यक्त्वा चतुर्विधाहारं, नमस्कारपरायणः।
आराधनां विधायोद्यैःश्चतुःशरणमाश्रितः ।।१५०।।

ચાર પ્રકારના આહારનો ત્યાગ કરી , નવકાર મંત્રમાં તત્પર, સારી રીતે તેઓ આરાધના કરીને ચાર શરણા અંગીકાર કરે. ૧૫૦.

इहलोके परलोके, जीविते मरणे तथा।
त्यक्त्वाऽऽशंसां निदानं च,समाधिसुधयोक्षितः।।१५१।।

परिषहोपसर्गेभ्यो, निर्भीको जिनभक्तिभाक्।
प्रतिपद्येत मरणमानन्दः श्रावको यथा ।।१५२।।युग्मम्।।

આ લોકસંબંધી, પરલોક સંબંધી, જીવીત સંબંધી અને મરણ સંબંધીની આશંસા તથા નિયાણાનો ત્યાગ કરી સમાધિરૂપ અમૃતથી સિંચાએલ. પરિસહ અને ઉપસર્ગથી ભય નહિ પામનાર, જિનેશ્વર ઉપર ભક્તિમાન થકો આનંદ શ્રાવકની જેમ મરણ અંગીકાર કરે. ૧૫૧-૧૫૨.

प्राप्तः स कल्पेष्विन्द्रत्वमन्यद्वा स्थानमुत्तमम्।
मोदतेऽनुत्तरप्राज्यपुण्यसंभारभाक् ततः ।।१५३।।

તેથી તે શ્રાવક કલ્પોમાં ઇન્દ્રપણું અથવા બીજું ઉત્તમ સ્થાન પામી અનુત્તર મહાન પુન્યના સમૂહને ભોગવનાર આનંદ પામે છે. ૧૫૩.

च्युत्वोत्पद्य मनुष्येषु, भुक्त्वा भोगान् सुदुर्लभान्।
विरक्तो मुक्तिमाप्नोति, शुद्धात्माऽन्तर्भवाष्टकम्।।१५४।।

ત્યાંથી ચ્યવી, મનુષ્યોમાં ઉત્પન્ન થઈ અતિદુર્લભ ભોગો ભોગવી વિરક્ત થઈ શુદ્ધાત્મા આઠ ભવમાં મુક્તિ પામે છે. ૧૫૪.

इति संक्षेप्तः सम्यग्, रत्नत्रयमुदीरितम्।
सर्वोऽपि यदनासाद्य, नासादयति निर्वृतिम् ॥१५५॥

એ પ્રમાણે સંક્ષેપથી સમ્યક્ પ્રકારે ત્રણ રત્ન કહ્યાં જે ત્રણ રત્ન પામ્યા વિના કોઈ પણ મોક્ષ પામતું નથી. ૧૫૫.

# ॥४॥ चतुर्थः प्रकाशः ॥

आत्मैव दर्शनज्ञानचरित्राण्यथवा यतेः।
यत्तदात्मक एवैष, शरीरमधितिष्ठति ॥१॥

અથવા યતિને આત્મા જ દર્શન જ્ઞાન અને ચારિત્ર રૂપ છે, કેમકે આ આત્મા જ તત્સ્વરૂપે શરીરમાં રહેલો છે. ૧.

आत्मानमात्मना वेत्ति, मोहत्यागाद्य आत्मनि।
तदेव तस्य चारित्रं, तज्ज्ञांन तच्च दर्शनम् ॥२॥

**જે યતિ આત્મામાં આત્મા વડે આત્માને જાણે છે તે જ તેનાં ચારિત્ર, જ્ઞાન અને દર્શન છે. ૨.**

आत्माज्ञानभवं दु:खमात्मज्ञानेन हन्यते।
तपसाऽप्यात्मविज्ञानहीनैश्चेत्तुं न शक्यते ॥३॥

**આત્મસ્વરૂપનું જ્ઞાન ન થવાથી દુ:ખ થાય છે, જે આત્માનું યથાવસ્થિત જ્ઞાન થાય તેથી જ નાશ પામે છે. આત્મસ્વરૂપના બોધ વિના તપસ્યાથી પણ તે દુ:ખ નાશ કરી શકાતું નથી. ૩.**

अयमात्मैव चिद्रूप:, शरीरी कर्मयोगत:।
ध्यानाग्निदग्धकर्मा तु, सिद्धात्मा स्यान्निरञ्जन: ॥४॥

**આ આત્માજ ચિદ્રુપ છે અને કર્મના સંબંધથી શરીરવાલો છે, તથા ધ્યાનરૂપ અગ્નિથી કર્મ બાળી નિરંજન સિદ્ધાત્મા થાય છે. ૪.**

अयमात्मैव संसार:, कषायेन्द्रियनिर्जित:।
तमेव तद्विजेतारं, मोक्षमाहुर्मनीषिण: ।।५।।

**કષાય અને ઈન્દ્રિઓથી જીતાએલો આ આત્માજ સંસાર છે, અને તે કષાય તથા ઈન્દ્રિઓને જીતનારા આત્માનેજ પંડિતો મોક્ષ કહે છે. ૫.**

स्यु: कषाया: क्रोधमानमायालोभा: शरीरिणाम्।
चतुर्विधास्ते प्रत्येकं, भेदै: संज्वलनादिभि: ।।६।।

**ક્રોધ, માન, માયા ને લોભ એ કષાયો દેહધારી જીવોને હોય છે. તે દરેક સંજવલનાદિકના ભેદથી ચાર પ્રકારે છે. ૬.**

पक्षं संज्वलन: प्रत्याख्यानो मासचतुष्टयम्।
अप्रत्याख्यानको वर्षं, जन्मानन्तानुबन्धक: ।।७।।

**સંજવલનકષાય એક પક્ષ સુધી, પ્રત્યાખ્યાનકષાય ચાર માસ સુધી, અપ્રત્યાખ્યાન એક વર્ષ સુધી અને અનન્તાનુબન્ધીકષાય યાવજ્જીવીત સુધી રહે છે. ૭.**

वीतरागयतिश्राद्धसम्यग्दृष्टित्वघातकाः।
ते देवत्वमनुष्यत्वतिर्यक्त्वनरकप्रदाः ॥८॥

તે કષાયો અનુક્રમે વીતરાગપણું, યતિપણું, શ્રાવકપણું અને સમ્યગ્દષ્ટિપણાને નાશ કરનારા છે, તથા દેવપણું, મનુષ્યપણું, તિર્યંકપણું અને નરકપણું આપનાર છે. ૮.

तत्रोपतापकः क्रोधः, क्रोधो वैरस्य कारणम्।
दुर्गतेर्वर्त्तनी क्रोधः, क्रोधः शमसुखार्गला ॥९॥

તેમાં ક્રોધ ઉપતાપ કરનાર છે, ક્રોધ વેરનું કારણ છે, ક્રોધ દુર્ગતિનો માર્ગ છે અને ક્રોધ સમતારૂપી સુખને માટે અર્ગલા સમાન છે. ૯.

उत्पद्यमानः प्रथमं, दहत्येव स्वमाश्रयम्।
क्रोधः कृशानुवत् पश्चादन्यं दहति वा न वा ॥१०॥

અગ્નિપેઠે ઉત્પન્ન થતો ક્રોધ પ્રથમ પોતાના આશ્રયને બાળે છે અને પછી બીજાને બાળે અથવા ન બાળે. ૧૦.

क्रोधवह्नेस्तदहनाय, शमनाय शुभात्मभिः।
श्रयणीया क्षमैकैव, संयमारामसारणिः ॥११॥

ક્રોધ રૂપી અગ્નિને એકદમ શાન્ત કરવાને શુભાત્માઓએ સંયમરૂપ ઉદ્યાનમાં નીક સમાન એવી એક ક્ષમાનો જ આશ્રય કરવો. ૧૧.

विनयश्रुतशीलानां, त्रिवर्गस्य च घातकः।
विवेकलोचनं लुम्पन्मानोऽन्धंकरणो नृणाम् ॥१२॥

વિનય, શ્રુત, શીલ અને ત્રિવર્ગ નો ઘાત કરનાર માન, મનુષ્યોના વિવેકરૂપ લોચનને ફોડી નાંખી અંધ કરનાર છે. ૧૨.

जातिलाभकुलैश्वर्यबलरूपतपःश्रुतैः।
कुर्वन्मदं पुनस्तानि, हीनानि लभते जनः ॥१३॥

જાતિ, લાભ, કુળ, ઐશ્વર્ય, બળ, રૂપ, તપ અને શ્રુતથી મદ કરનાર માણસ, ફરીથી તે હીનતાને મેળવે છે. ૧૩.

उत्सर्पयन्दोषशाखा, गुणमूलान्यधो नयन्।
उन्मूलनीयो मानद्रुस्तन्मार्दवसरित्प्लवैः ॥१४॥

દોષરૂપી શાખાઓને વિસ્તારનાર, ગુણરૂપી મૂળોને નીચે લઈ જનાર એવા અભિમાન રૂપી વૃક્ષને નમ્રતારૂપ નદીના પ્રવાહથી ઉખેડી નાખવો જોઈએ. ૧૪.

असूनृतस्य जननी, परशुः शीलशाखिनः।
जन्मभूमिरविद्यानां, माया दुर्गतिकारणम् ॥१५॥

અસત્યને ઉત્પન્ન કરનાર, શીલરૂપ વૃક્ષને કુહાડા સમાન અને અવિદ્યાની જન્મભૂમિ એવી માયા દુર્ગતિનું કારણ છે. ૧૫.

कौटल्यपटवः पापा, मायया बकवृत्तयः।
भुवनं वञ्चयमाना, वञ्चयन्ते स्वमेव हि ॥१६॥

કુટિલતામાં ચતુર અને માયાથી બકવૃત્તિ ધરનારા પાપીઓ જગતને ઠગતા પોતેજ ઠગાય છે. ૧૬.

तदार्जवमहौषध्या, जगदानन्दहेतुना।
जयेज्जगद्द्रोहकरीं, मायां विषधरीमिव ॥१७॥

તે માટે જગતને આનન્દના હેતુભૂત સરળતારૂપ મહૌષધિથી જગતનો દ્રોહ કરનાર નાગણી જેવી માયાનો જય કરવો. ૧૭.

आकर: सर्वदोषाणां, गुणग्रसनराक्षस:।
कन्दो व्यसनवल्लीनां, लोभ: सर्वार्थबाधक: ॥१८॥

સર્વદોષોની ખાણ સમાન, ગુણોનું ભક્ષણ કરવામાં રાક્ષસ સમાન અને કષ્ટરૂપી લતાઓના મૂળ જેવો લોભ સર્વ અર્થને બાધા કરનાર છે. ૧૮.

धनहीन: शतमेकं, सहस्रं शतवानपि।
सहस्राधिपतिर्लक्षं, कोटिं लक्षेश्वरोऽपि च ॥१९॥

નિર્ધન સોને, સોવાળો હજારને, હજારવાળો લાખને અને લાખનો સ્વામી ક્રોડને (ઇચ્છે છે). ૧૯.

कोटीश्वरो नरेन्द्रत्वं, नरेन्द्रश्चक्रवर्त्तिताम्।
चक्रवर्ती च देवत्वं, देवोऽपीन्द्रत्वमिच्छति ॥२०॥

કોટીશ્વર રાજાપણાને, રાજા ચક્રવર્તિપણાને, ચક્રવર્તિ દેવપણાને અને દેવ પણ ઈન્દ્રપણાને ઈચ્છે છે. ૨૦.

इन्द्रत्वेऽपि हि संप्राप्ते, यद्दच्छा न निवर्त्तते।
मूले लघीयांस्ल्लोभः, शराव इव वर्धते ॥२१॥

ઈન્દ્રપણું પ્રાપ્ત થયે છતે પણ ઈચ્છા શાન્ત થતી નથી એવો તે લોભ શરૂઆતમાં નાનો હોય છે પરંતુ પછી શરાવની જેમ વૃદ્ધિ પામે છે. ૨૧.

लोभसागरमुद्वेलमतिवेलं महामतिः।
सन्तोषसेतुबन्धेन, प्रसरन्तं निवारयेत् ॥२२॥

વારંવાર મોટી ભરતીની જેમ પ્રસરતા લોભરૂપિ સમુદ્રને બુદ્ધિમાને સંતોષરૂપ પાજથી ફેલાતો અટકાવવો જોઈએ. ૨૨.

क्षान्त्या क्रोधो मृदुत्वेन, मानो मायाऽऽर्जवेन च।
लोभश्चानीहया जेयाः, कषाया इति संग्रहः ॥२३॥

**ક્ષમાથી ક્રોધ, નમ્રતાથી માન, સરળતાથી માયા અને અનીચ્છાથી લોભ જીતવો. એમ કષાયો જીતવાનો સંગ્રહ કહ્યો. ૨૩.**

विनेन्द्रियजयं नैव, कषायान् जेतुमीश्वरः।
हन्यते हैमनं जाड्यं न विना ज्वलितानलम् ॥२४॥

**ઈન્દ્રિયજય વિના કષાયો જીતવાને સમર્થ ન જ થવાય કેમકે હેમંત ઋતુની ટાઢ પ્રજવલિત અગ્નિ વિના નાશ ન કરાય. ૨૪.**

अदान्तैरिन्द्रियहयैश्चलैरपथगामिभिः।
आकृष्य नरकारण्ये, जन्तुः सपदि नीयते ॥२५॥

**દમન નહિ કરેલા ચપળ અને અવળે માર્ગે જનાર ઈન્દ્રિયરૂપી અશ્વોથી ખેંચાઈને જીવ એકદમ નરકરૂપ અરણ્યમાં લઈ જવાય છે. ૨૫.**

इन्द्रियैर्विजितो जन्तुः, कषायैरभिभूयते।
वीरैः कृष्टेष्टिकः पूर्वं,
वप्रः कैः कैर्न खंड्यतेः ?॥२६॥

ઈન્દ્રિયોથી જીતાએલો જીવ કષાયોથી પરાભવ પામે છે. કેમકે વીરોએ પ્રથમ ખેંચેલી ઇંટવાળો કિલ્લો કોનાકોનાથી ન ખંડિત થાય ? સર્વથી થાય. ૨૬.

कुलघाताय पाताय, बन्धाय च वधाय च।
अनिर्जितानि जान्यते, करणानि शरीरिणाम् ॥२७॥

નહિ જીતેલી ઈન્દ્રિયો દેહધારી જીવોને કુળના ઘાત માટે, પતન માટે, બંધન માટે અને વધતુ માટે થાય છે. ૨૭.

वशास्पर्शसुखास्वादप्रसारितकरः करी।
आलानबन्धनक्लेशमासादयति तत्क्षणात् ॥२८॥

હાથણીના સ્પર્શ સુખના આસ્વાદથી સૂંઢ લાંબી કરનાર હાથી તરતજ આલાનસ્તંભ સાથે બન્ધનના કલેશને પામે છે. ૨૮.

पयस्यगाधे विचरन्, गिलन् गलगतामिषम्।
मैनिकस्य करे दीनो, मीनः पतति निश्चितम् ।।२९।।

અગાધ પાણીમાં ફરનાર ગરીબ મત્સ્ય લોઢાના સળીઆમાં રહેલું માંસ ખાતાં નિશ્ચય પારધીના હાથમાં પડે છે. ૨૯.

निपतन्मत्तमातंगकपोले गन्धलोलुपः।
कर्णतालतलाघातान्मृत्युमाप्नोति षट्पदः ।।३०।।

ગંધનો લોલુપી ભમરો મદોન્મત્ત હસ્તીના કપોલ પર બેસતા કર્ણતાલના આઘાતથી મરણ પામે છે. ૩૦.

कनकच्छेदसंकाशशिखालोकविमोहितः।
रभसेन पतन् दीपे, शलभो लभते मृतिम् ।।३१।।

સુવર્ણના છેદ જેવી શીખાના પ્રકાશમાં મોહ પામેલો પતંગીયો મુર્ખાઈથી દીવામાં પડતાં મૃત્યુ પામે છે. ૩૧.

हरिणो हारिणीं गीतिमाकर्णयितुमुद्धुरः।
आकर्णाकृष्टचापस्य, याति व्याधस्य वेध्यताम् ।।३२।।

મનોહર ગીત સાંભળવામાં ઉત્સુક હરણ પારધીના કાન સુધી ખેંચેલા બાણથી વીંધાય છે. ૩૨.

एवं विषय एकैकः, पञ्चत्वाय निषेवितः।
कथं हि युगपत् पञ्च, पञ्चत्वाय भवन्ति न? ॥३३॥

એ પ્રમાણે એક એક વિષય સેવેલો મરણ માટે થાય છે, તો એકીસાથે પાંચે સેવાતા મોતને માટે કેમ ન થાય? ૩૩.

तदिन्द्रियजयं कुर्यान्मनःशुद्ध्या महामतिः।
यां विना यमनियमैः, कायक्लेशो वृथा नृणाम् ॥३४॥

તે માટે મન:શુદ્ધિથી બુદ્ધિમાને ઈન્દ્રિયજય કરવો. કેમકે તેની શુદ્ધિ વિના મનુષ્યોને યમનિયમથી ફોગટ કાયકલેશ જ થાય છે. ૩૪.

मनःक्षपाचरो भ्रामन्नपशंकं निरंकुशः।
प्रपातयति संसारावर्तगर्ते जगत्त्रीयम् ॥३५॥

શંકારહિત નિરંકુશ ભ્રમણ કરતો મનરૂપી રાક્ષસ

**સંસારાવર્તરૂપ ખાડામાં ત્રણ જગત્‌ના જીવોને પાડે છે. ૩૫.**

तप्यमानांस्तपो मुक्तौ, गन्तुकामान् शरीरिणः।
वात्येव तरलं चेतः, क्षिपत्यंन्यत्र कुत्रचित् ॥३६॥

**મોક્ષમાં જવાની ઈચ્છાવાળા તપ તપતા જીવોને વાયુની જેમ ચપળ ચિત્ત કંઈ જુદે જ ઠેકાણે ફેંકી દે છે. ૩૬.**

अनिरुद्धमनस्कः सन्, योगश्रद्धां दधाति यः।
पद्भ्यां जिगमिषुर्ग्रामं, स पंगुरिव हस्यते ॥३७॥

**જે માણસ મનનો રોધ કર્યા વિના યોગ શ્રદ્ધા ધારણ કરે છે તે માણસ, પગથી ગ્રામન્તરે જવાની ઈચ્છાવાળા લંગડાની જેમ હાંસી પામે છે. ૩૭.**

मनोरोधे निरुध्यन्ते कर्माण्यपि समन्ततः।
अनिरुद्धमनस्कस्य, प्रसरन्ति हि तान्यपि ॥३८॥

**મનનો રોધ કર્યે છતે કર્મો પણ સર્વથા રોકાય છે. અને મન નહિ રોકનાર માણસને તે જ કર્મો વૃદ્ધિ પામે છે. ૩૮.**

मनःकपिरयं विश्वपरिभ्रमणलम्पटः।
नियंत्रणीयो यत्नेन, मुक्तिमिच्छुभिरात्मनः ।।३९।।

આત્માની મુક્તિ ઈચ્છનારાઓએ વિશ્વમાં ભ્રમણ કરવામાં લંપટ મનરૂપી વાંદરાને યત્નથી વશ કરવો. ૩૯.

दीपिका खल्वनिर्वाणा, निर्वाणपथदर्शिनी।
एकैव मनसःशुद्धिः, समाम्नाता मनीषिभिः ।।४०।।

એક મનશુદ્ધિ જ પંડિતોએ મોક્ષમાર્ગ બતાવનારી અને નહિ ઓલવાય તેવી દીવી જેવી માનેલી છે. ૪૦.

सत्यां हि मनसः शुद्धौ, सन्त्यसन्तोऽपि सद्गुणाः।
सन्तोऽप्यसत्यां नो सन्ति, सैव कार्या बुधैस्ततः ।।४१।।

મન :શુદ્ધિ છતે અછતા ગુણો પણ સદ્‌ગુણો પેદા થાય છે અને તે ન હોય છતા પણ ગુણો નાશ પામે છે. માટે પંડિતોએ તે મન :શુદ્ધિ જ કરવી. ૪૧.

मन:शुद्धिमबिभ्राणा, ये तपस्यन्ति मुक्तये।
त्यक्त्वा नावं भुजाभ्यां ते, तितीर्षन्ति महार्णवं ।।४२।।

જેઓ મન:શુદ્ધિ ધારણ કર્યા વિના મુક્તિ માટે તપસ્યા કરે છે તેઓ વહાણ તજી દઈ હાથેથી મોટો સમુદ્ર તરવા ઇચ્છે છે. ૪૨.

तपस्विनो मन:शुद्धिं, विनाभूतस्य सर्वथा।
ध्यानं खलु मुधा चक्षुर्विकलस्येव दर्पण: ।।४३।।

આંધળા માણસને દર્પણની જેમ મન:શુદ્ધિ વિનાના તપસ્વિનું ધ્યાન સર્વથા ખરેખર ફોગટ છે. ૪૩.

तदवश्यं मन:शुद्धि:, कर्तव्या सिद्धिमिच्छता।
तप:श्रुतयमप्रायै:, किमन्यै: कायदंडनै: ? ।।४४।।

તે માટે મોક્ષ ઈચ્છનારાએ મન:શુદ્ધિ અવશ્ય કરવી. તે સિવાય બીજા કાયાને કલેશ કરનારા તપ, શ્રુત અને યમાદિ જેવાથી શું ? ૪૪.

मन:शुद्ध्यैव कर्तव्यो, रागद्वेषविनिर्जय:।
कालुष्यं येन हित्वाऽऽत्मा, स्वस्वरूपेऽवतिष्ठति ।।४५।।

મન:શુદ્ધિ માટે રાગદ્વેષનો જય કરવો, જેથી આત્મા મલિનતાનો ત્યાગ કરી સ્વ સ્વરૂપમાં રહે. ૪૫.

आत्मायत्तमपि स्वान्तं, कुर्वतामपि योगिनाम्।
रागादिभि: समाक्रम्य, परायत्तं विधीयते ।।४६।।

પોતાને સ્વાધીન કરનારા યોગીઓનું મન પણ રાગાદિ વડે આક્રમણ કરીને પરાધીન કરાય છે. ૪૬.

रक्ष्यमाणमपि स्वान्तं, समादाय मनाग् मिषम्।
पिशाचा इव रागाद्याश्छलयन्ति मुहुर्मुहु: ।।४७।।

મનનું રક્ષણ કર્યા છતાં પણ કંઈક બહાનું લઈને પિશાચોની પેઠે રાગાદિ વારંવાર છળે છે. ૪૭.

रागादितिमिरध्वस्तज्ञानेन मनसा जन:।
अन्धेनान्ध इवाकृष्ट:, पात्यते नरकावटे ।।४८।।

આંધળાથી દોરાએલા આંધળાની જેમ રાગાદિ અન્ધકારથી નાશ પામેલ જ્ઞાનવાળા મનુષ્ય મનથી નર્કરૂપ ખાડીમાં પડે છે. ૪૮.

अस्ततन्द्रैरतः पुंभिर्निर्वाणपदकांक्षिभिः ।
विधातव्यः समत्वेन, रागद्वेषद्विषज्जयः ।।४९।।

આ કારણથી મોક્ષપદને ઈચ્છનારા સાવધાન પુરૂષોએ સમભાવથી રાગદ્વેષનો જય કરવો. ૪૯.

अमन्दानन्दजनने, साम्ये वारिणि मज्जताम्।
जायते सहसा पुंसां, रागद्वेषमलक्षयः ।।५०।।

અત્યન્ત આનંદ ઉત્પન્ન કરનાર સમભાવરૂપ જળમાં સ્નાન કરનારા પુરૂષોના રાગદ્વેષ એકદમ ક્ષય પામે છે. ૫૦.

प्रणिहन्ति क्षणार्धेन, साम्यमालम्ब्य कर्म तत्।
यन्न हन्यान्नरस्तीव्रतपसा जन्मकोटिभिः ।।५१।।

મનુષ્ય સમભાવનું અવલંબન કરીને જેટલા કર્મનો અર્ધક્ષણમાં નાશ કરે છે, તેટલાં કર્મોનો ક્રોડો જન્મે તીવ્ર તપસ્યાથી પણ નાશ ન કરાય. ૫૧.

कर्म जीवं च संश्लिष्टं, परिज्ञातात्मनिश्चयः।
विभिन्नीकुरुते साधुः सामायिकशलाकया ।।५२।।

કર્મ અને જીવ જોડાએલાં છે તેને આત્માના નિશ્ચય સ્વરૂપને જાણવાવાળો સાધુ સામાયિકરૂપ શલાકાથી જુદાં કરે છે. ૫૨.

रागादिध्वान्तविध्वंसे, कृते सामायिकांशुना।
स्वस्मिन् स्वरूपं पश्यन्ति, योगिनः परमात्मनः ।।५३।।

સામાયિકરૂપ કિરણોથી રાગાદિરૂપ અંધકારનો નાશ કરે છતે યોગીઓ પાતાની અંદર પરમાત્માનું સ્વરૂપ જુએ છે. ૫૩.

स्निह्यन्ति जन्तवो नित्यं, वैरिणोऽपि परस्परम्।
अपि स्वार्थकृते साम्यभाजः साधोः प्रभावतः ।।५४।।

સ્વાર્થ માટે પણ સમભાવવાળા સાધુના પ્રભાવથી નિત્ય વૈરવાળા જીવો એક બીજા ઉપર સ્નેહ કરે છે. ૫૪.

साम्यं स्यान्निर्ममत्वेन, तत्कृते भावनाः श्रयेत्।
अनित्यतामशरणं, भवमेकत्वमन्यताम् ।।५५।।

(તે ભાવનાઓ કહે છે.) સમભાવ નિર્મમત્વથી થાય છે તેથી વજ તે (સમભાવ) માટે ભાવનાનો આશ્રય કરવો. અનિત્યપણું (૧), અશરણપણું (૨), સંસાર (૩), એકત્વ (૪) અને અન્યત્વ (૫). ૫૫.

अशौचमाश्रवविधिं, संवरं कर्मनिर्जराम्।
धर्मस्वाख्याततां लोकं, द्वादशीं बोधिभावनाम् ।।५६।।

અશુચિભાવના (૬), આશ્રવભાવના (૭), સંવરભાવના (૮), કર્મનિર્જરાભાવના (૯), ધર્મસુઆખ્યાતપણાની ભાવના (૧૦), લોકભાવના (૧૧) અને બારમી બોધિભાવના (૧૨). ૫૬.

यत्प्रातस्तन्न मध्याह्ने, यन्मध्याह्ने न तन्निशि।
निरीक्ष्यते भवेऽस्मिन् हा, पदार्थानामनित्यता ॥५७॥

(એ ભાવનાનાં નામો કહ્યાં) તેમાં પહેલાં અનિત્ય ભાવનાનું સ્વરૂપ કહે છે – હા! જે સવારે છે તે મધ્યાહ્ને નથી અને જે મધ્યાહ્ને છે તે રાત્રીએ નથી એ આ સંસારમાં પદાર્થોની અનિત્યતા જણાય છે. ૫૭.

शरीरं देहिनां सर्वपुरुषार्थनिबंधनम्।
प्रचंडपवनोद्धूतघनाघनविनश्वरम् ॥५८॥

જીવોના સર્વ પુરૂષાર્થનું કારણ શરીર છે તે પણ પ્રચંડ વાયુથી વીખરાઈ જતાં વાદળાની જેમ નાશવંત છે. ૫૮.

कल्लोलचपला लक्ष्मीः, संगमाः स्वप्नसन्निभाः।
वात्याव्यतिकरोत्क्षिप्ततूलतुल्यं च यौवनम् ॥५९॥

કલ્લોલની જેમ લક્ષ્મી ચપળ છે. સંયોગો સ્વપ્ન જેવા છે અને યૌવન વાયુથી ઉડાડેલા રૂ જેવું છે. ૫૯.

इत्यनित्यं जगद्वृत्तं, स्थिरचित्तः प्रतिक्षणम्।
तृष्णाकृष्णाहिमंत्राय, निर्ममत्वाय चिन्तयेत् ॥६०॥

**તૃષ્ણારૂપી કાળા સર્પને વશ કરવા મંત્ર સમાન એવા નિર્મમત્વ માટે સ્થિરચિત્ત થઈ દરેક ક્ષણે આ પ્રમાણે અનિત્ય જગતનું સ્વરૂપ વિચારે. ૬૦.**

इन्द्रोपेन्द्रादयोऽप्येते, यन्मृत्योर्यान्ति गोचरम्।
अहो तदन्तकातंके, कः शरण्यः शरीरिणाम्? ॥६१॥

**બીજી અશરણ ભાવના કહે છે.- જો ઈન્દ્ર અને ઉપેન્દ્ર વિગેરે પણ મૃત્યુવશ થાય છે, તો અહો? મરણનો ભય આવે છતે પ્રાણીઓને કોણ શરણ કરવા યોગ્ય છે? ૬૧.**

पितुर्मातुः स्वसुर्भ्रातुस्तनयानां च पश्यताम्।
अत्राणो नीयते जन्तुः, कर्मभिर्यमसद्मनि ॥६२॥

**પિતા, માતા, બ્હેન, ભાઈ અને પુત્રોનાં જોતા થકાં શરણ વિનાના આ જીવને કર્મો યમગૃહમાં લઈ જાય છે. ૬૨.**

शोचन्ति स्वजनानन्तं, नीयमानान् स्वकर्मभिः।
नेष्यमाणं तु शोचन्ति, नात्मानं मूढबुद्धयः ॥६३॥

મૂઢ બુદ્ધિવાળાઓ પોતાના કર્મથી મરણ પામતા સ્વજનોનો શોક કરે છે, પરંતુ ભવિષ્યમાં મરણ તરફ લઈ જવાતા પોતાના આત્મનો શોક કરતા નથી. ૬૩.

संसारे दुःखदावाग्निज्वलज्ज्वालाकरालिते।
वने मृगार्भकस्येव, शरणं नास्ति देहिनाम् ॥६४॥

દુઃખરૂપ દાવાગ્નિની પ્રજવલિત જ્વાળાઓથી ભયંકર આ સંસારમાં પ્રાણિઓને વનમાં મૃગના બાળકની જેમ (કોઈ) શરણ નથી. ૬૪.

श्रोत्रियः श्वपच स्वामी, पत्तिर्ब्रह्मा कृमिश्च सः।
संसारनाट्ये नटवत्, संसारी हन्त चेष्टते ॥६५॥

(ત્રીજી સંસારભાવના કહે છે?) આ એક જીવ બ્રાહ્મણ, ચંડાળ, સ્વામિ, પગે ચાલનાર, બ્રહ્મા અને કૃમિ પણ થાય છે. એમ સંસારી જીવ સંસારરૂપ નાટકમાં અહો! નટની જેમ ચેષ્ટા કરે છે. ૬૫.

न याति कतमां योनिं, कतमां वा न मुञ्चति।
संसारी कर्मसंबंधादवक्रयकुटीमिव ? ॥६६॥

**સંસારી જીવ કર્મના સંબંધથી ભાડાની કોટડીની જેમ કઈ (યોનિમાં નથી જતો અને કઈ) યોનિ નથી મૂકતો ? ૬૬.**

समग्रलोकाकाशेऽपि, नानारूपैः स्वकर्मभिः।
वालग्रमपि तन्नास्ति, यन्न स्पृष्टं शरीरिभिः ॥६७॥

**સમગ્ર લોકાકાશમાં વાળાગ્ર માત્ર પણ ભાગ નથી જે કે જીવોએ પોતાના કર્મથી વિવિધ રૂપ ધારણ કરવાથી ન સ્પર્શ્યો હોય. ૬૭.**

एक उत्पद्यते जन्तुरेक एव विपद्यते।
कर्माण्यनुभवत्येकः, प्रचितानि भवान्तरे ॥६८॥

**(ચોથી એકત્વભાવના કહે છે) જીવ એકલો જ ઉત્પન્ન થાય છે અને એકલો જ મરણ પામે છે તથા એકઠાં કરેલાં કર્મ ભવાન્તરમાં એકલો જ અનુભવે છે. ૬૮.**

अन्यैस्तेनार्जितं वित्तं, भूयः संभूय भुज्यते।
स त्वेको नरकक्रोडे, क्लिश्यते निजकर्मभिः ॥६९॥

તેણે મેળવેલું દ્રવ્ય બીજા ઘણા એકઠા મળીને ભોગવે છે અને તે જીવ પોતાના કર્મ વડે એકલો જ નરકમાં દુ:ખ પામે છે. ૬૯.

यत्रान्यत्वं शरीरेण, वैसादृश्याच्छरीरिणः।
धनबन्धुसहायानां, तत्रान्यत्वं न दुर्वचम् ॥७०॥

(પાંચમી અન્યત્વભાવના કહે છે) જ્યાં શરીરથી જીવનું વિસદૃશપણું હોવાથી ભિન્નપણું છે ત્યાં ધન, બન્ધુ અને સહાયકોનું અન્યપણું એ અસત્ય નથી. ૭૦.

यो देहधनबन्धुभ्यो, भिन्नमात्मानमीक्षते।
क्व शोकशंकुना तस्य, हन्तातंकः प्रतन्यते? ॥७१॥

જે પુરૂષ દેહ, ધન અને બન્ધુથી આત્માને ભિન્ન જુએ છે તેને શોક રૂપ શંકુ કેવી રીતે પીડા કરી શકે. ૭૧.

रसासृङ्मांसमेदोऽस्थिमज्जाशुक्रांत्रवर्चसाम्।
अशुचीनां पदं कायः, शुचित्वं तस्य तत्कुतः ? ।।७२।।

(छठ्ठी अशुचीभावना कहे छे) रस, रुधीर, मांस, मेद, हाडकां, मज्जा, वीर्य, आंतरडा अने विष्टादि अशुचिना स्थानरूप काया छे तेने पवित्रपणुं क्यांथी होय ? ७२.

नवश्रोतःश्रवद्विश्ररसनिस्यन्दपिच्छिले।
देहेऽपि शौचसंकल्पो, महन्मोहविजृंभितम् ।।७३।।

नवद्धारथी निकळता दुर्गंधी रसथी खरडाएला शरीरमां पवित्रतानो संकल्प करवो ए महामोहनुं ज चेष्ठित छे. ७३.

मनोवाक्कायकर्माणि, योगाः कर्म शुभाशुभम्।
यदाश्रवन्ति जन्तूनामाश्रवस्तेन कीर्तिताः ।।७४।।

(सातमी आश्रवभावना कहे छे) मन वचन ने कायानी चेष्ठा ते योगो छे, तेथी जीवोने शुभाशुभ कर्म आवे छे ते माटे आश्रव कहेवाय छे. ७४.

मैत्र्यादिवासितं चेतः, कर्म सूते शुभात्मकम्।
कषायविषयाक्रान्तं, वितनोत्यशुभं पुनः ।।७५।।

**મૈત્રી આદિભાવનાથી વાસીત ચિત્ત શુભકર્મ ઉત્પન્ન કરે છે અને વિષય તથા કષાયથી આક્રાન્ત થએલું ચિત્ત અશુભકર્મ વિસ્તારે છે. ૭૫.**

शुभार्जनाय निर्मिथ्यं, श्रुतज्ञानाश्रितं वचः।
विपरीतं पुनर्ज्ञेयमशुभार्जनहेतवे ।।७६।।

**શ્રુતજ્ઞાનાશ્રીત સત્યવચન શુભકર્મ મેળવવાના હેતુ માટે જાણવું. તેથી વિપરીત વચન અશુભ કર્મ મેળવવાના હેતુ માટે જાણવું. ૭૬.**

शरीरेण सुगुप्तेन, शरीरी चिनुते शुभम्।
सततारंभिणा जन्तुघातकेनाशुभं पुनः ।।७७।।

**સુગુપ્તશરીરથી જીવ શુભકર્મ મેળવે છે અને નિરન્તર આરંભી તથા જીવઘાત કરનારથી અશુભકર્મ મેળવાય છે. ૭૭.**

कषाया विषया योगा:, प्रमादाविरती तथा।
मिथ्यात्वमार्त्तरौद्रे चेत्यशुभं प्रति हेतव: ॥७८॥

**કષાય, વિષય, યોગ, પ્રમાદ, અવિરતી, મિથ્યાત્વ, આર્ત અને રોદ્રધ્યાન એ અશુભ કર્મના પ્રતિ હેતુ ભૂત છે. ૭૮.**

सर्वेषामाश्रवाणां तु, निरोध: संवर: स्मृत:।
स पुनर्भिद्यते द्वेधा, द्रव्यभावविभेदत: ॥७९॥

**(આઠમી સંવરભાવના કહે છે) સર્વ આશ્રવોનો નિરોધ તે સંવર કહ્યો છે, અને તે દ્રવ્ય ભાવના ભેદથી બે પ્રકારે ભેદ પામે છે. ૭૯.**

य: कर्मपुद्गलादानच्छेद: स द्रव्यसंवर:।
भवहेतुक्रियात्याग:, स पुनर्भावसंवर: ॥८०॥

**જે કર્મ પુદ્‌ગલગ્રહણા કરવાનો છેદ તે દ્રવ્યસંવર અને ભવહેતુ ક્રિયાનો ત્યાગ તે ભાવસંવર છે. ૮૦.**

येन येन ह्युपायेन, रुध्यते यो य आश्रवः।
तस्य तस्य निरोधाय, स स योज्यो मनीषिभिः ।।८१।।

**જે જે ઉપાયથી જે જે આશ્રવ રોકાય તેના નિરોધ માટે તે તે ઉપાય બુદ્ધિમાનોએ જોડવા. ૮૧.**

क्षमया मृदुभावेन, ऋजुत्वेनाप्यनीहया।
क्रोधं मानं तथा मायां, लोभं रुन्ध्याद्यथाक्रमम् ।।८२।।

**ક્ષમાથી, મુદુતાથી, ઋજુતાથી અને અનીચ્છાથી અનુક્રમે ક્રોધ, માન, માયા અને લોભને રૂંધવા. ૮૨.**

असंयमकृतोत्सेकान्. विषयान् विषसन्निभान्।
निराकुर्यादखंडेन्, संयमेन महामतिः ।।८३।।

**અસંયમે કરીને વૃદ્ધિ પામતા વિષ જેવા વિષયોને અખંડ સંયમ વડે બુદ્ધિમાને દૂર કરવા. ૮૩.**

तिसृभिर्गुप्तिभिर्योगान्, प्रमादं चाप्रमादतः।
सावद्ययोगहानेनाविरतिं चापि साधयेत् ।।८४।।

ત્રણ ગુપ્તિથી યોગોને, અપ્રમાદથી પ્રમાદને અને સાવદ્યયોગનો ત્યાગ કરવાથી અવિરતિને સાધવી (વશ કરવી). ૮૪.

सद्दर्शनेन मिथ्यात्वं, शुभस्थैर्येण चेतसः।
विजयेतार्त्तरौद्रे च, संवरार्थं कृतोद्यमः ॥८५॥

સંવર માટે ઉદ્યમ કરનારાએ સમ્યગ્દર્શનથી મિથ્યાત્વનો અને ચિત્તની શુભસ્થિરતાથી આર્ત તથા રૌદ્રધ્યાનનો વિજય કરવો. ૮૫.

संसारबीजभूतानां, कर्मणां जरणादिह।
निर्जरा सा स्मृता द्वेधा, सकामा कामवर्जिता ॥८६॥

(નવમી નિર્જરાભાવના કહે છે) સંસારનાં બીજભૂત કર્મોના ક્ષીણ થવાથી નિર્જરા થાય છે. તે નિર્જરા સકામ અને અકામ એમ બે પ્રકારે કહી છે. ૮૬.

ज्ञेया सकामा यमिनामकामा त्वन्यदेहिनाम्।
कर्मणां फलवत्पाको, यदुपायात्स्वतोऽपि हि ॥८७॥

સકામ નિર્જરા મુનિઓને હોય છે અને અકામ નિર્જરા અન્ય જીવોને હોય છે, કર્મનો પાક પણ ફળની પેઠે સ્વભાવથી અને ઉપાયથી થાય છે. ૮૭

सदोषमपि दीप्तेन, सुवर्णं वह्निना यथा।
तपोऽग्निना तप्यमानस्तथा जीवो विशुध्यति ।।८८।।

દોષવાળું સુવર્ણ જેમ પ્રજવલિત અગ્નિથી શુદ્ધ થાય છે, તેમ તપરૂપ અગ્નિથી તપાવાતો જીવ પણ શુદ્ધ થાય છે. ૮૮.

अनशनमौनोदर्यं, वृत्तेः संक्षेपणं तथा।
रसत्यागस्तनुक्लेशो, लीनतेति बहिस्तपः ।।८९।।

અનશન, ઉનોદરિકા, વૃત્તિ સંક્ષેપ, રસ ત્યાગ, કાયકલેશ અને સંલીનતા એ (છ પ્રકારે) બાહ્ય તપ છે. ૮૯.

प्रायश्चितं वैयावृत्त्यं, स्वाध्यायो विनयोऽपि च।
व्युत्सर्गोऽथ शुभं ध्यानं, षोढेत्याभ्यन्तरं तपः ।।९०।।

પ્રાયશ્ચિત, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વિનય, વ્યુત્સર્ગ અને શુભધ્યાન એ છ પ્રકારે અભ્યંતર તપ છે. ૯૦.

दीप्यमाने तपोवह्नौ, बाह्ये चाभ्यंतरेऽपि च।
यमी जरति कर्माणि, दुर्जराण्यपि तत्क्षणात् ॥९१॥

બાહ્ય અને અભ્યન્તર તપરૂપ અગ્નિ પ્રદીપ્ત થયે છતે દુ:ખે જીર્ણ થાય એવા કર્મોને પણ મુનિ તરત જ નાશ કરે છે. ૯૧.

स्वाख्यातः खलु धर्मोऽयं, भगवद्भिर्जिनोत्तमैः।
यं समालम्बमानो हि, न मज्जेद् भवसागरे ॥९२॥

(દશમી ધર્મ સુઆખ્યાતત્ત્વભાવના કહે છે) આ ધર્મ નિશ્ચે ભગવાન તીર્થંકરોએ કહેલો છે, તેનું આલંબન કરનાર સંસારસાગરમાં ડૂબતો નથી. ૯૨.

संयमः सूनृतं शौचं, ब्रह्माकिञ्चनता तपः।
क्षान्तिर्मार्दवमृजुता, मुक्तिश्च दशधा स तु ॥९३॥

સંયમ, સત્ય, શૌચ, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, તપ,

ક્ષમા, નમ્રતા, સરલતા અને નિર્લોભતા એ દશ પ્રકારનો ધર્મ છે. ૯૩.

धर्मप्रभावतः कल्पद्रुमाद्या ददतीप्सितम्।
गोचरेऽपि न ते तस्थुरधर्माधिष्ठितात्मनाम् ।।९४।।

ધર્મના પ્રભાવથી કલ્પવૃક્ષાદિ પ્રાણીને ઈચ્છિત આપે છે, અને અધર્મી આત્માને તો તે દષ્ટિગોચર પણ થતા નતી. ૯૪.

अपारे व्यसनांभोधौ, पतन्तं पाति देहिनम्।
सदासविधवर्त्येको, बन्धुर्धर्मोऽतिवत्सलः ।।९५।।

અપાર દુ:ખરૂપ સમુદ્રમાં પડતા પ્રાણીને હંમેશાં પાસે રહેનાર એક ધર્મ બંધુ જ રક્ષણ કરે છે. ૯૫.

आप्लावयति नांभोधिराश्वासयति चांबुदः।
यन्महीं तत्प्रभावोऽयं, ध्रुवं धर्मस्य केवलः ।।९६।।

જે પૃથ્વીને સમુદ્ર ડુબાવતો નથી અને મેઘ શાંત કરે છે તે કેવળ નિશ્ચે આ ધર્મનો જ પ્રભાવ છે. ૯૬.

न ज्वलत्यनलस्तिर्यग्, यदूर्ध्वं वाति नानिलः।
अचिन्त्यमहिमा तत्र, धर्म एव निबन्धनम् ॥९७॥

અગ્નિ તિર્છો બળતો નથી અને વાયુ ઉંચો વાતો નથી, તેમાં અચિન્ત્ય મહિમાવાળો ધર્મ જ કારણ છે. ૯૭.

निरालंबा निराधारा, विश्वाधारा वसुन्धरा।
यच्चावतिष्ठते तत्र, धर्मादन्यन्न कारणम् ॥९८॥

જગતના આધારભૂત પૃથ્વી નિરાલંબ અને નિરાધાર જે રહે છે તેમાં ધર્મ વિના બીજું કારણ નથી. ૯૮.

सूर्याचन्द्रमसावेतौ, विश्वोपकृतिहेतवे।
उदयेते जगत्यस्मिन्नूनं धर्मस्य शासनात् ॥९९॥

ધર્મની આજ્ઞાથીજ આ જગતમાં સૂર્ય અને ચંદ્ર દુનિયાના ઉપકાર માટે ઉદય પામે છે. ૯૯.

अबन्धूनामसौ बन्धुरसखीनामसौ सखा।
अनाथानामसौ नाथो, धर्मो विश्वैकवत्सलः ॥१००॥

બન્ધુ રહિતનો બન્ધુ, મિત્ર રહિતનો મિત્ર, અનાથનો

નાથ અને વિશ્વનું હિત કરનાર કેવળ આ ધર્મ જ છે. ૧૦૦.

रक्षोयक्षोरगव्याघ्रव्यालानलगरादय:।
नापकर्तुमलं तेषां, यैर्धर्म शरणं श्रित: ।।१०१।।

જેઓએ ધર્મનું શરણ કરેલું છે તેમનું રાક્ષસ, યક્ષ, સર્પ, વાઘ, અજગર, અગ્નિ અને ઝેર વિગેરે બુરૂ કરવાને સમર્થ થતા નથી. ૧૦૧.

धर्मो नरकपातालपातादवति देहिन:।
धर्मो निरुपमं यच्छत्यपि सर्वज्ञवैभवम् ।।१०२।।

નરકરૂપ પાતાળમાં પડવાથી પ્રાણીઓનું ધર્મ રક્ષણ કરે છે, અને ધર્મ જ નિરૂપમ સર્વજ્ઞના વૈભવને આપે છે. ૧૦૨.

कटिस्थकरवैशाखस्थानकस्थनराकृतिम्।
द्रव्यै: पूर्ण स्मरेल्लोकं,
स्थित्युत्पत्तिव्ययात्मकै:।।१०३।।

(અગીયારમી લોકભાવના કહે છે.) કેડ પર હાથ મૂકી પગ પહોળા કરી ઉભેલા પુરૂષ જેવી આકૃતિવાળો, સ્થિતિ ઉત્પત્તિ અને વ્યયસ્વરૂપવાળા દ્રવ્યથી પૂર્ણ આ લોક ચિન્તવવો. ૧૦૩.

लोको जगत्त्रयाकीर्णो, भुवः सप्तात्र वेष्टिताः।
घनांभोधिमहावाततनुवातैर्महाबलैः ॥१०४॥

ત્રણ જગતથી વ્યાપ્ત આ લોક છે. તેમાં નીચે સાત પૃથ્વીઓ મહા બળવાન ઘનોદધિ, મહાવાયુ અને તનુવાયુથી વીંટાએલી છે. ૧૦૪.

वेत्रासनसमोऽधस्तान्मध्यतो झल्लरीनिभः।
अग्रे मुरजसंकाशो, लोकः स्यादेवमाकृतिः ॥१०५॥

નીચેના ભાગથી વેત્રાસન જેવો, મધ્યભાગથી ઝાલર જેવો અને ઉપરના ભાગમાં મુરજ જેવો આ લોક (એવી આકૃતિવાળો) છે. ૧૦૫.

निष्पादितो न केनापि, न धृत: केनचिच्च स:।
स्वयंसिद्धो निराधारो, गगने किंत्ववस्थित:    ।।१०६।।

આ લોક કોઈએ બનાવેલો નથી અને કોઈએ ધારી રાખેલો પણ નથી પરંતુ સ્વયંસિદ્ધ આકાશમાં નિરાધાર રહેલો છે. ૧૦૬.

अकामनिर्जरारूपात, पुण्याज्जन्तो: प्रजायते।
स्थावरत्वं त्रसत्वं वा, तिर्यक्त्वं वा कथंचन    ।।१०७।।

(બારમી બોધિભાવના કહે છે) અકામ નિર્જરારૂપ પુન્યથી જીવને કોઈક રીતે સ્થાવરપણું, અને તિર્યંચપણું પ્રાપ્ત થાય છે. ૧૦૭.

मानुष्यमार्यदेशश्च, जाति: सर्वाक्षपाटवं।
आयुश्च प्राप्यते तत्र, कथंचित्कर्मलाघवात्    ।।१०८।।

તેમાં પણ મહામુશીબતે કર્મની લઘુતાથી મનુષ્યપણું, આર્યદેશ, ઉત્તમ જાતિ સર્વ ઈન્દ્રિયની પટુતા અને દીર્ઘ આયુષ્ય પમાય છે. ૧૦૮

प्राप्तेषु पुण्यतः श्रद्धाकथनश्रवणेष्वपि।
तत्त्वनिश्चयरूपं तद्, बोधिरत्नं सुदुर्लभम् ।।१०९।।

इति द्वादश भावनाः ।।

પુન્યથી ધર્મશ્રદ્ધા, ધર્મકથન અને ધર્મશ્રવણ થએ છતે પણ તત્ત્વ નિશ્ચય રૂપ બોધિરત્ન પામવું તે અતિ દુર્લભ છે. ૧૦૯.

भावनाभिरविश्रान्तमिति भावितमानसः।
निर्ममः सर्वभावेषु, समत्वमवलम्बते ।।११०।।

એ પ્રમાણે નિરંતર ભાવનાથી ભાવિત ચિત્તવાળો મનુષ્ય સર્વ ભાવોમાં મમતા રહિત થઈ સમભાવનું અવલમ્બન કરે છે. ૧૧૦.

विषयेभ्यो विरक्तानां साम्यवासितचेतसाम्।
उपशाम्येत्कषायाग्निर्बोधिदीपः समुन्मिषेत् ।।१११।।

વિષયોથી વિરામ પામેલા અને સમભાવથી વાસિત ચિત્તવાળાનો કષાયરૂપ અગ્નિ શાંત થાય છે અને બોધિરૂપ દીવો પ્રદીપ્ત થાય છે. ૧૧૧.

समत्वमवलम्ब्याथ, ध्यानं योगी समाश्रयेत्।
विना समत्वमारब्धे, ध्याने स्वात्मा विडंब्यते ॥११२॥

સમભાવનું અવલંબન કરીને યોગીએ ધ્યાનનો આશ્રય કરવો. સમભાવ વિના ધ્યાનનો આરંભ કરવાથી આત્મા વિડંબના પામે છે. ૧૧૨.

मोक्षः कर्मक्षयादेव, स चात्मज्ञानतो भवेत्।
ध्यानसाध्यं मतं तच्च, तद्ध्यानं हितमात्मनः ॥११३॥

કર્મક્ષયથી મોક્ષ, અને તે કર્મક્ષય આત્મજ્ઞાનથી થાય છે તથા આત્મજ્ઞાન ધ્યાનથી સાધ્ય માન્યું છે માટે ધ્યાન જ આત્માને હિતકારી છે. ૧૧૩.

न साम्येन विना ध्यानं, न ध्यानेन विना च तत्।
निष्कंपं जायते तस्माद्, द्वयमन्योऽन्यकारणम् ॥११४॥

સમતા વિના ધ્યાન નથી અને ધ્યાન વિના તે નિષ્કંપ સમતા નથી. તેથી તે બે અન્યોઅન્ય કારણ છે. ૧૧૪.

(अथ ध्यानस्वरूपं)

मुहूर्त्तान्तर्मनःस्थैर्य, ध्यानं छद्मस्थयोगिनाम्।
धर्म्यं शुक्लं च तद्द्वेधा, योगरोधस्त्वयोगिनाम् ।।११५।।

**(હવે ધ્યાનનું સ્વરૂપ કહે છે.)** – અન્તર્મુહૂર્ત સુધી મનની સ્થિરતાવાળું ધ્યાન છદ્મસ્થ યોગિઓને હોય છે. એ ધર્મધ્યાન તથા શુકલધ્યાન રૂપ બે પ્રકારનું છે. યોગનિરોધરૂપ ધ્યાન અયોગિને હોય છે. ૧૧૫.

मुहूर्त्तात्परतश्चिन्ता, यद्वा ध्यानान्तरं भवेत्।
बह्वर्थसंक्रमे तु स्याद्दीर्घापि ध्यानसन्ततिः ।।११६।।

અન્તર્મુહૂર્ત પછી ચિન્તા થાય અથવા ધ્યાનાન્તર થાય, અને ઘણા અર્થમાં સંક્રમ કરવાથી લાંબા કાળ સુધી પણ ધ્યાનની સંતતિ થાય. ૧૧૬.

(अथ मैत्र्यादिभावना:)

मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थ्यानि नियोजयेत्।
धर्मध्यानमुपस्कर्तुं, तद्धि तस्य रसायनम् ।।११७।।

**(હવે મૈત્રી આદિ ભાવના કહે છે)** - ધર્મ ધ્યાનનો ફરી સંબંધ કરવાને મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થભાવનાઓ જોડે, કેમકે તેજ તેનું રસાયણરૂપ છે. ૧૧૭.

मा कार्षीत् कोऽपि पापानि, मा च भूत्कोऽपि दु:खित:।
मुच्यतां जगदप्येषा, मतिर्मैत्री निगद्यते ।।११८।।

પાપને કોઈપણ ન કરો, કોઈ પણ દુ:ખી ન થાઓ અને જગત કર્મથી મુકાઓ. આવી બુદ્ધિ તે મૈત્રીભાવના કહેવાય છે. ૧૧૮.

अपास्ताशेषदोषाणां, वास्तुतत्त्वावलोकिनाम्।
गुणेषु पक्षपातो य:, स प्रमोद: प्रकीर्तित: ।।११९।।

સર્વદોષોને દુર કરનારા અને યથાર્થ વસ્તુને

જોનારાના ગુણોમાં જે પક્ષપાત તે પ્રમોદ કહેલો છે. ૧૧૯.

दीनेष्वार्त्तेषु भीतेषु, याचमानेषु जीवितम्।
प्रतीकारपरा बुद्धिः, कारुण्यमभिधीयते ॥१२०॥

દીન, આર્ત, ભય પામેલા અને જીવીત માગનારા ઉપર, દુઃખ દુર કરવાની બુધ્ધિને કરૂણા કહેવાય છે. ૧૨૦.

क्रूरकर्मसु निःशंकं, देवतागुरुनिन्दिषु।
आत्मशंसिषु योपेक्षा, तन्माध्यस्थ्यमुदीरितम् ॥१२१॥

ક્રૂર કર્મ કરનારા, નિઃશંકપણે દેવ ગુરૂની નિન્દા કરનારા અને આત્મપ્રશંસા કરનારા ઉપર જે ઉપેક્ષા કરવી તે માધ્યસ્થ ભાવના કહેલ છે. ૧૨૧.

आत्मानं भावयन्नाभिर्भावनाभिर्महामतिः।
त्रुटितामपि संधत्ते विशुद्धां ध्यानसंततिम् ॥१२२॥

આ ભાવનાઓથી પોતાના આત્માને ભાવતો

બુદ્ધિમાન તુટેલી વિશુદ્ધ ધ્યાનની સંતતિને ફરી સાંધે છે. ૧૨૨.

(अथ आसनानि)

तीर्थं वा स्वस्थताहेतुं, यतद्वा ध्यानसिद्धये।
कृतासनजयो योगी, विविक्तं स्थानमाश्रयेत् ॥१२३॥

**(હવે આસનો કહે છે.)** આસનનો જય કરનારા યોગીએ ધ્યાનની સિદ્ધિ માટે સ્વસ્થતાના હેતુભૂત તીર્થ અથવા એકાન્ત સ્થાનનો આશ્રય કરવો. ૧૨૩.

पर्यकवीरवज्राब्जभद्रदंडासनानि च।
उत्कटिका गोदोहिका, कायोत्सर्गस्तथासनम् ॥१२४॥

પર્યંકાસન, વીરાસન, વજ્રાસન, પદ્માસન, ભદ્રાસન, દંડાસન, ઉત્કટિકાસન, ગોદોહિકાસન, અને કાયોત્સર્ગાસન. ૧૨૪.

स्याज्जंधयोरधोभागे, पादोपरि कृते सति।
पर्यको नाभिगोत्तानदक्षिणोत्तरपाणिकः ॥१२५॥

બે જંઘાનો નીચેનો ભાગ પગ ઉપર ખરે છતે અને નાભિ પાસે જમણો તથા ડાબો હાથ રાખવાથી **'પર્યંકાસન'** થાય. ૧૨૫.

वामोऽह्रिर्दक्षिणोरूर्ध्वं, वामोरूपरि दक्षिण:।
क्रियते यत्र तद्वीरोचितं वीरासनं स्मृतम् ।।१२६।।

**ડાબો પગ જમણા સાથળ ઉપર અને જમણો પગ ડાબા સાથળ ઉપર જ્યાં કરાય છે તે વીરપુરૂષને યોગ્ય વિરાસન કહ્યું છે. ૧૨૬.**

पृष्ठे वज्राकृतीभूते, दोर्भ्यां वीरासने सति।
गृह्णीयात्पादर्योर्यत्रांगुष्ठौ वज्रासनं हि तत् ।।१२७।।

**વીરાસન કરે છે તે પીઠ ઉપર બે હાથ વડે વજાકૃતિ બનેલા પીઠ પરથી પગના અંગૂઠા જ્યાં પકડાય છે તે વજાસન છે. ૧૨૭.**

सिंहासनाधिरूढस्यासनापनयने सति।
तथैवावस्थितिर्या तामन्ये वीरासनं विदु: ।।१२८।।

સિંહાસન પર બેઠેલાનું સિંહાસન ખેંચી લીધાં પછી તેવી જ રીતે રહેવું તેને કેટલાક વીરાસન કહે છે. ૧૨૮.

जंघाया मध्यभागे तु, संश्लेषो यत्र जंघया।
पद्मासनमिति प्रोक्तं, तदासनविचक्षणैः ।।१२९।।

જંઘાના મધ્ય ભાગમાં જ્યાં સંબંધ કરવો, તેને આસન જાણનારાઓએ '**પદ્માસન**' કહ્યું છે. ૧૨૯.

संपुटीकृत्य मुष्काग्रे, तलपादौ तथोपरि।
पाणिकच्छपिकां कुर्याद्यत्र भद्रासनं तु तत् ।।१३०।।

લીંગ આગળ પગના બન્ને તળીયા મેળવીને તે ઉપર બે હાથની આંગળીયો માંહોમાંહે ભરાવીને જ્યાં બેસવું તે '**ભદ્રાસન**' છે. ૧૩૦.

श्लिष्टांगुली श्लिष्टगुल्फौ, भूश्लिष्टोरू प्रसारयेत्।
यत्रोपविश्य पादौ तद्दंडासनमुदीरितम् ।।१३१।।

જે આસનમાં બેસીને આંગળીઓ, ગુલ્ફ અને સાથળ

ભૂમિને અડકે તેમ પગ લાંબા કરવા તે 'દંડાસન' કહ્યું છે. ૧૩૧.

पूतपार्ष्णिसमायोगे, प्राहुरूत्कटिकासनम्।
पार्ष्णिभ्यां तु भुवस्त्यागे, तत् स्याद् गोदोहिकासनम्
।।१३२।।

પૂત (ગુદા) અને પાનીનો સંયોગ તે '**ઉત્કટિકાસન**' કહ્યું છે, તથા બંને પાનીઓથી ભૂમિનો ત્યાગ તે '**ગોદોહિકાસન**' થાય. ૧૩૨.

प्रलंबितभुजद्वन्द्वमूर्ध्वस्थस्यासितस्य वा।
स्थानं कायानपेनं यत्कायोत्सर्गः प्रकीर्तितः ।।१३३।।

બેઉ ભુજાઓ લાંબી રાખી ઉભા રહીને અથવા બેસીને કાયાની અપેક્ષા રાખ્યા વિના સ્થિર રહેવું તે '**કાયોત્સર્ગાસન**' કહ્યું છે. ૧૩૩.

जायते येन येनेह, विहितेन स्थिरं मनः।
तत्तदेव विधातव्यमासनं ध्यानसाधनम् ।।१३४।।

જે જે આસન કરવાથી મન સ્થિર થાય તે તે આસન કરવું તેને ધ્યાન સાધન કહેવાય છે. ૧૩૪.

सुखासनसमासीनः सुश्लिष्टाधरपल्लवः।
नासाग्रन्यस्तदृग्द्वन्द्वो, दन्तैर्दन्तानसंस्पृशन् ॥१३५॥

સુખાસને બેસીને, બે હોઠ રૂપી પલ્લોને જોડીને, નાકના અગ્ર ભાગ પર બે આંખો ઠેરવીને, દાંતથી દાંતને ન સ્પર્શતો. ૧૩૫.

प्रसन्नवदनाः पूर्वाभिमुखो वाप्युदङ्मुखः।
अप्रमत्तः सुसंस्थानो, ध्याता ध्यानोद्यतो भवेत् ॥१३६॥

પ્રસન્ન મુખવાળો થઈ, પૂર્વ અથવા પશ્ચિમ દિશા સન્મુખ બેસી, પ્રમાદ રહિત, સારા સંસ્થાનવાળો ધ્યાન કરનાર ધ્યાનમાં તત્પર થાય. ૧૩૬.

॥इति श्रीहेमचन्द्राचार्यविरचिते योगशास्त्रे
चतुर्थः प्रकाशः सानुवादः ॥४॥